# તુકારામ

ભાલચંદ્ર નેમાડે


GJ
891.461 510 92
T 81 N

ભારતીય
સાહિત્યના

GJ
891.461 510
92
T 81 N



INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA






38186

સાહિત્ય અકાદમી, દિલ્હી : પ્રકાશનશ્રેણી

ભારતીય સાહિત્યના નિર્માતા

# તુકારામ

લેખક

ભાલચંદ્ર નેમાડે

અનુવાદક

હીરાલાલ શાહ

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૯

**Tukaram**
*Monograph,* translated into Gujarati by Hiralal Shah
Gujarati Sahitya Parishad, Ahmedabad 380 009
First Edition 2003

© ગુજરાતી સાહિત્ય પરિષદ

GJ
891.461 510 92
T81 N

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૦૩

પ્રત : ૫૦૦

પૃષ્ઠસંખ્યા : ૮+૬૦

કિંમત : રૂ. ૩૫.૦૦

Indian Institute of Advanced Study
117496
15/12/04
SHIMLA

પ્રકાશક : હર્ષદ ત્રિવેદી
પ્રકાશનમંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ
'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ.
અમદાવાદ ૩૮૦ ૦૦૯

Library IIAS, Shimla
GJ 891.461 510 92 T 81 N
00117496

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૬
✆ ૬૫૬૪૨૭૯

મુદ્રક : ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા,
અમદાવાદ ૩૮૦ ૦૦૪

સહયોગ : સાહિત્ય અકાદમી, દિલ્હી

# પ્રકાશકીય

સાહિત્ય અકાદમી (નવી દિલ્હી) દ્વારા ભારતીય સાહિત્યના નિર્માતા શ્રેણીની નીચે મુજબ પુસ્તિકાઓ સાહિત્ય પરિષદને પ્રગટ કરવા માટે સુલભ થઈ છે.

(૧) **દલપતરામ** : ચંદ્રકાન્ત ટોપીવાળા, (૨) **મણિલાલ દ્વિવેદી** : ધીરુભાઈ ઠાકર, અનુ. લાભશંકર પુરોહિત, (૩) **રમણભાઈ નીલકંઠ** : રતિલાલ બોરીસાગર, (૪) **ધૂમકેતુ** : ઇલા નાયક, (૫) **અજ્ઞેય** : રમેશચંદ્ર શાહ, અનુ. સુનીતા ચૌધરી, (૬) **નામ્મલવર** : એ. શ્રીનિવાસ રાઘવન, અનુ. યશોધન જોશી, (૭) **બસવેશ્વર** : એચ. થિપ્પેરુદ્રસ્વામી, અનુ. બિપિન પટેલ, (૮) **તુકારામ** : ભાલચંદ્ર નેમાડે, અનુ. હીરાલાલ પી. શાહ, (૯) **ગાલિબ** : મોહમ્મદ મુજિબ, અનુ. ચાંદબીબી શેખ, (૧૦) **ફણીશ્વરનાથ 'રેણુ'** : સુરેન્દ્ર ચૌધરી, અનુ. બિન્દુ ભટ્ટ

ઉપર્યુક્ત પુસ્તિકાઓ સાહિત્ય અકાદમીએ નિમંત્રણ આપીને પ્રતિષ્ઠિત લેખકો પાસે તૈયાર કરાવી હતી, જેને અંગ્રેજી કે હિન્દીમાં અકાદમી પોતે પ્રગટ કરે છે. આ ઉપરાંતની ભાષાઓમાં પ્રગટ કરવા માટે સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓને અકાદમીએ અનુરોધ કર્યો હતો. લેખકોને પુરસ્કાર અકાદમીએ પોતે ચૂકવ્યો છે તેથી સાહિત્ય પરિષદનો આર્થિક ભાર હળવો થયો છે. અને આવી ગુણવત્તા ધરાવતી પુસ્તિકાઓ સુલભ થઈ છે તેનો આનંદ છે. **ગુજરાતી સાહિત્ય પરિષદે આ પુસ્તિકાઓ મેઘાણી જ્ઞાનપીઠ પ્રકાશનશ્રેણી અંતર્ગત પ્રગટ કરી છે.** અભ્યાસીઓ અને સાહિત્યરસિકોને ઉપયોગી થશે એવી આશા છે.

**હર્ષદ ત્રિવેદી**
પ્રકાશનમંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ

# પ્રસ્તાવના

તેરમા સૈકામાં મરાઠી સાહિત્યે ગદ્ય અને પદ્યમાં પ્રૌઢતા પ્રાપ્ત કરી તે પહેલાં આશરે પાંચસો વરસથી મરાઠી ભાષાએ, આધુનિક ભાષા તરીકે આકાર ધારણ કર્યો હતો. શરૂઆતમાં મરાઠી લેખકોનાં વૃત્તિ-વલણ મુખ્યત્વે ધાર્મિક અને સામાજિક સુધારણનાં હતાં. ચક્રધર, મ્હાઈ ભટ્ટ, નામદેવ, જ્ઞાનદેવ, જનાબાઈ, મુક્તાબાઈ – બધાંએ સંસ્કૃતની પ્રતિસ્પર્ધી ભાષા બની રહે તેવી મરાઠી ભાષાનું સર્જન કર્યું. ત્યાર પછી અઢીસો વરસોના વિશ્રાંતિના સમયગાળા પછી ભક્તિસંપ્રદાયને એકનાથે પુનર્જીવિત કર્યો. તેમના પછી તરત જ તુકારામે પ્રજાજીવનમાં મરાઠી ભાષાને અત્યંત પ્રભાવક શક્તિસ્રોત તરીકે પ્રસ્થાપિત કરી.

તુકારામને ઓળખતી – સમજતી વખતે એક વાત બરોબર ધ્યાનમાં રાખવાની છે કે આપણો યુગ, વિજ્ઞાન અને રાજકારણનો, સમાચારપત્રો અને મનોરંજનનો, વ્યક્તિત્વવાદ અને સૂત્રોચ્ચારનો છે; મનુષ્યોનાં ભૌતિક સુખોને હંમેશાં મહત્ત્વ આપવામાં આવે છે અને સર્જનાત્મક સામાજિક કાર્યો સાથે સાહિત્યનો અનુબંધ જળવાતો નથી. જીવનનાં ધાર્મિક અને આધ્યાત્મિક પરિમાણોથી અપરિચિત એવા આધુનિક વાચકને ભારતીય પરંપરામાં જે વિચારો પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે સ્વીકાર્ય ન પણ હોઈ શકે. અત્યારે તો મુખ્યત્વે આધુનિક વિજ્ઞાન ઉપર જ સવિશેષ ધ્યાન આપવામાં આવે છે, ભાર મૂકવામાં આવે છે. આત્માની અંતર્ગત પ્રકૃતિ કરતાં, અનુભવગમ્ય વાસ્તવિક વિશ્વને અધિક મહત્ત્વ અપાય છે પરંતુ ધાર્મિક દષ્ટિબિંદુ ધરાવતી હજી મોટાભાગની ભારતની પ્રજા અધ્યાત્મવિદ્યાને, જીવનનો એક ભાગ લેખે છે. તુકારામના જમાનામાં પણ આજે છે તેવો આત્માની અંતર્ગત પ્રકૃતિ અને અનુભવગમ્ય વાસ્તવિક વિશ્વ વચ્ચે વિરોધ હતો તે લક્ષમાં રાખીએ તો આપણને તેમના જીવન અને સાહિત્ય સમજવામાં સહાયરૂપ બની રહેશે. ભારત દેશની પોતાની મૂળ સંસ્કૃતિ અસલ સ્વરૂપમાં વિકસવા દેવામાં આવી નથી. તે ઠીંગરાઈ ગયેલા વૃક્ષ જેવી છે. પરદેશીઓની સતત ડખલગીરીને કારણે ભારતમાં ભક્તિ અને યોગ જેવી આગવી શોધોનો વિકાસ થઈ શક્યો નથી. વી. એસ. નાયપાલને કંઈક મોડેથી ધ્યાનમાં આવ્યું કે ભારતની તો 'જખમી સંસ્કૃતિ' છે.

મહારાષ્ટ્રના લાખો ખેડૂતોમાં તુકારામ ખૂબ જ લોકપ્રિય છે. લગભગ બધા જ લોકો તેમના અભંગોમાંની કેટલીક કહેવતો કે પંક્તિઓ જાણતા હોય છે, અનેક લોકોને ઘણીબધી રચનાઓની ખબર હોય છે. કેટલાકે તો તેમની લગભગ તમામ રચનાઓ કંઠસ્થ કરી લીધી છે. મહારાષ્ટ્રના તમામ સંત કવિઓ પૈકી તુકારામનો ચાહકવર્ગ સૌથી વધારે છે. મરાઠી ભાષી પ્રજા ઉપર તુકારામના જબરદસ્ત પ્રભાવની નોંધ ભારતીય તેમજ પરદેશના સાહિત્યક અભ્યાસીઓએ લીધી છે. આજે પણ અષાઢ અને કાર્તિક મહિનામાં તુકારામની રચનાઓનું ગાનકીર્તન કરતા ગ્રામજનોની ભજનમંડળીઓ જોવા મળે છે. સમગ્ર મહારાષ્ટ્રમાંથી આવી મંડળીઓ નીકળી, ભગવાન વિઠ્ઠલના તીર્થક્ષેત્ર પંઢરપુર પહોંચે છે. આ બતાવે છે કે તુકારામ અને બીજા વારકરી સંતોએ, દઢ કરેલી ધાર્મિક પરંપરા, સાહિત્ય, વિનમ્રતા અને પરમાર્થની ભાવના, ગ્રામીણ ભારતમાં હજી પણ પ્રભાવક શક્તિસ્રોત છે. ગ્રામજનો તુકારામના અભંગોને ધાર્મિક ભજનોના એક ભાગ તરીકે ફક્ત ઉપયોગમાં લેતા નથી પરંતુ પ્રસંગોપાત્ત વ્યવહારુ શાણપણના સમર્થનમાં અભંગોની પંક્તિઓ ટાંકતા હોય છે. તુકારામના અભંગોના અંતિમ ચરણમાં આવતા तुकाम्हणे શબ્દો નિર્વિવાદ સત્યના પર્યાય બની ગયા છે. પ્રજાના રોજબરોજના જીવનવ્યવહારમાં બીજા કોઈ કવિની વાણીનો આવી રીતે વારંવાર ઉપયોગ કરવામાં આવતો નથી.

એમ માની લેવામાં આવે છે કે મધ્યકાલીન મરાઠી સાહિત્ય એક વિશાળ વર્તુળનો અથવા અનેક વર્તુળોને મળીને તૈયાર થયેલ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. ખરેખર તો આ સાહિત્યનો ઉદ્દ્ભવ નિઃશંકપણે મુસલમાનોના આક્રમણ સામેના મહારાષ્ટ્રની પ્રજાએ કરેલા પ્રતિકાર વેળાએ, ભારતીય આધ્યાત્મિકતા અને રાજકીય સ્વાતંત્ર્યને હાનિ થઈ રહી હતી ત્યારે થયો હતો. આ સાહિત્ય તો ભારતીય સુધારાવાદી આંદોલનનો એક ભાગ છે. તુકારામ જેવા ક્રાંતિકારી કવિનાં મૂળિયાં આ બધાં ક્ષેત્રોમાં પ્રસરેલાં છે.

તુકારામની રચનાઓનું સ્વરૂપ જ સ્પષ્ટ રીતે સૂચવે છે કે તે ગાવા માટે છે. તુકારામની તમામ રચનાઓનું જતન મૌખિક પરંપરાથી થયું હતું. તેમના અનુયાયીઓએ શ્રવણ કરીને કંઠસ્થ કરેલી તમામ રચનાઓ એકત્રિત કરવામાં આવી છે. તુકારામના કંઠસ્થ કરવામાં આવેલા પાંચ હજાર અભંગોનું ગાન કીર્તન કરનારા અભણ ગ્રામજનો આજે પણ જોવા મળે છે. ત્રણસો પચાસ વરસના સમયગાળા પછી પણ તુકારામના અભંગો એમના દિવસોની જેમ હજી તાજા અને તાજગીભર્યા રહ્યા છે. તેમની ભાષા રોજબરોજના જીવનમાં બોલાતી ભાષા છે. સીધી સાદી સરળ અને પ્રાસાદિક હૃદયસ્પર્શી તેમજ ઉચ્ચ કોટિની. તુકારામની અખંડ લોકપ્રિયતા અને

પ્રતિષ્ઠાના રહસ્યનો તાગ કાઢવો રસપ્રદ છે.

સામાન્ય રીતે આદર્શ સંસ્કૃતિમાં સંતોને પૂજ્ય લેખવામાં આવે છે કારણ કે તેઓએ માનવજાતની અમૂર્ત આધ્યાત્મિક આકાંક્ષાઓ અને રોજબરોજની વાસ્તવિકતાઓનો સમન્વય કરી આપ્યો હોય છે. જ્યારે આવો સમન્વય તેમના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે એ માનવજાતમાં ટકી રહે છે. પ્રજા આવા સાહિત્યમાં આત્મસાક્ષાત્કારની પ્રક્રિયાનો અનુભવ કરે છે. તુકારામ જેવા સંતો અસ્વસ્થ માનવીની કાયમી જરૂરિયાત સંતોષે છે. આવા સંતોએ અનુભવેલો યાતનામય સંઘર્ષ જ્યારે ભાષાના જાદુઈ સ્પર્શથી અભિવ્યક્તિ પામે છે ત્યારે તે બીજાઓ માટે પ્રેરણાસ્રોત બની રહે છે.

કવિ તરીકે તુકારામનું મહત્ત્વ અનન્ય છે. લોકો તેમને તમામ પ્રકારના માનવપ્રસંગો અને પરિસ્થિતિઓના મહાન ભાષ્યકાર તરીકે ઓળખે છે. સંત કવિઓની ખરેખરી કાવ્યપ્રતિભા કરતાં તેમની ધાર્મિકતાના કારણે તેમને મહાન પુરુષો ગણવામાં આવે છે એવો ભારપૂર્વક અભિપ્રાય ધરાવનાર એક વર્ગ છે. કવિઓ તરીકે ભુલાઈ ગયા હોય તેવા સંતો માટે આ વાત સાચી હોઈ શકે, પણ તુકારામ તો મુખ્યત્વે તેમની સાહિત્યિક પ્રતિભાને પ્રતાપે યાદગાર અને જીવંત રહ્યા છે.

બારમા સૈકા પછી રચાયેલી બીજી સાહિત્યકૃતિઓ (જ્ઞાનેશ્વર, દાસબોધ, શ્રીધરની કૃતિઓ) કરતાં તુકારામની રચનાઓ વધારે ચઢિયાતી છે કારણ કે તેમની રચનાઓમાં માનવજીવન પ્રત્યેના કરુણામય દષ્ટિબિંદુની અભિવ્યક્તિ છે, જેનો બીજા સંતકવિઓની રચનાઓમાં અભાવ જોવા મળે છે. તદુપરાંત ભાવકને હંમેશ માટે દૂર રાખનાર સંસ્કૃત પ્રચુર શબ્દસમૂહોના ઉન્નતભ્રૂ બ્રાહ્મણ ભપકા, ઠઠારાઓથી તે મુક્ત છે. નિમ્નતર જાતિ માટેનો લગાવ, તુકારામના વૈશ્વિક દષ્ટિબિંદુમાં હોવાથી, તેમની સાહિત્યિક પ્રતિષ્ઠા પાંગરી ઊઠી હતી. કહેવતોની પંક્તિઓમાં વ્યક્ત કરવામાં આવેલી સર્વસામાન્ય મનુષ્ય માટેની તેમની સાદશ્યતા, નિમ્ન જાતિમાં જન્મ લીધાનું દુઃખ, સમતાના ચાહક તરીકેની સંવેદનશીલ ઉત્કટતા, તેમને જનતાની ખૂબ નિકટ લઈ જાય છે.

તુકારામે સંસારને, રોજબરોજના જીવનને કદીયે તુચ્છ ગણ્યાં નથી; ઊલટું બધા પ્રકારની પીડાઓ અને આપત્તિઓથી જીવન ગુજારતા સર્વસામાન્ય માનવીનું પણ તેમણે ગૌરવ કર્યું છે. આ બધું ભક્તિના કરુણામય પ્રવાહથી ભીંજાયેલું છે. તેઓ કહે છે : "अवधाचि संसार केला ब्रह्मरूपः સમસ્ત સંસાર કર્યો સુખમય"

આ પરિપ્રેક્ષે મરાઠી સાહિત્યમાં વિદ્વત્ જડ પંડિતપરંપરા તોડી નાખી અને સ્ત્રીઓ તેમજ નિમ્ન જાતિઓ બધાને, તુકારામની દુનિયામાં માનભર્યું સ્થાન અપાવ્યું.

મહાનુભાવો, નાથપંથીઓ, ચૈતન્ય સંપ્રદાયીઓ તેમજ જ્ઞાનદેવ – નામદેવ – એકનાથ જેવા સંતકવિઓ અને તમામ જ્ઞાતિઓ, ઉચ્ચનીચ જાતિઓ તેમજ બીજા લોકો વગેરે દ્વારા સમતા અને બંધુતાની પરંપરા શરૂ કરવામાં આવી એટલે તુકારામનાં સમકાલીન સંત કવયિત્રી બહિણાબાઈ કહે છે :

"વારકરી પરંપરાના તુકારામ બની ગયા છે શિખર"

તેરમા સૈકામાં વારકરી સંપ્રદાયની સ્થાપના થઈ, તુકારામ અને બીજાઓએ તેને દઢીભૂત કરી, મુસલમાનો સમેત અનેક જ્ઞાતિઓનો સમાન ધોરણે વારકરી સંપ્રદાયમાં સમાવેશ કરવામાં આવ્યો. આ સંપ્રદાયે ઉદાર હૃદયની સહાનુભૂતિથી મહારાષ્ટ્રમાં બ્રાહ્મણવાદનો સંપૂર્ણ રીતે પરાભવ કર્યો. આ સંપ્રદાયના લોકશાહી સ્વરૂપ અને પ્રભાવે જ્ઞાતિઓના જડ ભેદભાવો તોડી નાખ્યા તેમજ સ્ત્રીઓને વધારે માનભર્યું સ્થાન અપાવ્યું.

તુકારામ મરાઠી સંતોની ભક્તિપરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. એના ફળસ્વરૂપે વીસમા સૈકાના શરૂઆતના સમયગાળામાં થિયોસોફિસ્ટો, ખ્રિસ્તીઓ અને પ્રાર્થનાસમાજ સંપ્રદાયવાળાઓએ પણ તેમના અભંગોને આધ્યાત્મિક ઉન્નતિના પ્રતીક લેખ્યા હતા. ધાર્મિક વિચારધારામાં તુકારામને શાશ્વત સ્થાન આપવાનું કારણ તેમનો આધ્યાત્મિક અનુભવ સાચૂકલો હતો. તેમજ તમામ સાચા મુમુક્ષોને આવો અનુભવ થઈ શકે તેવો હતો. તેમના અભંગો બૌદ્ધિક અને તત્ત્વજ્ઞાનનાં વલણો કરતાં ધર્મના આધ્યાત્મિક તબક્કાઓ ઉપર ભાર મૂકે છે. ખ્રિસ્તી ધર્મ સ્વીકારનાર બ્રાહ્મણ કવિ રેવ. એન. વી. ટિળક (૧૮૬૫-૧૯૧૧) કહે છે :

"તુકારામે બાંધેલા સેતુ ઉપરથી હું ઈસુ ખ્રિસ્તના શરણ સુધી પહોંચ્યો."

*

**વાચકોને વિનંતી :** આ પુસ્તકમાં ઘણી સંદિગ્ધતાઓ, ખાસ કરીને પૂરેપૂરા બિનસાંપ્રદાયકતાવાદી વાચકોને જોવા મળશે. લેખકની આવા વાચકોને વિનંતી છે કે આ પુસ્તકની પૃષ્ઠસંખ્યાની મર્યાદાને કારણે, પોતાની શંકાઓના સમાધાનકારી જવાબો અન્યત્ર મેળવવા પુસ્તકનું વાચન કરતાં, સત્તરમા સૈકામાંના દેહુ નામના નાનકડા ગામનું જીવન નજર સમક્ષ રાખવાનો પ્રયત્ન કરવાનો લેખકનો સાચા દિલથી અનુરોધ છે. પુસ્તકમાંના તુકારામના અભંગોનો બધો અનુવાદ મેં કર્યો છે અને તેની મર્યાદાઓથી હું પૂરેપૂરો સભાન છું.

# અનુક્રમણિકા


૧. પાર્શ્વભૂમિકા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧
૨. જીવન . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૦
૩. તુકારામ : સંત અને કવિ . . . . . . . . . . . . . . . . . . . . ૩૪
૪. નિષ્કર્ષ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૨
૫. પારિભાષિક શબ્દો . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૮

# પાર્શ્વભૂમિકા

છેક તેરમા સૈકાથી મહારાષ્ટ્રે રાજકીય શાંતિ કે સ્થિરતા જોઈ નહોતી. ધાર્મિક અસહિષ્ણુતાના અને રાજકીય કાવાદાવાઓની ઘટનાઓથી ભરચક ત્રણ સૈકાઓનાં ભયાનક સંસ્મરણો કાયમ માટે યાદગાર બની ગયાં છે. તુકારામના જીવનકાળમાં (૧૬૦૮-૧૬૫૦) સમગ્ર દક્ષિણ ભારતમાં ભારે ઉથલપાથલ અને ઉત્પાત ચાલુ રહ્યાં હતાં. આ સમયગાળામાં મરાઠી પ્રજાએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને અસ્મિતા પ્રસ્થાપિત કરવા માટે મરણિયા પ્રયત્નો કર્યા હતા અને શિવાજી સાથે નાના સરખા હિંદુ રાજ્યનો જે પાયો નાખ્યો હતો તે પાછળથી વિકસતો ગયો. દક્ષિણમાં વિજયનગરના એકમાત્ર હિંદુ રાજ્યનો ૧૫૬૫ની સાલમાં બહામનીઓએ નાશ કર્યો. ઉત્તરમાંથી મોગલ સામ્રાજ્યનો ઓકટોપસ દક્ષિણ દિશામાં આગળ ધસી રહ્યો હતો. મોગલોની આગેકૂચનો બહામનીઓના રાજવંશો (અહમદનગર, બિજાપુર, વરાડ, બીડર અને ગોલકોંડા) બહાદુરીપૂર્વક સામનો કરી રહ્યા હતા. બહામનીઓનાં પાંચ રાજ્યો, અંદરોઅંદર લડતાં હતાં. મોગલો અને અહમદનગર વચ્ચેના સતત યુદ્ધથી તુકારામના ગામની આજુબાજુના વિસ્તારની ખાનાખરાબી થઈ હતી.

૧૬૦૮માં તુકારામનો જન્મ થયો તે અરસામાં તો તાપી નદી સુધી આખું ઉત્તર ભારત મોગલ હકૂમત નીચે આવી ગયું હતું. બીડર અને વરાડ પણ મોગલ સામ્રાજ્યમાં વિલીન થઈ ગયાં હતાં. ૧૬૩૬માં જહાંગીર અને શાહજહાંએ અહમદનગર રાજ્ય પણ જીતી લીધું એટલે ઉત્તર મહારાષ્ટ્રમાં શાંતિ નામશેષ થવા પામી. દક્ષિણ ભારતમાં મોગલોની આગેકૂચ ઉપર બિજાપુર અને ગોલકોંડાએ કંઈક અંકુશ મૂક્યો એટલે દક્ષિણ મહારાષ્ટ્ર યુદ્ધભૂમિ બની. અહમદનગરના પતન પછી મોગલો અને બિજાપુરે અહમદનગર રાજ્યના ભાગલા પાડ્યા. તુકારામનો જન્મ થયો હતો તે પૂણેનો વિસ્તાર એટલે કે ભીમા અને નીરા નદીઓ વચ્ચેનો પ્રદેશ બિજાપુર રાજાઓના ભાગમાં આવ્યો.

દક્ષિણમાં મુસલમાન રાજ્યોની શક્તિના મુખ્ય સ્રોત સરંજામશાહી મરાઠા સરદારો હતા. તેઓ આક્રમણકારોની હિંસાને ખાળવામાં સફળ થયા હતા. એટલે

સુધી કે કોર્ટકચેરીઓની ભાષા, તેમની પોતાની ભાષા હતી, જમીન મહેસૂલને લગતો પૂરેપૂરો વહીવટ તેમને હસ્તક હતો.

મોગલો માટે ગોલકોંડા અને બિજાપુરનાં રાજ્યો માથાનાં નીકળ્યાં પરંતુ છેવટે ગોલકાંડાએ શાહજહાંને ખંડણી આપવાનું કબૂલ કરીને મોગલોના આક્રમણને વશ થવું પડ્યું હતું. હવે મોગલોનું એકમાત્ર લક્ષ્ય બિજાપુર રહ્યું. ૧૬૪૬માં શિવાજીનું રાજ્ય શરૂ થયા પછી આ વિસ્તાર મરાઠા-બિજાપુર, બિજાપુર-મોગલો અને મરાઠા-મોગલો વચ્ચે યુદ્ધક્ષેત્ર બન્યો. મોગલો સુન્ની પંથના હતા. દક્ષિણનાં રાજ્યો શિયાપંથી હતાં. રાજકીય સત્તા માટેના યુદ્ધની ભીતરમાં તો ધાર્મિક સંપ્રદાયો વચ્ચે પણ યુદ્ધ ચાલી રહ્યું હતું.

પાશવી સત્તાઓના સતત પ્રગટીકરણથી મરાઠી પ્રદેશનું અર્થતંત્ર લગભગ ભાંગી પડ્યું. બધી સરહદો પર થતી લડાઈઓને લીધે, સામાન્ય રીતે શાંતિપ્રિય ખેડૂત વર્ગની લડાયક વૃત્તિને પ્રોત્સાહન મળતું હતું. ધર્માંધ મુસલમાન સત્તાઓએ હિંદુ વસતિને સામાજિક રીતે નિર્વીર્ય બનાવી મૂકી હતી. પરિણામે પ્રજા તમામ પ્રકારની અમલદારશાહી સમક્ષ સંપૂર્ણ રીતે શરણાગતિ સ્વીકારતી દેખાવા લાગી.

યુદ્ધોએ રાજકીય ગૂંચવાડાઓ ઊભા કર્યા. તેના પરિણામે સમાજમાં પ્રચંડ અવ્યવસ્થા પેદા થવા પામી હતી એટલે સૈકા પછી મહારાષ્ટ્રમાં એકમાત્ર મોટા ગજાના કવિ એકનાથ (૧૫૪૮-૧૫૯૯)ના અપવાદ સિવાય કશુંયે મહાન સાહિત્ય પાંગર્યું નહીં. ચૌદમા, પંદરમા અને સોળમા સૈકાઓ મરાઠી સાહિત્ય માટે વાંઝિયા નીવડ્યા. ત્રણસો વરસોએ એકેય નોંધપાત્ર લેખક પેદા કર્યો નહોતો.

*

આવી અમાનુષી પરિસ્થિતિમાં તુકારામ જેવા સંતોએ જીવવાનું – ટકી રહેવાનું અને ઈશ્વરના રાજ્યનું નિર્માણ કરવાનું હતું. હિંદુઓની ધાર્મિક ભાવનાના નવજાગૃતિ કાળનો એક રાજકીય સંદર્ભ પણ હતો. હિંસા આપમેળે કોઈ સિદ્ધાંત બની શકતી નથી, ખુદ શિવાજીની ધાર્મિક સહિષ્ણુતાની પ્રતિષ્ઠા, ધાર્મિક નવજાગૃતિ કાળમાંથી ઊપસી આવી હતી. શિવાજીએ હિંસાને કદીયે સાધ્ય તરીકે લેખી નથી. તેમણે તો પોતાના વ્યક્તિત્વમાં ઉત્કટપણે આ ધાર્મિક જાગૃતિની નવી આકાંક્ષાઓને અભિવ્યક્ત કરી હતી. તુકારામ તેમજ બીજાઓનો, સામાજિક અને રાજકીય પરિવર્તનોમાં તેમજ ભારતના નવજાગૃતિ કાળમાં પરોક્ષ પ્રભાવ હતો. આ સમયમાં શિવાજીનો ઉદય થયો હતો. પશ્ચિમ ભારત મુસલમાનોના આધિપત્ય નીચે હતું. મુસલમાનોને પરદેશીઓ અને વિધ્વંસકો તરીકે જોવામાં આવતા હતા ત્યારે ખેડૂતોમાં ધાર્મિક નવજાગૃતિ આણવામાં તેમજ પ્રાચીન ધર્મ માટે તેમને વધારે ગૌરવ

લેતા કરવામાં, સંતોના ઉપદેશો ઉપકારક નીવડ્યા. ધીરે ધીરે ભારતીયો માટે ભારતના પુનઃ આગ્રહ માટેનું અખિલ હિંદુ આંદોલન વિકસવા લાગ્યું. આમાં આ સંતકવિઓનું પોતાનું વાજબી અને મહત્ત્વનું સ્થાન હતું. મરાઠી ભાષાની ઉત્ક્રાંતિ અને વિકાસમાં તેઓએ ખૂબ જ રચનાત્મક તેમજ સર્જનાત્મક યોગદાન આપ્યું હતું એ હકીકત છે.

પ્રાચીન સામાજિક સંસ્થાઓ દુશ્મનાવટભરી અસરો હેઠળ પણ ટકી રહી હતી. એમ. જી. રાનડે લખે છે : "આ બધી સંસ્થાઓ પૈકી ગ્રામવ્યવસ્થા કરનારી સંસ્થા-પંચાયત સૌથી વિશિષ્ટ પ્રકારની છે. તે એવી તો શક્તિશાળી રીતે વિકસી છે કે બીજે બધે વિધ્વંસક સાબિત થયેલ બહારની – પરદેશીઓની બધી ડખલગીરીઓની તેના ઉપર કોઈ વિપરીત અસર ન થઈ શકી. પંચાયત પદ્ધતિ સાથેની ગ્રામવ્યવસ્થા આજપર્યંત એવી રીતે જાળવવામાં આવી છે કે તે સરકારનાં ઉચ્ચતમ ધ્યેય અને ધોરણોને સહાયભૂત થતી રહે છે. જમીન ભોગવટો (મહારાષ્ટ્રમાં) દેશના બીજા ભાગો કરતાં વધારે સમાનતાના ધોરણે અને મોટાભાગે લોકશાહી પદ્ધતિનો છે. આ વિશેષતાને કારણે લોકોએ અરસપરસ મદદરૂપ થવાની અને સ્વતંત્રતાની ટેવો ટકાવી રાખી છે. અને ભૂતકાળમાં તેનો સારી પેઠે ઉપયોગ પણ કરી જાણ્યો છે."

સમાજવ્યવસ્થા ઉપર જ્ઞાતિપ્રથાની અસર બાબતમાં એમ. જી. રાનડે કહે છે : '(પેટાજ્ઞાતિઓ) એકબીજામાં ભળી ગઈ નથી, પણ આપણા દેશની લાક્ષણિકતા પ્રમાણે તે એકબીજા પ્રત્યે ઉદાસીનતા જેવી સહિષ્ણુતા દાખવે છે બ્રાહ્મણો અને અબ્રાહ્મણ શૂદ્રો અહીં સમાનતાના ધોરણે એકબીજાના સંપર્કમાં આવતા હોય છે... હકીકત એ છે કે જૂનાંપુરાણાં શાસ્ત્રોનાં લખાણોમાં કહેવાતા શૂદ્રોને જે સામાજિક નીચો દરજ્જો આપવામાં આવતો હતો, તેમાંથી તેઓએ વૈષ્ણવ સંતોની અસર નીચે છુટકારો મેળવ્યો હતો. યુદ્ધ અને શાંતિના સમયમાં જે જે વ્યવસાયો કર્યા તેના આધારે તેઓ ક્ષત્રિયો કે વૈશ્યો તરીકે ઊપસી આવ્યા હતા. શૂદ્રો, મહારોમાંથી જે સંતો અને કવિઓ થયા હતા તેમનો આદર બ્રાહ્મણો સમેત આખો દેશ કરે છે. આવી જ ઉદારમતવાદી અસરો હેઠળ ખુદ મુસલમાનોની કટ્ટરતા નરમ પડી, નહિવત્ બને છે. મુસલમાનોના મહોત્સવોમાં હિંદુઓ સમાન રીતે ભાવપૂર્વક ભાગ લે છે. અને આ ભાવ અને ભાવનાની કદર કરી, મુસલમાનો, ઉત્તર ભારતની તેમની ઉપર થતી અસરોના અપવાદ સિવાય, હિંદુઓ પ્રત્યે સરખો સમભાવ દાખવે છે. કેટલાક મુસલમાન ફકીરોને હિંદુ સંતોની સાથોસાથ ખૂબ માન, આદર આપવામાં આવે છે અને એવા પણ સંતો છે કે જેમને બંને કોમોના લોકો સમાન રીતે આદરણીય

લેખે છે, આવાં વલણો, વૃત્તિઓ, સૈકાઓથી વિકસતાં રહીને રાષ્ટ્રીય ચારિત્ર્યમાં મૂળ સ્થાયી તત્ત્વો રૂપે અંગભૂત બન્યાં છે.''

ધર્મશાસ્ત્રો પુરસ્કૃત સમાજની ચતુર્વર્ણીય જ્ઞાતિવ્યવસ્થામાં કોઈપણ પ્રકારનો ફેરફાર થવાનું શક્ય નહોતું. ખુદ ત્રાહિત મુસલમાન રાજ્યકર્તાઓએ વિવિધ જ્ઞાતિઓનાં સામાજિક રૂઢિઓ અને નિષેધોને માન્ય રાખ્યાં હતાં અને હિંદુ સમાજની ઉચ્ચનીચની જડ શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થાને માન્યતા આપી હતી. તેઓએ હિંદુઓના સામાજિક અને ધાર્મિક ધોરણો આધારિત ન્યાયપદ્ધતિ અપનાવી હતી. ધર્મશાસ્ત્રોમાં નક્કી કરવામાં આવેલી સામાજિક મર્યાદાઓથી હિંદુઓ બંધાયેલા હતા. તુકારામની રચનાઓમાં ઘણા અંશે જ્ઞાતિવ્યવસ્થાની જડતા અને અનિષ્ટોની ટીકાઓ છે તેનો ખુલાસો ઉપર જણાવેલ પરિસ્થિતિમાંથી મળી રહે છે. જ્ઞાન સંપાદનનો અધિકાર બ્રાહ્મણો પૂરતો જ મર્યાદિત હતો અને તે કારણે પરદેશી રાજ્યકર્તાઓની રાજકીય ગુલામી અને ધાર્મિક વેરભાવનો તેઓ ભોગ બન્યા હતા.

સ્વતંત્રતાના નાશમાંથી આત્મસુધારક સામાજિક પ્રણાલીનો નાશ થતો હોય છે અને તેમાંથી આગળ જતાં સામાજિક સંસ્થાઓમાં બંધિયારપણું પેદા થાય છે, બધું સ્થગિત થઈ જાય છે. જ્ઞાતિવ્યવસ્થા આ રીતે સમાજના વિઘટનનું, સમાજને વેરવિખેર કરી મૂકવાનું કારણ – સાધન બન્યું. આ સમયગાળામાં સંતકવિઓએ સાચી રીતે જ્ઞાતિવ્યવસ્થાની કર્કરોગ (કેન્સર) જેવી પ્રકૃતિનું નિદાન કર્યું અને શરૂઆતમાં પોતપોતાના ધર્મસંપ્રદાયોમાંથી જ્ઞાતિવ્યવસ્થાના અનિષ્ટોને નાબૂદ કરવાનો નિર્ણય કર્યો. સ્વતંત્રતા માટેની લડત કરવાની જરૂર, ફક્ત રાજકીય ક્ષેત્રે જ નહીં, પરંતુ ધાર્મિક ક્ષેત્રે પણ વરતાતી હતી. મરાઠી સત્તાના ઉદયના સમયમાં સામાજિક ક્ષેત્રે, સંતો અને પયગંબરોની આકાશગંગા દેખાવા લાગી હતી. તેઓ તમામ જ્ઞાતિઓ અને ઉચ્ચનીચ ગણાતા વર્ગોમાંથી આવેલા હતા. તેમાં મરાઠાઓ (કણબીઓ) દરજીઓ, માળીઓ, કુંભારો, સોનીઓ, પશ્ચાત્તાપદગ્ધ વેશ્યાઓ, ગુલામ છોકરીઓ અને બહિષ્કૃતોનો પણ સમાવેશ થતો હતો. આ ધાર્મિક પરિવર્તન સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ઉચ્ચતર કક્ષાની આધ્યાત્મિકતાની અસર કેવળ કોઈ એક વર્ગ પૂરતી સીમિત રહી નહોતી, પરંતુ સમાજના તમામ સ્તરોમાં, ભણેલા અને અભણ, સ્ત્રી અને પુરુષ, હિંદુ અને મુસલમાન સૌમાં એકસરખી રીતે ઊંડે ઊતરી ગઈ હતી. ભારતના સમાજસુધારણા આંદોલનની આ અનન્ય લાક્ષણિકતા, વિશેષતા છે એનું પ્રતિનિધિત્વ કરનારા નાનક, ચૈતન્ય, રામાનંદ, કબીર, નરસિંહ મહેતા, ચંડીદાસ, જયદેવ, વિદ્યાપતિ, તુલસીદાસ, સુરદાસ, મીરા, જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઈ ચોખામેલા, રવિદાસ પુરંદરદાસ, એકનાથ, સાાવતા માળી, નરહરિ ગોરા, સેના અને

તુકારામ જેવાનાં દષ્ટાંતો છે. બધા સમાજોમાંથી આવેલા આ પ્રબુદ્ધ મહાત્માઓ ક્રાંતિકારી જુસ્સાથી બંધુત્વ અને એકેશ્વરવાદની ભાવના માટે દેશભરમાં જાગૃતિ લાવવા પ્રતિબદ્ધ હતા.*

છેક દક્ષિણ ભારતમાં ઉદ્‌ભવેલો ભક્તિસંપ્રદાય, ચૌદમા સૈકા દરમિયાન તમામ પ્રાદેશિક વિવિધ ઉપાસના પદ્ધતિઓ સમાવી લઈને ભારતભરમાં ઝડપભેર પ્રસર્યો. ભક્તિ સંપ્રદાયની તુલના પ્રોટેસ્ટન્ટ આંદોલન સાથે કરી શકાય. પ્રોટેસ્ટન્ટોએ સર્વશ્રેષ્ઠ કહેવાતી લૅટિન ભાષાનો વિરોધ કરી ફક્ત બાઈબલને માન્ય રાખ્યું અને પોપના સર્વસત્તાધીશપણા સામે વિદ્રોહ કર્યો. ભારતમાં સંતો, કમનસીબે સંખ્યાબંધ પ્રદેશો અને ભાષાઓમાં વહેંચાયેલા છે. તેથી તેઓની એકંદર કામગીરીનું કદીયે યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી. ભારતના સંતોએ પણ બ્રાહ્મણોના અત્યંત વર્ચસની સતત ટીકાઓ કરી, કર્મકાંડો તેમજ ધાર્મિક વિધિઓનો વિરોધ કર્યો. વિશેષ અધિકારો ભોગવતા શિક્ષિત વર્ગની ધર્મશાસ્ત્રોના અધ્યયન બાબતમાં એકાધિકાર વાદ નષ્ટ કર્યો. તેમણે સંસ્કૃતને બાજુએ મૂકી લોકભાષા અપનાવી. મૂર્તિપૂજાને આપવામાં આવતું વધુ પડતું મહત્ત્વ એકદમ ઘટાડી દીધું અને પંઢરપુરના વિઠ્ઠલ જેવા એક જ ઈશ્વરના સમાન છત્ર હેઠળ બધા ભક્તજનોને એકત્રિત કર્યા. તુકારામના સમયમાં આર્યો દ્રવિડો અને આદિવાસીઓના પ્રાથમિક સ્વરૂપના દેવદેવતાઓનો ભારે ભરાવો હોવાને કારણે હિંદુત્વના સર્વેશ્વરવાદી આધ્યાત્મિક સ્તર પર ગૂંચવાડો ઊભો થવા પામ્યો હતો. સંતોએ આવા સામાન્ય ઈશ્વરોની ઉપાસનાનો સખત વિરોધ કર્યો. ટૂંક સમયમાં તો હિંદુઓના મનમાં ઈશ્વર પ્રત્યે નૂતન આસ્થા બરોબર ઠસાવીને વિઠ્ઠલ સંપ્રદાયે હજારો લોકોને આકર્ષ્યા હતા.

*

હિંદુ ધર્મના સંતોના મન ઉપર મુસલમાનોની એકેશ્વરવાદમાં શ્રદ્ધા અને માન્યતાનો ખૂબ પ્રભાવ પડ્યો હતો. સંતોએ, રામ અને રહીમ એક જ છે એવો લોકોને ઉપદેશ આપવા માંડ્યો અને ઔપચારિક ધાર્મિક વિધિઓ અને જ્ઞાતિજાતિના ભેદભાવમાંથી છુટકારો મળવાની ખાતરી આપવા માંડી તેથી મહારાષ્ટ્રમાં આ પ્રભાવ વધારે અસરકારક બન્યો. સંતોના આ તત્ત્વજ્ઞાને લોકોને માનવીપ્રેમ માટે એકત્રિત

* ભારતના પશ્ચિમ કિનારા ઉપર વસતી પ્રજામાં ખ્રિસ્તી ધર્મની ખૂબ અસર પડી ચૂકી હતી. એથી સહેજે તર્ક કરી શકાય છે કે પ્રવાસી ખ્રિસ્તી મિશનરીઓના સંપર્કમાં કેટલાક સંતો આવ્યા હોય. ફાધર સ્ટીફેન્સ (૧૫૪૯-૧૬૧૯) નામના એક જેસુએટ મિશનરી, કાવ્યના છંદો, શબ્દોની પસંદગી અને ઉપયોગ તેમજ મરાઠી સંતોની કાવ્યરચનાઓથી પૂરેપૂરા પરિચિત હતા. તેમણે મરાઠી ભાષામાં 'ખ્રિસ્ત પુરાણ' લખ્યું હતું એ હકીકત આપણા અવલોકનને સમર્થન આપનારી છે.

થવા અને એક જ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનો આગ્રહ કર્યો. બીજી બાજુ આવી એકતાને કારણે અસહિષ્ણુ મુસલમાન રાજ્યકર્તાઓ હિંદુ સંતો પ્રત્યેના વલણ-વર્તનમાં ઉદાર બન્યા હોય. વળી મહારાષ્ટ્રમાં અબુલ ફઝલ અને ફૈઝી, અકબર અને દારા શુકો (શાહજહાનો સૌથી મોટો પુત્ર), કબીર અને શેખ મહંમદાને પણ રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાનતા જગાવવાના પ્રયત્નો કર્યા હતા. હિંદુ-મુસલમાન એકતા નિર્માણ કરવાનું સંતોનું સ્વપ્ન ભારતમાં સાકાર થતું જાય છે. દુનિયામાં બીજે ક્યાંયે મુસલમાનો આવી રીતે પરાયા ધર્મમાં ભાગ લેતા થઈ ગયા હોય તેવું જોવા મળતું નથી.

તેમ છતાં આ ચિત્ર સંપૂર્ણ નથી. ભારતમાં નવજાગૃતિ અને સનાતની આવેશ બંને સાથે સાથે સક્રિય હતા. સંતો દ્વારા આધ્યાત્મિક સ્તર ઉપર રાષ્ટ્રીય એકતા નિર્માણ કરવાનું શક્ય બન્યું, પરંતુ સામાજિક સ્તર પર તેઓ પૂરેપૂરા સફળ થયા નહોતા. સનાતનીઓ પહેલાંના જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની તેમની શક્તિના જોરે હજી વર્ચસ ધરાવતા હતા. મહારાષ્ટ્રમાં પેશવાના શાસન દરમિયાન આ વર્ગે ફરી સત્તા હાંસલ કરી તેથી અઢારમા સૈકાના અંત ભાગમાં બ્રાહ્મણોની કટ્ટરતાનો સૂર્ય તપવા લાગ્યો. આ ઉપરથી સાબિત થાય છે કે ઐતિહાસિક દૃષ્ટિએ સંતોનું આંદોલન હકીકતે પ્રોટેસ્ટન્ટ નહોતું – મવાળ હતું. મહારાષ્ટ્રના સામાજિક સ્તરે તેમની સિદ્ધિ હતી; પાશવી શક્તિના સ્થાને ધાર્મિક જાગૃતિ આવી અને અસહિષ્ણુતા ઉપર અંકુશ મુકાયો.

એ સમયમાં આંધળી ઉપાસના કાયદો હતી અને બૌદ્ધિક વિચારણા નાપસંદ કરવામાં આવતી એમ તુકારામની રચનાઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે. ધાર્મિક વિધિઓ અને કોઈપણ પ્રકારની વિદ્યાપ્રાપ્તિનો ઇજારો બ્રાહ્મણોનો હતો. પોતાની સામાજિક પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા આ વારસો ચાલુ રાખવાનું તેમને માટે આવશ્યક હતું. મરાઠી સંતોની આખી પરંપરાએ (નાથ, મહાનુભાવ, ગોસાવી, વારકરી અને દત્ત સંપ્રદાય) આ શોષણને પડકારવાનો સંકલ્પ કર્યો. આધ્યાત્મિક મોક્ષના ક્ષેત્રમાં અસમાનતા અને સ્ત્રીઓ તેમજ શૂદ્રો પ્રત્યે દાખવવામાં આવતા ભેદભાવને ધાર્મિક માન્યતા હતી. પોતાના રૂઢિચુસ્ત ઇજારાશાહી હકોને કાયમ રાખવામાં બ્રાહ્મણોનું સ્થાપિત હિત હતું, આ બાબતમાં તેઓ નિરંકુશ હતા. આ જ બ્રાહ્મણોને પરદેશી રાજ્યકર્તાઓની સેવાચાકરી કરવા, દીવાનો, દેશપાંડેઓ અને કુલકર્ણીઓ બનવામાં કોઈ શરમ, સંકોચ કે દુઃખ થતું નહોતું. એમની પાછળ પાછળ, બીજી જ્ઞાતિઓ પણ મુસલમાન રાજ્યકર્તાઓ પ્રત્યેની પૂરી વફાદારીથી દેશમુખો અને જાગીરદારો બન્યા. અસમાનતા અને અન્યાયના વિષમ વાતાવરણમાં સમગ્ર સમાજ શ્વાસોશ્વાસ લઈ રહ્યો હતો.

બ્રાહ્મણોના વિચારો અને આચરણોમાંનાં આવાં વલણો ઉપર સંતોએ જોરદાર હુમલાઓ કર્યા અને એમ કરતાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગને વખોડી કાઢી. આ બંને માર્ગો કરતાં ભક્તિમાર્ગને વધારે શ્રેષ્ઠ માર્ગ તરીકે સમર્થન કર્યું. ભક્તિ એ સાધન નહીં, બલ્કે સાધ્ય છે, જ્ઞાન અને કર્મ કરતાં ઉચ્ચ છે. એ જીવનનું તત્ત્વજ્ઞાન છે. જેમની ઉત્પત્તિ વિશે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી એ વિઠ્ઠલ જેવા એક 'નવા' ઈશ્વરની પ્રવર્તમાન દેવદેવીઓને દબાવી દેવા, પ્રતિસ્પર્ધી ઈશ્વર તરીકે સ્થાપના કરવામાં આવી. તુકારામ જેવા સંતોએ પણ ઈશ્વર વિઠ્ઠલને ઉચ્ચ સ્થાને મૂકવા માટે તમામ દેવદેવીઓની હાંસી ઉડાવી હતી. આ વિદ્રોહ ઘણા મોટા અંશે સફળ નીવડ્યો હતો. વિઠ્ઠલની ખૂબ મોટા પ્રમાણમાં ઈશ્વર તરીકે ઉપાસના થવા લાગી. તમામ મરાઠીભાષી લોકો, તમામ વર્ગના લોકો, પુરુષો અને સ્ત્રીઓ, બધા જ પંઢરપુર તરફ એકસરખી રીતે આકર્ષવા લાગ્યા.

વારકરીઓનો ભક્તિસંપ્રદાય લોકોના વતી હતો. આ સંપ્રદાયે વૈશ્વિક ઈશ્વરની પવિત્રતા, નિર્ભયતા અને આંતરિક શાંતિની નવી નીતિનું નિર્માણ કર્યું હતું. 'વારકરી' શબ્દનો સામાન્ય અર્થ 'સમયનું પાલન કરનાર' થાય છે. વારકરી નિયત સમયે નિયમિત રીતે પંઢરપુર દેહુ (તુકારામનું જન્મસ્થાન)ની અવશ્ય યાત્રા કરતા હોય છે. દારૂ અને વ્યસનોથી દૂર રહેવાનાં, તુલસીની માળા પહેરવાનાં, તમામ પ્રકારનાં પાપોને વખોડવાનાં, તેને ત્યાજ્ય ગણવાનાં તેમજ બીજાનું કલ્યાણ કરવાનાં વ્રતોનું પાલન વારકરી સંપ્રદાય કરે છે. નાતજાતના ભેદભાવોની અવગણના તેમજ સામાજિક વ્યવહારોમાં સાદાઈ જેવી આ બે બાબતોમાં લોકશાહી પ્રભાવની અસર પડી. તેથી વારકરી સંપ્રદાયે શાંતિના માર્ગે બ્રાહ્મણોના વર્ચસનો સારી પેઠે પ્રતિકાર કર્યો. લોકોના વધારે પડતા સક્રિય સાંસ્કારિક જીવનવ્યવહારમાં આસક્તિ ઓછી કરાવવામાં સ્વાભાવિક રીતે વારકરી સંપ્રદાયના નીતિનિયમો મદદરૂપ થયાં.

દ્વૈત-અદ્વૈતના નિરર્થક વાદવિવાદમાં ઊતર્યા વિના, વારકરી સંતોએ વ્યવહારમાં સાદા સરળ અદ્વૈતવાદને અપનાવ્યો. પરમતત્ત્વ તો કોઈ પણ ગુણધર્મથી પર, દ્વૈત-અદ્વૈતથી પર છે. વૈશ્વિક ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધ્યા પછી – તે ઈશ્વર શિવ હોય કે વિષ્ણુ કે બીજા કોઈ ભૌતિક બંધન ધીરે ધીરે છૂટી જાય છે અને ત્યાર પછી પરમાત્માનો સાક્ષાત્કાર થઈ રહે છે. દરેક સંતનું અંતિમ લક્ષ્ય, વિશ્વની ચેતના પોતાના શરીરમાં વ્યાપી રહે એવી અવસ્થા પ્રાપ્ત કરવાનું હોય છે, તે સમયે સમાજનો, સંસારનો ત્યાગ કરીને અરણ્યમાં જવાની જરૂર નથી. વારકરી સંતો સાંસારિક જીવન સાથેનો પોતાનો સંબંધ ક્યારેય તોડી નાખતા નથી. જે પીંજરામાં માણસનો જન્મ થયો છે તેમાંથી છટકીને બીજા પીંજરામાં જવાની જરૂર નથી.

તુકારામ કહે છે : ''સંસાર માયા છે એવું જે મનુષ્યની બુદ્ધિથી જણાય છે તે અર્ધસત્ય છે.'' આવી રીતે મહારાષ્ટ્રમાં સંતોએ દુન્યવી અને આધ્યાત્મિક જીવનનો અનન્ય સમન્વય કરી આપ્યો હતો.

નામદેવ અને જ્ઞાનદેવે તેરમા સૈકામાં વારકરી પરંપરાનો પાયો નાખ્યો. તમામ જ્ઞાતિઓને એકત્રિત કરી, તેમણે વિઠ્ઠલ સંપ્રદાય માટે મજબૂત સંગઠન ઊભું કર્યું. બૌદ્ધ અને જૈન તત્ત્વજ્ઞાનથી તેઓ પ્રભાવિત તો હતા તેમજ શંકરના માયાવાદ સમેત ભારતીય તત્ત્વજ્ઞાનનાં બધાં મુખ્ય શાસ્ત્રોનો પણ તેમને પરિચય હતો. સંતોએ કર્મનો સિદ્ધાંત, પુનર્જન્મ, મોક્ષ અને ચતુર્વર્ણીય વ્યવસ્થાના મૂળભૂત વિચારોનો પૂરેપૂરો ત્યાગ કર્યો નહોતો, પરંતુ આ વિચારોનું નવેસરથી ક્રાંતિકારી અર્થઘટન કરી, પોતાની કૃતિઓ રચી. સમાજની નિમ્ન અને નિમ્નતર જ્ઞાતિઓને ધ્યાનમાં રાખીને આવા નવા વિચારો રજૂ કરવા માટે, સાહિત્ય રચવામાં આવ્યું. તેમના તત્ત્વજ્ઞાને સંસ્કૃત વિદ્યાની આગવી પ્રતિષ્ઠા સફળતાપૂર્વક નષ્ટ કરી દીધી. તેરમા સૈકામાં જ્ઞાનદેવે સંસ્કૃતની કૂટ સમસ્યાના ઉકેલ શોધવાની પ્રક્રિયા શરૂ કરી હતી, જે સત્તરમા સૈકામાં તુકારામે પૂર્ણ કરી.

સાહિત્યિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓના માધ્યમ તરીકે મરાઠી ભાષાનો ઉપયોગ કરી સંતોએ તેને પ્રતિષ્ઠિત કરી. નામદેવ જેવા સંતોએ તો ગ્રામીણ સમુદાયોમાં, ભજનકીર્તનો અને વ્યાખ્યાનોમાં ઉપદેશો દ્વારા નવા વિચારોને લોકપ્રિય બનાવ્યા. શ્રમજીવી લોકોને તેમની ભાષામાં શિક્ષિત કર્યા. રૂઢિચુસ્ત વૃત્તિ વલણોને ખુલ્લાં પાડ્યાં અને ધાર્મિક વિધિઓ સાદી સરળ બનાવવા હિમાયત કરી. તેમણે પોતાના શ્રોતાઓને દયા, ક્ષમા, શાંતિ, સહિષ્ણુતા, ઉદારતા, દાનવૃત્તિ અને સેવા જેવાં બીજાં નૈતિક મૂલ્યો અપનાવવા પ્રેર્યા. ત્યાર પછીના સૈકાઓ સુધી આવી રીતે કીર્તન, ધાર્મિક અને રાજકીય જાગૃતિનું અત્યંત અસરકારક સાધન બની રહ્યું. સંતોએ ખાસ કરીને સંન્યાસ અને તેના જેવાં પલાયનવાદી વલણોનો તીવ્ર વિરોધ કર્યો અને લોકોને વિચારો અને કાર્યોમાં આક્રમક લડાયક વલણ દાખવવા પ્રોત્સાહિત કર્યા, આવા વલણની સિદ્ધિનું શ્રેષ્ઠ ઉદાહરણ રામદાસ છે, જેમના પ્રતાપે મરાઠી રાજ્યની સ્થાપના તથા હિંદુ સમાજના સંગઠનનું કામ સંપન્ન થયું.

વારકરી આંદોલનને કેવળ ધાર્મિક આંદોલન તરીકે જોવું ભૂલભરેલું છે, કારણ કે તેના આગેવાનોના મુખ્ય ઉદ્દેશો તો સમાજમાં છવાઈ ગયેલાં અનિષ્ટોને ઉખેડી નાખવાના હતા. દુન્યવી જીવન અને આધ્યાત્મિક જીવન માટે ઉપયોગી એવી આચારસંહિતા અપનાવવાની સંતોએ લોકોને હિમાયત કરી હતી. બધા સંતોએ ભેગા થઈને એવા વાતાવરણનું નિર્માણ કર્યું હતું કે જેમાં વંશો, સમૂહો, જ્ઞાતિઓ, પંથો,

ધર્માંધતા – આ બધું જ ઓગળી જઈ, વિલીન થઈને એક સામાજિક ઐક્ય બની રહે. સંતોએ સામાજિક એકતા અને બંધુતાની હિમાયત કરી, ભેદભાવ, વર્ણવ્યવસ્થા, દાંભિકતા, પ્રમાદીપણું, બ્રાહ્મણોના અર્થહીન કર્મકાંડ, નામશેષ કરવા ખૂબ પ્રયત્નો હાથ ધર્યા. એવા સમયમાં સંતોએ કામ કરવાનું હતું કે જ્યારે અવનતિના માર્ગે જઈ રહેલા હિંદુ દષ્ટિબિંદુવાળું જીવન લોકોને જીવવાનું હતું અને તેમાંથી છુટકારો મેળવવાની કોઈ શક્યતા દેખાતી નહોતી. ગમે તેટલા સખત પ્રયત્નો અને પરિશ્રમ કરવા છતાં પણ ગરીબી અને ભૂખમરો, દુઃખો અને યાતનાઓનો અંત આવવાનો નથી એવો લોકોને અનુભવ અને પ્રતીતિ થયાં હતાં. નૈતિકતા, તત્ત્વજ્ઞાન કે કળા, કોઈ પણ ધર્મનો પર્યાય નહીં બની શકે એવી માન્યતા પેઢી દર પેઢી પ્રવર્તતી આવી હતી.

આવા સમયમાં જન્મેલા અને આવી પરિસ્થિતિ અને પરંપરામાં કામ કરતાં કરતાં, તુકારામે દૈવી કૃપા અને અંતઃપ્રજ્ઞાથી ધર્મના પર્યાયો તરીકે, સદ્‌વર્તન, સદ્‌વિચાર, તત્વજ્ઞાન અને કળાને પ્રસ્થાપિત કર્યાં. બાહ્યસ્વરૂપને બદલે અંતઃકરણશુદ્ધિ કરવાની તેમણે હિમાયત કરી. તેમના સમયમાં તેઓ સર્વથી શ્રેષ્ઠ આદરણીય વ્યક્તિવિશેષ બની ગયા. બ્રાહ્મણોના હકદાવાઓ સામે, એક શૂદ્રનો ધાર્મિક માર્ગદર્શક તરીકે, હિંદુ સમાજમાં સ્વીકાર કરવામાં આવ્યો છે એ હકીકત તુકારામને સમગ્ર જીવન દરમિયાન, લાંબા કાળ સુધી કેવો આત્મસંઘર્ષ ચાલુ રાખવો પડ્યો હશે તે સમજવામાં મદદરૂપ બની રહે તેમ છે.

# જીવન

તુકારામના જીવન વિશે પારંપરિક માહિતી અને દંતકથાઓ એવી તો ભેળસેળ થઈ ગઈ છે કે તેમાંથી તેમના જીવન વિશેની આધારભૂત માહિતી કોઈપણ રીતે જુદી તારવવાનું કામ સહેલું નથી. તેમના જીવન વિશેની માહિતીનો આધારભૂત સ્રોત તેઓ અદૃશ્ય થયા ત્યાર પછી એકસો પચીસ વરસે એટલે કે ૧૭૭૪માં લખવામાં આવેલા મહિપતિ તાહરાબાદકરના 'ભક્ત લીલામૃત' ગ્રંથમાં છે. તુકારામના જીવન અને કાર્યને લગતી બારીક વિગતો તેમજ તેમના જીવનના પ્રસંગો, ઘટનાઓને લગતા સાંયોગિક પુરાવાઓના આધારે આ જીવનચરિત્ર તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં તુકારામને એક લાક્ષણિક અને વિલક્ષણ સંત તરીકે આલેખવામાં આવ્યા છે. આદરણીય વિભૂતિ વિશેની દંતકથાઓમાં ઉમેરો થવા માટે એકસો પચીસ વરસનો સમયગાળો પૂરતો છે. મહિપતિ, તેમના દળદાર ગ્રંથમાં સમાવવામાં આવેલી તુકારામના જીવનને લગતી માહિતી તેમને ક્યાંથી મળી, તેમણે ક્યાંથી મેળવી એ વિશે જરા પણ અણસારો આપતા નથી. બનવાજોગ છે કે અજ્ઞાત લેખકોએ એકત્રિત કરેલી સામગ્રીના આધારે મહિપતિએ પોતાનો ગ્રંથ તૈયાર કર્યો હશે. મહિપતિના ગ્રંથમાં તુકારામ પ્રત્યેના અહોભાવનો અતિરેક છે તેમજ જેમાં તુકારામનું ગૌરવ કરવા માટે જે ઘણી વિગતો આપવામાં આવી છે તે શંકાસ્પદ અને અસંગત જણાય છે.

તુકારામના જીવન વિશેની માહિતીનો એક બીજો મહત્ત્વનો સ્રોત, તુકારામના પોતાના અભંગો છે. કેટલાક અભંગોમાં તેમના જીવનની અનેક ઘટનાઓના આડકતરા ઉલ્લેખોનો સમાવેશ થયેલો છે. તેમાંથી તુકારામના આંતરિક સંઘર્ષ તેમજ બાહ્ય મુશ્કેલીઓ વિશે જાણવા મળે છે. કેટલાક અભંગોમાંથી મળતી માહિતી અને મહિપતિએ એકત્રિત કરેલી માહિતીમાં સામ્ય છે, પરંતુ તુકારામની રચનાઓનો આધારભૂત પાઠ ઉપલબ્ધ નથી એટલે એ બાબતમાં અનિશ્ચિતતા પ્રવર્તે છે. જે તે સમયે તુકારામના જીવનમાં પ્રસંગો, ઘટનાઓ બન્યાં ત્યારે તુકારામે અભંગો રચ્યા હતા એટલે તે તે સમયગાળામાં તુકારામના સંજોગો, લાગણીઓ અને વિચારો તેમાં પ્રતિબિંબિત થયેલાં છે. તુકારામના નામે ચઢેલી કોઈ પણ રચનાની સચ્ચાઈ કે તેના

કાળ વિશે આપણને એકદમ ખાતરી મળતી નથી. તેમ છતાં તેમની રચનાઓ ખાસ કરીને અંતઃપ્રજ્ઞા આધારિત હોવાથી તેમાં આપણને તેમના સમગ્ર આધ્યાત્મિક જીવનનું દર્શન મળી રહે છે.

તુકારામના જીવનચરિત્રના આધુનિક લેખક શ્રી વા. સી. બેન્દ્રેએ તુકારામના જીવન વિશે ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ તથા સવિશેષ સૂક્ષ્મ દષ્ટિએ લખ્યું છે. તેમણે લખાણમાં, આકર્ષક અને કાલ્પનિક દંતકથાઓ વિશેનો મોહ અને અહોભાવ ટાળી દીધો છે. તેમ છતાં તુકારામના મહાન વ્યક્તિત્વનો વિચાર કરતાં, તેમના વિશેની બધી જ પરંપરાગત અને પ્રચલિત દંતકથાઓ પ્રત્યે દુર્લક્ષ સેવી શકાય તેમ નથી. કારણ કે આવી દંતકથાઓ ગમેતેવી અસ્વાભાવિક અને અવાસ્તવિક લાગતી હોવા છતાં તે તુકારામના મહાન અને ભવ્ય વ્યક્તિત્વની દ્યોતક છે.

આધુનિક સંશોધનોને આધારે, સામાન્ય રીતે માનવામાં આવે છે કે ઈ. સ. ૧૬૦૮માં પૂણે નજદીક ઈન્દ્રાયણી નદીના કિનારે વસેલા દેહુ નામના ગામમાં તુકારામનો જન્મ થયો હતો. તેમનું કુટુંબ પ્રતિષ્ઠિત હતું અને સાત પેઢીઓથી તેમને વારસાગત ઘરની પાસે ૧૫ એકર સિંચાઈવાળી જમીન (ઇનામમાં) મળી હતી. આ ઘરની પાસે આવેલા વારસાગત ખેતરમાં વિઠ્ઠલનું મંદિર હતું, તેમના વડવાઓ, ઘણું કરીને ફક્ત અઠવાડિક બજારના દિવસોમાં કરિયાણાની દુકાન ચલાવતા હતા; અને નાના ગામમાં નાણાંના ધીરધારનો થોડોક ધંધો પણ કરતા હતા.

તુકારામના પિતા બાલ્હોબા અને માતા કનકાઈને ત્રણ દીકરાઓ અને બે દીકરીઓ હતાં. તુકારામ તેમનો બીજો દીકરો હતો. તુકારામ પોતાની જાતને કણબી (ખેડૂત) કહે છે. સત્તરમા સૈકાની બ્રાહ્મણવાદની શ્રેણીવ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણો સિવાયના બીજા બધા લોકોને, શૂદ્ર કહેવામાં આવતા હતા. (મહારાષ્ટ્રની તમામ જુદી જુદી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓની અખિલ મહારાષ્ટ્રીયન રાજકીય ઓળખ, અત્યારે 'મરાઠા' સંજ્ઞાથી થાય છે) તુકારામની કૌટુમ્બિક અટક મોરે (મરાઠી જ્ઞાતિનું નામ) હતી. તુકારામના વડવાઓ ગોસાવી સંપ્રદાયના અનુયાયીઓ હતા. ગોસાવીઓ ગૃહસ્થાશ્રમી હોવાથી હિંદુ જાતિ વ્યવસ્થા કરતાં વિશાળ ધાર્મિક વ્યવસ્થામાં વિશ્વાસ રાખતા હતા. ગોસાવી હોવા છતાં તેઓ સાત પેઢીઓથી વિઠ્ઠલના ભક્તો હતા. તુકારામના કુટુંબનો આવી રીતે નામદેવ, જ્ઞાનદેવ અને એકનાથના મહાન વારકરી સંપ્રદાય, પરંપરાઓ સાથે સંબધ હતો, તુકારામે તેમની કિશોર અવસ્થામાં, વારકરી સાહિત્ય વાંચ્યું જ હશે. ગોસાવી કુટુંબના હોવાથી ગીતા, ભાગવત જેવા આવશ્યક ગ્રંથો પણ વાંચ્યા હોવા જ જોઈએ.

તુકારામની રચનાઓ ઉપરથી જણાય છે કે તેમને પોતાનાં માબાપનો સંપૂર્ણ

પ્રેમ મળ્યો હતો અને તેમના કુટુંબની આર્થિક સ્થિતિ પણ ઠીકઠીક સારી હતી. નાનપણમાં તેઓ ઢોરઢાંખરની દેખરેખ રાખતા હશે અને ગામડાંમાં બાળકો પાસે અપેક્ષા રાખવામાં આવે છે તેમ પોતાના કુટુંબની માલિકીના ખેતરની રખેવાળી પણ કરતા હશે. ધાર્મિક અને સામાજિક રીતરિવાજોવાળા લાક્ષણિક ગ્રામજીવને તેમના ચારિત્ર્યઘડતરમાં મહત્ત્વનો પ્રભાવ પાડ્યો હતો.

સુંદર ઈન્દ્રાયણી નદી, સંયુક્ત કુટુંબના પ્રેમાળ સંબંધો, મનોરમ્ય ગ્રામ્ય પ્રદેશ અને ગામડાંના બાળકની કુદરતના ખોળે રમવાની જિંદગીએ તેમના મન ઉપર ઊંડી અસરો પાડી. ગામડાંની રમતો વિશે તેમના અભંગોમાં વારંવાર આવતા ઉલ્લેખો, સર્વસામાન્ય જનજીવનમા જોયાજાણેલાં કેટલાયે પ્રસંગો, ગાળાગાળી, હઠાગ્રહ તેમજ દેશ અને ધરતી માટે પ્રેમ, વેપારવણજ વિશેનું જ્ઞાન, ખેતી અને ધાર્મિક વિધિઓ, પ્રકૃતિનું અવલોકન આ બધાંનું સંમિશ્રણ તેમની રચનાઓમાં થયું છે.

તુકારામ માંડ સત્તર વરસના હતા ત્યારે તેમનાં માતા અને પિતાનો દેહાંત થયો હતો. તે અગાઉ, તેમનું લગ્ન રૂખમા નામની એક છોકરી સાથે થયું હતું, તેનાથી તેમને સંભાજી નામનો એક પુત્ર પણ થયો હતો, પરંતુ રૂખમાને દમનો રોગ હતો એટલે થોડાક વખતમાં તેમણે બીજી સ્ત્રી જીજાબાઈ સાથે લગ્ન કર્યું. તુકારામના મોટા ભાઈ સાવજી ધાર્મિક પ્રકૃતિના હતા. ગોસાવી સંપ્રદાયની ધાર્મિક વિધિઓ કરતા હતા. તેમની પત્ની મૃત્યુ પામી ત્યારે તેમણે દીક્ષા લીધી. ધાર્મિક યાચક બન્યા અને ફરી પાછા ઘેર કદીયે આવ્યા નહોતા. આમ ઉપરાઉપરી આવેલી આફતોએ તુકારામના જીવનના સુખનો સમયગાળો ટૂંકાવી દીધો અને તેમના ખભા ઉપર કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી આવી પડી. સંયુક્ત કુટુંબનું ભરણપોષણ કરનાર એકમાત્ર વ્યક્તિ તરીકે ખૂબ અપરિપક્વ વયે, ખેતી, નાનો વેપારધંધો અને નાણાંના ધીરધારના કામકાજની જવાબદારી તેમણે ઉપાડી હતી, પણ વેપારધંધામાં તેમનો જીવ ચોંટતો નહોતો એટલે તેમાં તેઓ નિષ્ફળ ગયા. કેટલાક દગાબાજ માણસોએ તેમને છેતર્યાની અને વારંવાર નાણાકીય નુકસાન કરાવ્યાની અનેક વાતો પ્રચલિત છે. તેમની પત્ની જીજાબાઈને આથી ખૂબ માઠું લાગતું. તેમને ભારે ગુસ્સો ઊપજતો હતો. આમ ૧૬૨૯ સુધી તુકારામે ખેડૂત અને સામાન્ય ગ્રામજન તરીકે પોતાની ફરજો ગમે તેમ કરીને બજાવી. બધું સરળતાથી બરાબર ચાલતું હતું, પણ ૧૬૨૯ના વરસના અરસામાં કેટલીક ભયંકર ઘટનાઓ બની અને તુકારામના મનની શાંતિનો સદાને માટે નાશ થયો.

નર્મદા નદીના દક્ષિણ અને પશ્ચિમ વિસ્તારોમાં ભયંકર દુષ્કાળ પડ્યો. આખો દક્ષિણ વિસ્તાર, ઉષ્ણ સૂર્યના પ્રચંડ તાપથી શેકાઈ-ભૂંજાઈ ગયો. બે વરસ સુધી

વરસાદનું એકેય ટીપું પડ્યું નહોતું. નદીઓ સુકાઈ ગઈ. અન્ન અદશ્ય થયું. એ દિવસોમાં પરિવહનનાં સાધનો નહિવત્ હોવાથી એક સ્થળેથી બીજે સ્થળે અનાજ મોકલવાની કલ્પના કરવાનું પણ અશક્યવત્ હતું. તુકારામના ગામની આજુબાજુનો પ્રદેશ, બિજાપુર અને મોગલોનાં રાજ્યોના હદવિસ્તારમાં હોવાથી, લૂંટફાટ કરતા સૈનિકોને લીધે ઉજ્જડ બની ગયો હતો. મોટાભાગનાં ગામડાં વેરાન થઈ ગયાં હતાં. થોડાંક જ ખેતરો બચ્યાં હતાં. જૂજ માણસો ખેતીકામ કરતા હતા. સૈન્યોની લૂંટફાટો પછી પશ્ચિમ ભારતે અગાઉ કદીયે અનુભવ્યો નહોતો એવો અત્યંત ભયંકર દુષ્કાળ પડ્યો. માણસોની વસ્તી જેમ જેમ ઓછી થતી ગઈ તેમ તેમ જંગલી પ્રાણીઓની સંખ્યામાં વૃદ્ધિ થવા લાગી. તેમનાં ટોળેટોળાં ગામડાં ઉપર તૂટી પડતાં ત્યારે ભૂખે મરતા ખેડૂતો તેમનો સામનો કરવા માટે દુર્બળ અને લાચાર હતા.

દુષ્કાળ પછી કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો. દુષ્કાળના દિવસોને નજરે જોનારા અબ્દુલ હમીદ લાહીરી, મિરઝા અમીન અને કુઝવિની જેવા સમકાલીન ઇતિહાસકારો દુષ્કાળનું જુગુપ્સાપ્રેરક વર્ણન કરે છે. ભૂખમરાથી હજારો લોકો મૃત્યુ પામ્યા. આવાં હૃદયદ્રાવક વર્ણનોથી આપણને ખાતરી થાય છે કે ચારેકોર અકથ્ય સંકટ અને દુર્દશા પ્રસરેલાં હતાં, દુષ્કાળ પછી ઝપાટાભેર ફેલાયેલા કોલેરાના ચેપી રોગચાળાથી ગામોનાં ગામો પાયમાલ થઈ ગયાં. શેરીઓમાં માણસોનાં શબોનો ભરાવો થવા લાગ્યો. અને ધોરી માર્ગો તો એવી ભયંકર ગંદકી અને બદબૂથી ખદબદતા હતા કે રસ્તા ઉપરથી પસાર થવું અશક્ય બન્યું. અબ્દુલ હમીદ લાહીરી પણ નોંધે છે કે ચારે બાજુ કંગાલિયત એટલી હદે વકરી હતી કે માણસો એકબીજાનું ભક્ષણ કરવા લાગ્યા હતા અને પોતાના પુત્ર પ્રત્યેના પ્રેમ કરતાં તેમને તેના શરીરનું માંસ વધારે પસંદ પડતું હતું. ફળદ્રુપતા અને મબલક પાક માટે પ્રખ્યાત આ ધરતીમાં કશુંય ઊગવાનાં કોઈ જ ચિહ્નો રહ્યાં નહોતાં. ૧૬૩૦ના નવેમ્બર મહિનામાં પીટર મંડી નામના યુરોપના એક પ્રવાસી, દક્ષિણમાં આવ્યા હતા, તેમણે પણ અહીંની આપદગ્રસ્ત પરિસ્થિતિનું કમકમાટી ઊપજાવે તેવું વર્ણન કર્યું છે.

આવા ભયાવહ સમયમાં તુકારામ જેવા ઠીકઠીક સુખી અને સંવેદનશીલ યુવકના મનની સ્થિતિ કેવી થઈ હશે તે કલ્પી શકાય છે. તેમણે નોંધ્યું છે : "પ્રભુ, માનવતા જાતે જ મરી પરવારી છે." તેમણે કહ્યું : "આવું જોવાનું મારાથી સહન થતું નથી; આવાં છે તેમનાં આક્રંદ, મારું હૈયું તેમની પીડાઓ જોઈ દ્રવી ઊઠે છે." તુકારામની ખેતીનો અંત આવ્યો. તેમનો ધંધો બંધ પડ્યો. ઢોરઢાંખર ભૂખથી મરી ગયાં. જીવનમાં તેમને કટોકટીનો સામનો કરવો પડ્યો. તેર વરસની વયે, તેમને વેપાર સંભારવો પડ્યો હતો. સત્તરમા વરસે માબાપનાં મરણ થયાં. તે પછી તરત

જ ભાઈની પત્ની મૃત્યુ પામી. પરિણામે ભાઈ ઘર ત્યજી સંન્યાસી બન્યા. એકવીસમા વરસે તેમને દેવાળુ ફૂંકવું પડ્યું, પોતાની નાદારીને લીધે લોકોને મોં બતાવવા જેવા રહ્યા નહીં.

તેમના સસરાએ તેમને મદદ કરી અને ઘરસંસાર ચલાવવા થોડાંક નાણાં ધીર્યાં પણ એ પણ પૂરાં થયાં. એમને મોટા કુટુંબનું ભરણપોષણ કરવાનું હતું, રોકકળ કરતાં બાળકો અને તેમના ફિક્કા ચહેરાઓ જોઈને, તેમની શ્રદ્ધા જીવનની પ્રત્યેક બાબતમાં નષ્ટ પામી હોવી જોઈએ. આ સમયગાળામાં તેમના પ્રથમ પત્ની રૂખમા ભૂખમરાથી મૃત્યુ પામ્યાં, મરણપથારીમાં તે 'અન્ન' 'અન્ન' માટે વલખાં મારતી હતી, વિલાપ કરતી હતી એમ તુકારામે પશ્ચાત્તાપ રૂપે પાછળથી નોંધ્યું છે.

તુકારામ, એક સંવેદનશીલ માનવી તરીકે નિર્વિકારપણે આવી યાતના સ્વીકારી કે સહન કરી શકે તેવા નહોતા. અગાઉનાં વરસોમાં તેમણે અનેક મૃત્યુઓ જોયાં. નાદારી, ગરીબાઈ, બેઆબરૂ અને તેજોભંગે, સુરક્ષાની તેમની નાજુક ભાવનાનો હંમેશ માટે નાશ કર્યો હતો.

દુષ્કાળનો અંત આવ્યો અને બધું ફરી પૂર્વવત્ થવા લાગ્યું હતું. એકદમ જરૂરી હોવાથી, શરૂઆતમાં તુકારામે, દુન્યવી બાબતોમાં રસ ન હોવા છતાં પણ પોતાની જવાબદારીઓ અદા કરી. આ દિવસોમાં, તેમની ઉદાસીનતાને આજુબાજુની દુનિયા સાથે મેળ બેસાડવાનો હતો. વેપાર અને ખેતી માટે તેમણે ખૂબ પરિશ્રમ કર્યો. ધુતારાઓએ તેમને કેવી રીતે શિકાર બનાવ્યા તે વિશે સંખ્યાબંધ વાતો પ્રચલિત છે. કૌટુમ્બિક જવાબદારીઓથી કંટાળીને, ત્રાસીને તેઓ આત્મચિંતનમાં દિનપ્રતિદિન વધારે તલ્લીન થયા અને વેપારધંધા પ્રત્યે દુર્લક્ષ સેવવા માંડ્યું, પોતે અપૂર્ણ છે એ વિશેની સભાનતા તેમજ આત્મનિરીક્ષણમાંથી પાપની થયેલી પ્રતીતિ, તેમના મનમાં દૃઢ થવા લાગી તેમ છતાં તેમણે વ્યવહાર અને સ્વભાવ વચ્ચે સંતુલન સાધવાના પ્રયત્નો કર્યા. આ સમયમાં તેમણે જે મનોમંથન કર્યું, વેદનાઓ ભોગવી તેની અભિવ્યક્તિ જે અભંગોમાં કરી છે તે તેમના બીજા અભંગો પૈકી શ્રેષ્ઠ છે.

"કુટુંબીજનોની સેવાચાકરી કરતાં કરતાં
સંસારના તાપથી હું શેકાઈ ગયો છું.
પ્રભુ, તેથી યાદ કરું છું તારાં ચરણોને
મારી મા, પાંડુરંગ આવ મારી પાસે"

પોતાના જન્મસ્થાન વિશે તેમણે લખ્યું હતું :

"નથી આ મારો દેશ
દૈવયોગે, હું તો અહીં આવ્યો છું ફરવા

મારું કહી શકું એવું શું છે અહીં ?
હું તો છું પરાયો...''

પોતાની અગાઉની જિંદગી વિશે તુકારામ સમભાવપૂર્વક જોતાં શીખ્યા હતા એવું કેટલાક અભંગોમાં જણાવે છે :

''સારું થયું પ્રભુ, હું બન્યો નાદાર
સારું થયું પ્રભુ, દુષ્કાળે કર્યો મને દુઃખી
પશ્ચાત્તાપે ટકાવી રાખ્યું તારું ચિંતન
ખુદ સંસારનું થઈ ગયું વમન.
સારું થયું પ્રભુ, પત્ની છે કર્કશા
સારું થયું પ્રભુ, લોકોની નજરમાં
થઈ મારી આ દુર્દશા
સારું થયું પ્રભુ, દુનિયામાં થયો માનભંગ
સારું થયું, ખોયાં ઢોરઢાંખર અને ધન
સારું થયું, મને ન પરવા લોકલાજની
સારું થયું પ્રભુ, આવ્યો છું તુજ શરણ
સારું થયું, મેં બાંધ્યું તુજ મંદિર
બાળગોપાળ અને પત્નીની કરી ઉપેક્ષા
તુકા કહે છે : સારું છે વ્રત એકાદશીનું
ભૂખ્યા પેટે જાગી શકું છું આખી રાત''

*

''મારી જાતે મેં તોડી નાખ્યો
પત્ની, સંતાનો અને ભાઈઓ સાથે સંબંધ
બની ગયો, ખરેખર મૂર્ખ, અભાગી, નકામો
નથી બતાવી શકતો મોં લોકોને,
ઝાડી જંગલોમાં લેવા માંડ્યો આશરો
આવું એકાંત ખૂબ ગમવા લાગ્યું છે મને.''

*

''લોકો ભલે જેવા હોય તેવા
તેમને મળું ત્યારે કહું 'આવજો !'
એટલી જ તેમની સાથે મારી નિસબત
કોની પાસે છે સમય એમના સંગ ગાળવા ?
વ્યસ્ત છે તેઓ એમનાં વિલક્ષણ કામોમાં
તુકા કહે છે : એકાએક હું નીકળી ગયો બહાર
જિંદગીની બધી જંજાળમાંથી.''

*

"શૂદ્ર જ્ઞાતિમાં જન્મ્યો હોવાથી
ભોગવ્યું બધું જે હતું ભાગ્યમાં
મારા કુટુંબમાં પહેલેથી જ થતી હતી
તે જ વિઠ્ઠલની કરી મેં ઉપાસના
મૃત્યુ પામ્યા મારાં માતા અને પિતા
સંસારી કામોથી થયો ખૂબ દુઃખી
દુકાળમાં વહી ગઈ માલમિલકત મારી
મૃત્યુશૈય્યાએ 'અન્ન' 'અન્ન' યાચતી
પત્નીનું થયું મરણ
ખોટ થતી ધંધાવેપારમાં
ઊપજી શરમ, ત્રાસી ગયો દુઃખોથી
મંદિર હતું વિઠ્ઠલનું જર્જરિત
કરી ઇચ્છા એના નવનિર્માણની
સેવ્યું દુર્લક્ષ મિત્રોની સલાહ પર
કંટાળી ગયો હતો આ દુનિયાથી
કરી કસોટી સત્ય-અસત્યની મનથી
લોકોના અભિપ્રાયની ન કરી પરવા
પછી મળ્યું કાવ્યરચના માટે પ્રોત્સાહન
વિઠ્ઠલમાં પૂર્ણ શ્રદ્ધાથી હાથ ધર્યું કામ
પડ્યો ફટકો, મનાઈ થઈ લખવાની
થોડોક સમય દુઃખી થયો આત્મા મારો
નદીમાં ડુબાઈ દેવાયા મારા અભંગો
પ્રભુદ્વારે બેસી ગયો કરવા અનશન
શરૂમાં એકાદશીએ જ કરતો કીર્તન
ચોટ્યું નહીં એમાં બરાબર ચિત્ત
કર્યો શાસ્ત્રોનો અભ્યાસ, પૂર્ણ શ્રદ્ધા અને આદરથી
શુદ્ધ હૃદય અને નિષ્ઠાથી કરતો કીર્તન
ગાતો સંતોનાં ગીતોનાં ધ્રૂવ પદો
સંતોનાં પવિત્ર ચરણજળનું કર્યું પાન
ન પ્રસરવા દીધી મનમાં જરાયે શરમ
શક્ય હતું તે બધું કર્યું પરમાર્થે
ન કરી ચિંતા પોતાના શરીરની
નારાયણે આપી અંતે સાન્ત્વના

બહુ લાંબી થશે આ કથા
તેથી કહીશ સંક્ષેપમાં
હવે જે કરવાનું છે તેની ખબર છે મને
ભાવિમાં શું થશે એ તો પ્રભુ જાણે
નક્કી છે કે નારાયણ નહીં કરે ભક્તની ઉપેક્ષા
અનુભવ છે, મને તે તો છે પરમકૃપાળુ
તુકા કહે છે : આ છે મારા જીવનની મૂડી
બોલું છું જે વિઠ્ઠલ બોલાવે છે તે."

*

"પત્નીનું થતાં મરણ હું થયો નવરો
માયામમતામાંથી છુટકારો આપ્યો પ્રભુએ
સારું થયું, દીકરાનું થયું મરણ
આસક્તિમાંથી છુટકારો આપ્યો પ્રભુએ
મને જોતાં જોતાં માતાનું થયું મરણ
તુકા કહે છે : ગાયબ થઈ બધી ચિંતા."

તુકારામમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થવાનું તાત્કાલિક કારણ દુષ્કાળ જણાય છે, પરંતુ એ ભાવ પાછળ બીજાં અનેક કારણો હોઈ શકે છે. પરદેશી રાજ્યકર્તાઓને લીધે બગડતી જતી સામાજિક પરિસ્થિતિ, બધાં ક્ષેત્રોમાં ચારેકોર નજરે પડતી અસમાનતા, સમાજમાં પ્રવર્તતી હૃદયદ્રાવક ગરીબાઈ, પોતાના કુટુંબમાં ખાસ કરીને પત્ની અને પુત્રનાં મરણ – આ બધાં કારણો ઉપરાઉપરી ભેગાં થવાથી તેમના સંવેદનશીલ મનમાં પ્રચંડ ખળભળાટ પેદા થયો અને તેમને પોતાના હૃદયની અસ્વસ્થતાનું કારણ સમજાયું નહીં. તેઓ કહે છે :

"કોના માર્ગદર્શનથી હું કરું વિચાર
કોણ આપશે મારા હૈયાને ધૈર્ય ?"

અને

"દુનિયાને દોષ દેવાનું આવ્યું મારા નસીબે
મળ્યું ફળ મને જે હતું નિર્માણ મારા માટે
બીજાના મત સાથે થતું નથી મન સંમત
તુકા બની ગયો છે રખડેલ
સંતાનો અને પત્નીઓની નજરે ઉપહાસપાત્ર"

આ સમયમાં તુકારામને પોતાની અંદર અશાંતિનાં બીજ જણાવા લાગ્યાં હતાં. પ્રિયજનો અને ધનદોલત માટેનો પ્રેમ કાયમ માટે ટકતો નથી; નાશવંત છે એ સમજાયું. ભારતના લોકોના મનમાં પારલૌકિકતા માટે જે સહજ અને સ્વાભાવિક

શ્રદ્ધા હોય છે તેવી તેમના મનમાં ઊંડી ઊતરવા લાગી. પોતાના કુટુંબમાંની ધાર્મિક પરંપરા, ગોસાવી સંપ્રદાયનો વારસો અને મોટા ભાઈએ અનંત સુખની શોધમાં લીધેલો સંન્યાસ જેવી બાબતો તેમના મનમાં પહેલેથી જ ભરાઈ ચૂકી હતી. પોતાના ભાઈ વિશે તેઓ લખે છે :

"તમે લાવી દીધો આપણા પર ઉપદ્રવ
શા સારું કર્યું કુટુંબને ખેદાનમેદાન ?"

ધર્મગ્રંથોના ઉપદેશોથી તેમના મનમાં જીવનની નિરર્થકતા બરાબર ઠસી ગઈ હતી. દુષ્કાળના દિવસોમાં તેમને તેનો ભયાવહ અનુભવ અને દર્શન થયાં હતાં.

આવા આત્માને ધ્યાન, ચિંતન કરવાની ઇચ્છા સ્વાભાવિક રીતે થતી હોય છે. અને તે માટે સર્વપ્રથમ તો શાંત અને એકાંત જગ્યા શોધવી પડે છે. ગામની નજદીક આવેલી ટેકરી પરના ભામનાથ તેઓ ગયા. આ જગ્યા અનુકૂળ અને શાંત હતી. અહીં તેમણે કેટલાક દિવસો ચિંતન અને ધ્યાનમાં ગાળ્યા. આ મુકામનું તેઓ વર્ણન કરે છે :

"વૃક્ષ વેલી અને પ્રાણી બન્યાં સ્વજન
મધુર સૂરે પંખી કરે ગાન
આનંદથી અહીં એકાંત લાગે વહાલું
નથી સ્પર્શતા દેહને ગુણદોષ
આકાશ છે મંડપ, પૃથ્વી આસન
જઈશ જ્યાં મનની થાય ઇચ્છા
તુકા કહે છે : મન સંવાદ કરે મન સાથે
સ્વની સાથે ચર્ચા કરે સ્વ."

તુકારામને આ સ્થળે ઉચ્ચતર મનોસ્થિતિ તેમજ ચેતનાની પ્રેરણા સાંપડી. પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા ઉદ્ભવી, તેઓ મનોદશાનું વર્ણન કરે છે :

"ઉષ્ણ તવા ઉપર મૂક્યું હોય તેવું ચિત્ત
આકુળવ્યાકુળ દાણાની જેમ
ભૂંજાઈને ફેંકાઈ છે બહાર."

આ પ્રકારની મનની અવસ્થામાં તુકારામને લાગવા માંડ્યું કે પોતે આ દુનિયામાં પરાયા છે. ભામનાથના મુકામ દરમિયાન તેમને માર્ગ તો જડ્યો હતો, પરંતુ મનનું એ અંતિમ નિરાકરણ નહોતું. ભામનાથથી પાછા આવ્યા પછી તુકારામ કૃષ્ણ અને વિઠ્ઠલની ઉપાસનામાં વધારે તલ્લીન થવા લાગ્યા. ભક્તિ એમની એકમાત્ર પ્રવૃત્તિ બની ગઈ. શારીરિક જરૂરિયાતો અને વ્યાવહારિક બાબતો પરત્વે તેઓ સંપૂર્ણ

દુર્લક્ષ સેવતા અને ઉદાસીન બની ગયા હતા તે વિશે ઘણી દંતકથાઓ છે. આ ઉપરાંત કૌટુમ્બિક અને સામાજિક સંબંધોમાં તેમની વિચિત્ર વર્તણૂક ખાસ કરીને તેમની કજિયાખોર પત્ની જીજાબાઈની પજવણીઓ વિશેની મનોરંજક વાતો લોકપ્રિય છે, તુકારામે પણ એમના ઘણા અભંગોમાં જીજાબાઈની ઠીકઠીક ઝાટકણી કાઢી છે :

"તુકા કહે છે, સારી વાતો ગમતી નથી ફૂવડને
મારા સંત પરોણાની પૂંઠે પડે છે હડકાયા શ્વાનની જેમ"

તુકારામે આધ્યાત્મિક માર્ગ સ્વીકાર્યો ત્યારે પણ તેમણે સંસારનો ત્યાગ કર્યો નહોતો, પરંતુ સ્વાભાવિક છે કે પ્રસંગોપાત્ત જ્યારે તેઓ સુદીર્ઘ આધ્યાત્મિક ચિંતનમાં ગરકાવ થઈ જતા ત્યારે ઘરસંસારની ફરજો અને જવાબદારીઓ પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવાતું. પરિણામે તરુણાવસ્થાની જીજાબાઈને તેની વયની બીજી સ્ત્રીઓ કરતાં વધારે વૈતરું કરવું પડતું હતું. ઘર તેમજ બહારનાં કામો કરવા ઉપરાંત જ્યારે તુકારામ વિલક્ષણ આધ્યાત્મિક સમાધિમાં ડૂબી જતા ત્યારે મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં તેને નાકે દમ આવી જતો. જીજાબાઈની કર્કશા સ્ત્રી તરીકે કહેવતરૂપ બનેલી જે છબી છે તે અતિશયોક્તિભરેલી જણાય છે.

ધ્યાન, ચિંતન અને ભક્તિમાં મગ્ન રહેતા તુકારામ પોતાના સમયના વિચારોમાં કોઈ મોટી ક્રાંતિની પહેલ કરી રહ્યા છે એવી તેમને કલ્પના સુધ્ધાં નહોતી. એ જમાનામાં પ્રત્યાયન અને અવરજવરનાં સાધનો નહિવત્ હોવાથી સામાજિક વિચારોમાં ક્રાંતિકારી ફેરફારો ખૂબ જ ધીમા અને ઓછા પ્રમાણમાં થતા હતા, તુકારામનો બંડખોર ઉપદેશ, આજુબાજુનાં થોડાક ગામોના લોકો સિવાય, બીજે ભાગ્યે જ પહોંચતો, તેમ છતાં મહાન વિચારકોના સંપર્કમાં જે લોકો આવતા હતા તેઓ નિશ્ચિત અને અસરકારક રીતે નવા વિચારોનો મૌખિક રીતે પ્રસાર કરતા. મહાન પુરુષોના જીવંત સંપર્કથી જે લોકો પ્રભાવિત થયા હતા તેઓ તેમના વિચારોના પ્રશંસક અને પ્રબળ કાસદો બની ગયા.

તુકારામે અભંગોની રચના કરવાની શરૂઆત ભામનાથથી પાછા આવીને કરી હોવાનું જણાય છે. તેઓ નોંધે છે :

"નામદેવ પાંડુરંગ સાથે પધાર્યા
જગાડ્યો મને સ્વપ્નમાંથી
કર્યો આદેશ
કાવ્યરચનામાં થવા પ્રવૃત્ત"

તુકારામ ઉપર નામદેવ તેમજ જ્ઞાનેશ્વર, કબીર અને એકનાથ જેવા સંતકવિઓની

રચનાઓનો ખૂબ પ્રભાવ હતો એમ સૂચવતા પુરાવાઓ છે.

તુકારામ ગીતા પ્રત્યે ઉત્તરોત્તર વધારે આકર્ષિત થવા લાગ્યા અને ઘણું કરીને આ જ અરસામાં તેમણે ગીતાનો અનુવાદ કરવાનું શરૂ કર્યું. તેથી તરત જ તેમના જીવનમાં મોટા પાયા પર કટોકટી પેદા થઈ, સોળમા અને સત્તરમા સૈકામાં અનેક કારણોસર રૂઢિચુસ્ત બ્રાહ્મણવર્ગ ગીતાનો તિરસ્કાર કરતો હતો. બીજાં કારણો ઉપરાંત એક કારણ એ પણ હતું કે ગીતા, સનાતની ધર્મ સામે વિદ્રોહ હતો, સનાતનીઓ માનતા હતા કે વેદો જ હિંદુ ધર્મનો એકમાત્ર પવિત્ર ધર્મગ્રંથ છે. સંત જ્ઞાનેશ્વરે જ્યારે પ્રથમ વાર ગીતાનો મરાઠીમાં અનુવાદ કર્યો ત્યારે તેમના આ કૃત્યને સંસ્કૃત વિદ્યાના ઇજારાને એક પ્રકારના પડકાર તરીકે લેખવામાં આવ્યો હતો. તુકારામના સમકાલીન કાયેશ્વર બ્રહ્મે પોતાના બાળપણના અનુભવો નોંધતાં જણાવ્યું છે કે તેમને ગીતા વાંચતાં જોઈને તેમના પિતાએ માર માર્યો હતો. તેમ છતાં ચોરીછૂપીથી તેમણે ગીતા વાંચી હતી. પરિણામે તેમના પિતાએ તેમના "બેમર્યાદ અનાદર" માટે ઘર બહાર કાઢી મૂક્યા હતા. ગીતામાં એવું કંઈક હતું કે જે રૂઢિચુસ્ત બ્રાહ્મણોને પડકારરૂપ લાગતું, શૂદ્રોને આ રીતે પવિત્ર જ્ઞાન ઉપલબ્ધ બને તે તેમને સ્વીકાર્ય નહોતું એટલે ખાસ કરીને સનાતનીઓને ગીતા ઉપર ગુસ્સો ઊપજતો.

તુકારામ ગીતાના ઉદાર અને સરળ તત્ત્વજ્ઞાનથી પહેલેથી જ મુગ્ધ થયા હતા. તેમણે ગીતાનો મરાઠીમાં અનુવાદ કરવાનું નક્કી કર્યું. "જ્ઞાનેશ્વરી"માં ગીતાનું સરસ ભાષાંતર ઉપલબ્ધ હતું તેમ છતાં તુકારામ ગીતાના તેમના અનુવાદમાં તેમના પોતાના અર્થઘટનમાં અદ્વૈત અને ભક્તિનાં પાસાંઓ ઉપર વિશેષ ભાર મૂકવા માગતા હતા. સામાજિક અને ધાર્મિક ફરજો વિશે ગીતામાં ખૂબ જ નાટ્યાત્મક સંઘર્ષ છે. તુકારામની પાયાની આધ્યાત્મિક નિસબતોનો પણ આ જ વિષય છે. ગીતાનો મુખ્ય અને મધ્યવર્તી ઉપદેશ છે કે અનાસક્ત કર્મોથી જ "મુક્તિ" મળી શકે છે. આ ઉપદેશને તુકારામ સૌથી વિશેષ મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ લેખતા હતા. ગીતાના તેમના અનુવાદનું તેમણે 'મંત્રગીતા' તરીકે નામકરણ કર્યું.

તુકારામની જેમ જેમ આધ્યાત્મિક પ્રગતિ થવા માંડી તેમ તેમ તેમના વિચારો અને ઉપદેશોમાંના વિદ્રોહની અસર, તેમના પોતાના ગામમાં વધારે અને વધારે થવા લાગી હતી. સનાતનીઓને તો પોતાના ગામમાં ખુદ તુકારામની હયાતી જ ત્રાસદાયક જણાવા લાગી. આ સમયગાળામાં તુકારામ અત્યંત અસ્વસ્થતાનો અનુભવ કરી રહ્યા હતા. ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ કયો ? પોતાના આત્માને શાંતિ કેમ સાંપડતી નથી ? પોતાના પૂર્વજોનો ગોસાવી સંપ્રદાય વધારે સારો હતો ? કે કૃષ્ણ અને વિઠ્ઠલની ઉપાસના કરવી વધારે સારી ? આ દિવસોમાં આવા ધાર્મિક પ્રશ્નોની બાબતમાં

તુકારામે રચેલા અભંગો બીજા અભંગો કરતાં પ્રમાણમાં વધારે સંખ્યામાં છે.

૧૬૪૦ના અરસામાં બાબાજી ચૈતન્ય નામના યુગપુરુષે તુકારામને ચૈતન્ય સંપ્રદાયની દીક્ષા આપી હતી. ત્યાર પછી તેમની અસ્વસ્થતાનો અંત આવ્યો. તેઓ નોંધે છે :

"તુકા કહે છે :
સદ્‌ગુરુ બાબાજીની કૃપાથી
તૂટી ગયાં બધાં મારાં બંધનો."

તુકારામને પરમ સત્યનું દર્શન લાધ્યું. સાક્ષાત્કાર થયો. દીક્ષા લીધા પછી તુકારામ સ્વયંસ્ફુરિત રચનાઓ કરવા લાગ્યા હતા એમ પરંપરાવાદીઓનું માનવું છે.

બાબાજીનો ચૈતન્ય સંપ્રદાય ખૂબ જ પ્રસિદ્ધ હતો. તેનો ઉદ્‌ભવ રાઘવ ચૈતન્ય (૧૫મો સૈકો)થી થયો હતો હિંદુઓ તેમજ મુસલમાનો, બંનેમાં રાઘવ ચૈતન્ય વંદનીય વિભૂતિ હતા. તેઓ મૂળ તો ગિરનાર (સૌરાષ્ટ્ર)ના હતા. ત્યાંથી મહારાષ્ટ્ર અને છેવટે તેમણે તેલંગણમાં સ્થળાંતર કર્યું હતું, તેમણે મોટાભાગની પ્રવૃત્તિઓ તેલંગણમાં કરી હતી. ગુલબર્ગ નજદીક આવેલી રાઘવ ચૈતન્યની સમાધિનાં દર્શને આજે પણ હિંદુઓ અને મુસલમાનો જતા હોય છે. તેમને હજરત લાડલે મશાયક ઉર્ફે રાઘવ દરાજ આળંદ શરીફ કહેવામાં આવે છે. ગુલબર્ગના રાજાના તેઓ આધ્યાત્મિક ગુરુ હતા. રાઘવ ચૈતન્ય શરૂઆતમાં તો મહાનુભાવોથી પ્રભાવિત થયા હતા. તેરમા સૈકામાં મહાનુભાવો – અવૈદિકોએ સનાતની હિંદુઓનો જબરદસ્ત વિરોધ કર્યો હતો, પરંતુ પાછળથી ચૈતન્ય સંપ્રદાયવાદીઓ મહાનુભાવો – અવૈદિકોના પ્રભાવથી મુક્ત થઈ ગયા. મહાનુભાવો, હિંદુ સમાજના હોવા છતાં, તમામ વર્ણોથી પર હતા. રાઘવ સંપ્રદાય, બધા વર્ણો તેમ જ ધર્મોથી પર હતો, રાઘવ સંપ્રદાય, નાથ અને સિદ્ધોના સંપ્રદાયોની જેમ શુદ્ધ આધ્યાત્મિક સંપ્રદાય હતો.

રાઘવ ચૈતન્યના શિષ્ય કેશવ ચૈતન્ય, તુકારામના વિસ્તારના હતા. તેઓ તુકારામના ગામની નજદીક આવેલી ઓતુર નામની જગ્યાએ રહેતા હતા. બાબાજી ચૈતન્ય, કેશવ ચૈતન્યના શિષ્ય હતા. સત્તરમા સૈકામાં બીજા કેટલાયે કવિઓ તેમના શિષ્યો હતા. એમ કહેવાય છે કે બાબાજી ચૈતન્ય રહસ્યમય રીતે એકાએક અદૃશ્ય થઈ ગયા હતા અને આમ તેમનો અંત આવ્યો હતો. તુકારામના અંત વિશે પણ એમના જેવું જ રહસ્ય છે.

તુકારામ ઓતુરની મુલાકાતે ગયા હતા ત્યારે બાબાજી ચૈતન્યે સમાધિ અવસ્થામાં તેમને મુલાકાત આપી હતી. સંભવ છે કે તુકારામે બાબાજીને પ્રત્યક્ષ જોયા પણ ન હોય. અને તુકારામને સંમોહમાં સાક્ષાત્કાર થયો હોય. તુકારામ પોતાની

117496

દીક્ષા વિશે આ રીતે વર્ણન કરે છે :

"મૂક્યો મારા માથા પર હાથ
થયો સાક્ષાત્ પરમાનંદ
અંકિત થયો મનમાં સાક્ષાત્કાર
આપી મુદ્રા પરમાનંદની
પ્રત્યક્ષ થયો સંપૂર્ણ સુંદર પ્રકાશ
નીલ, રક્ત, પીત અને શ્યામ
વિવિધ રંગો ઊમટી રહ્યા
પછી ખરી પડ્યા બધા જ રંગો
બન્યું બધું નિઃરંગ
રહ્યું નિર્મળ નિજ તેજ."

બીજા અનેક સંતકવિઓએ આવી સમાધિ અવસ્થાના, સાક્ષાત્કારના વર્ણન કર્યાં છે. આ સ્થિતિમાં ભૌતિક ગુણધર્મોનાં સ્વરૂપ સંપૂર્ણતઃ બદલાઈ ગયેલાં દેખાય છે. અને ઉચ્ચતર ચેતનાની ભૂમિકાએ મનની જાગૃતિ થતી હોય છે. તુકારામ નીચેની પંક્તિઓમાં આને બહાલી આપે છે :

"બાબાજીએ આવું કર્યું
મને બેસાડી દીધો
કાયમ એમના પોતાના સ્થાન પર"

ચૈતન્ય સંપ્રદાય, તુકારામ પછી ધીરે ધીરે નામશેષ થઈ જતો જણાય છે, કારણ કે તુકારામે ચૈતન્ય સંપ્રદાયનો એકેય પ્રત્યક્ષ શિષ્ય બનાવ્યો નહોતો અને સંગઠનનું કાર્ય કરવાનું ટાળ્યું હતું. તુકારામ સંવેદનશીલ અને આત્મનિષ્ઠ હતા. તેમણે કેવળ સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ ઉપર કદીયે ધ્યાન આપ્યું નહોતું. કેટલાક કવિઓ તુકારામના શિષ્યો હોવાનો દાવો કરે છે. પરંતુ એ બાબતમાં તુકારામે મૌન સેવ્યું છે.

ઈ.સ. ૧૬૪૦ના અરસામાં તુકારામના આક્રમક અભિગમ અને વિદ્રોહી વલણને કારણે, તેમની ઇચ્છા ન હોવા છતાં, તેમને સામાજિક વિવાદમાં ખેંચાવું પડ્યું. ૧૬૪૫ના વરસમાં પોતાનો આધ્યાત્મિક અધિકાર પ્રતિપાદિત કરવા માટે કઠણ કસોટીનો સામનો કરવાનો વખત આવ્યો. સામાજિક વિષમતા અને ધાર્મિક અધિકારવાદ વિશે, તુકારામ પોતાની રચનાઓમાં ખૂબ જ આત્મવિશ્વાસથી પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા હતા તેથી બ્રાહ્મણો ચિડાયા હોવા જોઈએ. ગીતાનો તેમણે કરેલો અનુવાદ તેમજ તેમના અભંગો લોકપ્રિય થઈ રહ્યા હતા ત્યારે બ્રાહ્મણોએ તેમના સુષુપ્ત ક્રોધને ઓકવાનું અને તુકારામની કીર્તનોમાં ઉપદેશો આપવાની તથા

ધાર્મિક વિષયો ઉપર લખવાની પ્રવૃત્તિઓ સામે વાંધો ઉઠાવ્યો. વિરોધ કર્યો.

હિંદુઓના રૂઢિરિવાજો અને ધાર્મિક વિધિઓ તેમજ દેવો, દેવીઓની તુકારામ સતત હાંસી ઉડાવી રહ્યા હતા. આધ્યાત્મિક સાધના અને સિદ્ધિના માર્ગમાંની અસમાનતા નાબૂદ કરવાના આશયથી એ વખતે ઘણા પાખંડી હિંદુઓ તદ્દન જુદા જ પ્રકારની આચારસંહિતા અને ચિત્રવિચિત્ર વસ્ત્રો ધારણ કરવા લાગ્યા હતા, પરંતુ વારકરીઓએ, ગ્રામદેવતાઓ, બ્રાહ્મણોની રૂઢિચુસ્તતા અને વૈદિક કર્મકાંડનો ઉપહાસ કરવાનો સૌમ્ય અને ખૂબ જ વ્યવહારુ માર્ગ અપનાવ્યો હતો, વિઠ્ઠલનાં કીર્તનો કરવાની તેમજ અભંગોમાં રૂઢિવાદ વિરુદ્ધ ઉપદેશો આપવાની તુકારામની પ્રવૃત્તિ, બ્રાહ્મણોમાં ભય પેદા કરતી હતી. તુકારામની પ્રબળ અને પ્રભાવશાળી કાવ્યવાણી – અભંગો દિનપ્રતિદિન ખૂબ જ લોકપ્રિય બનતાં હતાં. તેમના ધર્મવિષયક વિચારોમાં, શાસ્ત્રવચનોના શુકપાઠ, જપતપ, વ્રતપાલન, ગુરુશિષ્યસંબંધ મંત્રતંત્ર, જાદુટોણાં, ભગવાં વસ્ત્રો, બ્રાહ્મણોને દાનદક્ષિણા – આવાં બધાં ઉપકરણોને જરાયે સ્થાન નહોતું. કોઈપણ અભણ સ્ત્રી કે પુરુષ અપનાવી શકે તેવો આ વ્યવહારુ ધર્મ હતો. હાથમાં કરતાલ સાથે ગવાતા કીર્તનના લયને લીધે એક અનોખા સંવાદી અને સંમોહક વિશ્વનું નિર્માણ થતું અને કીર્તન કરનારા તથા તે સાંભળનારાના બંનેના દેહ ''અપાર્થિવ'' બની જતા, તેઓ પોતાનું અસ્તિત્વ ભૂલી જતા હતા. તુકારામનાં કીર્તનોમાં અદ્વૈતની વાત હોવાથી સૌમાં એકતાનો ભાવ અને ભાવના નિર્માણ થતાં. હાથમાં કિરતાલ લઈને સુંદર અભંગોનું ગાન કરનારા અને અભંગો દ્વારા સામાજિક એકતા અને સમતાનો ઉપદેશ આપનારા તુકારામ થોડાક સમયમાં વંદનીય વ્યક્તિવિશેષ બની ગયા. તેમના રોજબરોજના કીર્તનોને લીધે, મંદિરમાં ભક્તજનોની ખૂબ ભીડ જમા થતી. ગામમાં તેમજ નજદીકના વિસ્તારોમાં અભૂતપૂર્વ વાતાવરણ નિર્માણ થવા લાગ્યું. બ્રાહ્મણો સમેત તેમના અનુયાયીઓમાં વૃદ્ધિ થતી ગઈ. તુકારામની ખ્યાતિ ચારેકોર ફેલાઈ અને તેમનું કીર્તન સાંભળવા માટે દૂરદૂરથી વિઠ્ઠલભક્તો દેહુ આવવા લાગ્યા.

તુકારામના આવા એક ભક્ત ઔરંગાબાદ નજદીક આવેલા દેવગાંવના બ્રાહ્મણની દીકરી, સમકાલીન કવયિત્રી બહિણાબાઈ હતાં. તેમનું લગ્ન સનાતની બ્રાહ્મણ સાથે થયું હતું. તેમનું કુટુંબ ઔરંગાબાદમાં રહેતું હતું ત્યારે જયરામસ્વામીના કીર્તનમાં તેમણે તુકારામના અભંગો સાંભળ્યા હતા. તુકારામના અભંગોથી તેઓ એવાં તો મંત્રમુગ્ધ અને પ્રભાવિત થઈ ગયાં કે તેમણે તુકારામનાં દર્શન કરવાનું અને શક્ય હોય તો તેમના ભક્ત બનવાનું મનમાં નક્કી કર્યું. તેઓ નોંધે છે :

"તુકારામના અભંગોમાં છે અદ્વૈતની ઉજવણી
એના અર્થો, મુજ મનમાં જગાડે ઝંખના."

તુકારામ પ્રત્યેની બહિણાબાઈની એકનિષ્ઠતા, તેમના વહેમીલા પતિની શંકાનું કારણ બન્યું, અને પરિણામે કુટુંબમાં ગરબડ થવા લાગી. આખરે બહિણાબાઈએ પોતાના પતિને દેહુ આવવા સમજાવી દીધા. બહિણાબાઈએ તુકારામનાં કીર્તનોનું વર્ણન કર્યું છે :

"શૂદ્ર હોવા છતાં તુકારામ હતા ગોંસાઈ
ગાન કરે હરિકથાનું બધો સમય મંદિરમાં
બ્રાહ્મણો સુધ્ધાં પડે છે તેનાં ચરણોમાં"

અને,

"વેદોમાંનો અર્થ છે તુકોબાનું કીર્તન
થયું છે મારા મનનું સંપૂર્ણ સમાધાન."

વિરોધી બ્રાહ્મણોને જ્યારે ખબર પડી કે બહિણાબાઈ તુકારામને પોતાના ગુરુ માને છે ત્યારે તેમની પજવણી કરવામાં આવી. મંબાજી નામના બ્રાહ્મણોના એક આગેવાને બહિણાબાઈને પૂછ્યું : 'શૂદ્રનું મગજ કેવી રીતે જ્ઞાનયુક્ત હોઈ શકે ?' તુકારામના આત્મવિશ્વાસપૂર્ણ અને શાંતિભર્યા વિદ્રોહથી સંસ્કૃત વિદ્યાનું મહત્ત્વ ઓછું થતું જોઈને તેમજ પોતાની આવકમાં ઘટાડો થતો હોવાથી સનાતની બ્રાહ્મણો દિવસે ને દિવસે વધારે અસહિષ્ણુ બનતા ગયા. તુકારામની બ્રાહ્મણો દ્વારા થતી પજવણીની અનેક વાતોને બહિણાબાઈની આત્મકથામાંથી સમર્થન મળે છે. બહિણાબાઈ દેહુ આવ્યા ત્યારે તેમને મંબાજીના મકાનમાં રહેવાની જગ્યા મળી હતી. મંબાજીને દેહુ આવવાનો બહિણાબાઈનો ઉદ્દેશ પસંદ પડ્યો નહોતો. તેમણે ગુસ્સાભેર બહિણાબાઈને પૂછ્યું હતું : "શું શૂદ્રનું મગજ જ્ઞાન ગ્રહણ કરી શકે ખરું ?" પાછળથી તેમણે બહિણાબાઈ અને તેમના કુટુંબને મકાનમાંથી હાંકી કાઢી મૂક્યાં હતાં. કારણ કે તેઓ તુકારામનાં કીર્તનમાં જતા હતા. બહિણાબાઈએ પોતાની આત્મકથામાં મંબાજીના તુકારામના વિરોધનો ઉલ્લેખ કરેલો છે. મંબાજી અને બીજા લોકોએ, પૂણેના બ્રાહ્મણોને, ધાર્મિક સત્તાધીશોને, બ્રાહ્મણો દ્વારા શૂદ્રનું ગુરુપદ સ્વીકારી, પવિત્ર બાબતને ભ્રષ્ટ કરવાના પાપ વિશે તપાસ હાથ ધરવા અપીલ કરી હતી એમ બહિણાબાઈએ પોતાની આત્મકથામાં નોંધ્યું છે. તુકારામનો ગુનો સાબિત કરવાના એક જોરદાર પુરાવારૂપે તુકારામે કરેલા ગીતાના અનુવાદને રજૂ કરવામાં આવ્યો હતો. રામેશ્વર ભટ્ટ નામના એક વિદ્વાન બ્રાહ્મણ તુકારામની પજવણીની ઝુંબેશના આગેવાન હતા.

તુકારામે ધૈર્યપૂર્વક આ બધું સહન કર્યે રાખ્યું. બ્રાહ્મણોએ તુકારામની જિંદગીને દુ:ખદાયક બનાવ્યાની અનેક દંતકથાઓ છે. દાખલા તરીકે : તુકારામની ગાયને માર મારીને મારી નાખવામાં આવી હતી તેમજ નજીવા વાંકગુના માટે તુકારામને પણ મારવામાં આવ્યા હતા. છેવટની શિક્ષા તરીકે જ્ઞાતિ બહાર પણ મૂકવામાં આવ્યા હતા.

શૂદ્ર કવિ અને સમાજથી બહિષ્કૃત તુકારામે "પ્રભુના અત્યંત પવિત્ર અનુયાયી" તરીકે જ્ઞાતિપ્રથાનાં દૂષણો અને જડતા વિશે બોલવાનું ચાલુ રાખી, પોતાના શત્રુઓને વધારે કોપાયમાન કર્યા. તેમના કેટલાક અભંગોમાં, શત્રુઓના અધિકાર સામે તેમણે પડકાર કર્યો હતો.

દાખલા તરીકે :

"પ્રભુ સારું કર્યું, મને બનાવ્યો કણબી
અન્યથા મર્યો હોત બની દંભી"

*

"થયો હોત વિદ્વાન, વહોરી હોત વિપદાઓ
બન્યો હોત ગર્વ અને ઘમંડનો શિકાર
લીધો હોત માર્ગ નરકનો."

*

"તુકા કહે છે, કરો તમે વેદોનો શુકપાઠ
આવો નહીં આડા મારા માર્ગમાં."

કેટલાક અભંગોમાં તુકારામે બ્રાહ્મણોની ધર્મશાસ્ત્રો વિશેની પાયાની સમજ બાબતમાં પણ પ્રશ્ન કર્યો છે :

"અમને એકલાને જ ખબર છે વેદોનો અર્થ
બીજાઓ તો વેઠે છે કેવળ તેનો ભાર
ખાદ્ય પદાર્થો જોયા કરવાની સાથે
ખાવાના આનંદની ન થાય તુલના
મજૂર તો કેવળ ઊંચકીને ફરે છે સામાન
ઉત્પત્તિ, પોષણ અને સંહાર – સઘળું
તેનું સર્જનહાર જ કરે છે.
તુકા કહે છે : જડ્યું છે અમને મૂળ
હાથમાં આવશે આપોઆપ એનાં ફળ"

રામેશ્વર ભટ્ટે તુકારામને ઘૂંટડિયે પાડવાનું નક્કી કર્યું. સમાજમાંથી બહિષ્કૃત થવાનું ટાળવું હોય તો તુકારામે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ. મહિપત કહે છે કે રામેશ્વર

ભટ્ટે તુકારામને આદેશ કર્યો હતો : "તારા પોતાના હાથે, તેં લખેલા અભંગો લઈ જઈને નદીના જળમાં ડુબાડી દે."

સત્તરમા સૈકાના સમાજમાં બ્રાહ્મણોના અધિકાર સામે પ્રત્યક્ષ સંકટનો ક્ષય આવીને ઊભો રહે એ અકલ્પ્ય હતું. જ્ઞાનેશ્વર અને એકનાથ જેવા બીજા વારકરી સંતો જન્મે બ્રાહ્મણ હોઈ સુરક્ષિત હતા, પરંતુ તુકારામ માટે પ્રક્ષોભ પેદા કર્યા વિના પોતાની યોગ્યતા પ્રસ્થાપિત કરવાનું અશક્યવત્ હતું. મોક્ષપ્રાપ્તિ કરવા માટે નવા માર્ગો અપનાવવાનો પ્રચાર કરવાના તુકારામના અધિકાર બાબતમાં બ્રાહ્મણોને ધાર્મિક સત્તાધીશોનો ચુકાદો જોઈતો હતો, તુકારામ સામે દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો. તેમનાં લખાણો ઉપર પ્રતિબંધ મૂકવા ગામના પાટીલને આખરે સમજાવવામાં આવ્યા હતા.

પોતાની અભિવ્યક્તિઓના ખજાનાને છીનવી લેનારી આવી ક્રૂર, બેહૂદી માગણીથી તુકારામને આઘાત લાગ્યો. કોઈપણ રાજકીય આધાર કે સામાજિક પ્રતિષ્ઠા ન હોવાથી પોતે નિઃસહાય છે એથી તેમને લાગી આવ્યું. સત્તરમા સૈકામાં એક છૂટાછવાયા ગામમાં, સમાજથી બહિષ્કૃત થવાથી, એકલા પડી જવાનો અને સામાજિક વ્યવહારોથી વંચિત રહેવાનો જે ભય, સંવેદનશીલ કવિને લાગ્યો હશે તેની કલ્પના આજના દિવસોમાં થઈ શકે તેમ નથી. અભંગોની રચના કરવાનો ઈશ્વરનો આદેશ છે એટલો જ બચાવ તેઓ કરી શકે તેમ હતા.

"સંચિત હતું જે ધન મારી પાસે
ખર્ચાઈ ગયું તે તો બધું
નાછૂટકે કરવું પડશે દેવું
નથી કોઈ નાણાં ધીરનાર."

બીજા એક અભંગમાં તેઓ કહે છે :

"ખાઈશ શું, જઈશ ક્યાં હવે
કોને ભરોસે રહું ગામમાં ?
પાટીલ ગુસ્સે ભરાયો છે, ગામના લોકો પણ
નથી કોઈ કરતું મારી ચિંતા
"આને તો ત્યજી છે લોકલાજ"
એવું કહે છે લોકો મને
ઘસડી ગયા છે મને કોર્ટમાં
સંભાવિત લોકો નીકળ્યા કરવા મને માત
મને દુર્બળને કર્યો ખાનાખરાબ

તુકા કહે છે : ખપે નહીં હવે એમનો સાથ
જઉ છું હવે હું વિઠ્ઠલની શોધમાં.''

મહારાષ્ટ્રના સામાજિક ઇતિહાસમાં આ એક અજોડ ઘટના હતી. અગાઉ ઘણાખરા અબ્રાહ્મણોને, બ્રાહ્મણોની આચારસંહિતા સાથે બાંધછોડ કરવી પડી હતી. બ્રાહ્મણોની નારાજગી વહોરો કાં તો બ્રાહ્મણવાદનો સ્વીકાર કરો – આ બે જ વિકલ્પો હતા. જ્ઞાનદેવ જેવા જ્ઞાની બહિષ્કૃત સંતોને પણ બ્રાહ્મણોની આચારસંહિતા માન્ય રાખવી પડી હતી, પરંતુ તુકારામ તો પ્રસ્થાપિત ધર્મમાં, બ્રાહ્મણોની આચારસંહિતામાં, અંતરથી શ્રદ્ધા ધરાવતા નહોતા. તેમણે સત્તાધીશોના આદેશને કબૂલ ન રાખ્યો અને અભંગો રચવાનું ચાલુ રાખ્યું. તેઓ કઠોર કસોટીનો સામનો કરવા તૈયાર થયા. ''તમારે જે કંઈ કરવું હોય તે કરો'' ખૂબ નમ્રભાવે તેમણે કહ્યું : ''વિઠ્ઠલ મારું રક્ષણ કરશે''

આ સંઘર્ષનો અંત રહસ્યમય આવરણથી ઢંકાયેલો છે. તુકારામને તેમનાં બધા જ લખાણો નદીમાં નાખી દેવાની ફરજ પાડવામાં આવી. વિઠ્ઠલની પ્રાર્થના કરતાં તેઓ ધ્યાનમગ્ન બની ગયા. ઈ. સ. ૧૮૪૬ના અરસામાં જળ-દિવ્ય તાવણીની આ ઘટના બની. તુકારામની વય ત્યારે ૩૭ વરસની હતી. તુકારામ મૂંગા અને શાંત થઈ ગયા તેર દિવસો અનશન કરી, ધ્યાન ધરી અને પરમાત્માની સહાય માટે યાચના, પ્રાર્થના કરતાં તેમણે માનસિક ધૈર્ય સંપાદિત કર્યું, તેઓ લખે છે :

''આ છે મારો મરણિયો સંકલ્પ
ડુબાડી દઈશ જાતને ચંદ્રભાગામાં
ત્યજી દઈશ મારો પ્રાણ.''

જાણે ચમત્કાર થયો હોય તે રીતે તેર દિવસો પછી તેમના કાગળો નદીના પાણી ઉપર તરવા લાગ્યા. આ ઘટનાની નોંધ તેમના કેટલાક સમકાલીનોએ કરી છે. આ અદ્‌ભુત સમાચાર ચારેબાજુ ફેલાઈ ગયા. તુકારામના અનુયાયીઓએ તો તુકારામની પજવણી કરનારા ઉપર તુકારામના વિજય તરીકે વધાવી લીધો. હવે દિવ્ય વિભૂતિ તરીકે તુકારામની ગણના થવા લાગી. તેમના અભંગોની પંક્તિઓ પેઢીઓ સુધી પવિત્ર બની રહી.

આધુનિક સંશોધનો પ્રમાણે તુકારામે પોતાના આયુષ્યનાં છેલ્લા વરસો શાંતિ અને એકાંતમાં ગાળ્યાં હતાં. ગામની નજદીક તેમની સરસ જમીન હોઈ, તેમને ઘણી નિરાંત હતી. ઘરમાં રહીને વિઠ્ઠલનું ધ્યાન અને અભંગો રચવાની નવરાશ અને અવકાશ મળ્યાં હોવાં જોઈએ. ઘણો સમય તેઓ આધ્યાત્મિક સાધનામાં પસાર કરતા હતા, લોકો તેમને 'અવતારી પુરુષ' સમજતા હતા. આ વિશે તેમણે લખ્યું છે :

"મને લોકો કહે છે 'પરમાત્મા'
આવું બધું છે કેવળ તુચ્છ
પ્રભુ, પાપ મારાં હું જાણુ છું
મને ન ખપે આવી પ્રશંસા
અભિમાન કરે, મને તુજથી દૂર
મહાન હોવાનો ખ્યાલ
બની રહે બોજ મારા અંતરમાં"

આપણે જાણીએ છીએ કે તુકારામ ખૂબ જ વ્યવહારુ વ્યક્તિ હતા. તેઓએ કશું પણ અંતિમ યાત્રામાં કર્યું નથી. બીજા સંતોની માફક તેઓ સ્ત્રીઓ, સંતાનો અને સાંસારિક જવાબદારીઓને તુચ્છ નહોતા લેખતા. ઉચ્ચનીચ એમ તમામ સ્તરના લોકો તેમના ભક્તો હતા. તેમણે કહ્યું હતું :

"શોધું છું આ લોકોને
સૌમાં છે પ્રભુનો વાસ
બધા છે એક જ દેહનાં અંગો
ભેદાભેદનો ભ્રમ છે અમંગળ"

તેમના અભંગો ઉપરથી જણાય છે કે તેઓ વિનમ્ર, સરળ અને શાંત પ્રકૃતિના હતા. જનસમાજમાં એવો ખ્યાલ પ્રવર્તતો હતો કે તેઓ અભણ હતા, પરંતુ તેમના અભંગો ઉપરથી જણાઈ આવે છે કે તેઓ ખૂબ જ્ઞાની અને વિદ્વાન હતા. પ્રસંગોપાત્ત ચીડિયા કટુભાષી, તોછડા અને અસભ્ય થઈ જતા પરંતુ મૂળમાં તો તેઓ ક્ષમાશીલ, અંતર્મુખી, સંવેદનશીલ અને નિખાલસ હતા. તેમનો વિકાસ નૈસર્ગિક પર્યાવરણમાં બીજમાંથી વિકસેલા વૃક્ષ જેવો હતો. તેમની સામાજિક પ્રતિષ્ઠા નહોતી, સહાનુભૂતિ-વાળા પડોશીઓ નહોતા. કોઈ શિક્ષક નહોતા કે નૈતિક જીવનમાં માર્ગદર્શન આપનાર કોઈ જ નહોતું. કોઈએ તેમને 'કાવ્યરચનાની કળા શીખવી નહોતી, બીમારોને સહાય કરનારા, થાક્યાપાક્યા લોકોનો બોજો ઉપાડી લેનારા, તરસ્યાને પાણી અને ભૂખ્યાને અનાજ આપનારા તેમ જ અપંગોને મદદરૂપ થનારા તરીકે તેમનું શબ્દચિત્ર મહિપતિએ આલેખ્યું છે. તેમના સ્વામી, પ્રભુ બન્યા હોવાથી તેમણે પોતાનાં તમામ કાર્યો પ્રભુને સમર્પિત કરી દીધાં હતાં.

માનવજાતિમાં ખૂબ જ રસ ધરાવનારા, વાસ્તવમાં માનવીય ગુણોવાળા તુકારામ સૌ સંતોમાં સર્વાધિક સંત હતા, તેમના સમયમાં દક્ષિણમાં જે રાજકીય પ્રવાહો વ્યાપક હતા તે બધાથી તેઓ સંપૂર્ણતઃ અલિપ્ત હતા. તુકારામના સમકાલીન શિષ્યો અને પાછળથી તેમના જીવનચરિત્રકારોએ તેમનામાં "સંતનાં લક્ષણો"

બાબતમાં અતિશયોક્તિઓ કરી હોય તેમજ પોતપોતાની કલ્પના મુજબ તુકારામને વિલક્ષણ મહાત્મા તરીકે ઉપસાવવા માટે, તેમની પજવણીઓ થયાનું કથાઘટક ઉમેરવામાં આવ્યું હોય એમ જણાય છે. જીવન પ્રત્યે ઘૃણા, સંસાર તરફ ઉદાસીનતા, સંન્યાસ, ચમત્કારો કરવાની શક્તિ જેવા કેટલાક ગુણો અવગુણો તુકારામ વિશેની અનેક દંતકથાઓમાં વણી લેવામાં આવ્યાં છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ બધું કેટલું આધારભૂત છે તેનું યોગ્ય અર્થઘટન કરવું રહ્યું.

તુકારામ નિયમિત પંઢરપુરની યાત્રાએ કે ગામડાંમાં ઉપદેશ આપવા જતા હતા એમ કેટલાક લોકોનું માનવું છે. તેને કોઈ સમર્થન મળતું નથી. વળી શિવાજી અને તુકારામની મુલાકાત થઈ હતી અને તેના પરિણામે શિવાજીને મરાઠી રાજ્યની સ્થાપના કરવાનું માંડી વાળવાની ઈચ્છા થઈ હતી એવી પણ એક દંતકથા છે, પરંતુ ઘણું કરીને તેઓ બંને કદીયે એકબીજાને મળ્યા જ નથી. વળી ક્રિયાશીલ બ્રાહ્મણ રામદાસ સાથે પણ તુકારામની મુલાકાત થઈ હોવાની જરા પણ શક્યતા નહોતી. એ બંને સમાજમાં જાગૃતિ લાવવા માટે સજાગ રીતે સતત પ્રયત્નો કરતા હતા, પરંતુ એ બંને જુદા જુદા પ્રકારની જીવનરીતિઓનું પ્રતિનિધિત્વ કરનારા છે. તુકારામે પોતાના ગામ પૂરતી પોતાની પ્રવૃત્તિ સીમિત રાખી છે. મરાઠા રાષ્ટ્રવાદની અસ્મિતાના ઉદયની સહાયથી, રામદાસ અખિલ હિંદ ધોરણે હિંદુ રાષ્ટ્રવાદ ઊભો કરવા માગતા હતા.

તુકારામના આયુષ્યનાં છેલ્લાં વરસોમાં કેટલાયે ચમત્કારો બન્યા હોવાનું માનવામાં આવે છે. આ બધું તેમની લોકપ્રિયતાનું દ્યોતક છે. દૃષ્ટાંત તરીકે મણિયાર કોમની બંગડીઓ વેચનારી લોહગામની એક સ્ત્રીને તુકારામનું કીર્તન સાંભળવાની ખરા દિલથી ઇચ્છા થઈ હતી. તેનાથી પોતાની બાળકીને ઘરમાં એકલી મૂકીને બહાર જવાય તેમ નહોતું. એટલે તેણે બાળકીને સુવાડી દેવા વધુ માત્રામાં અફીણ આપ્યું. બન્યું એવું કે અફીણનું પ્રમાણ જીવલેણ નીવડ્યું. ક્રોધે ભરાયેલા ઘરના લોકો બાળકીનું શબ લઈને કીર્તનના સ્થળે પહોંચી ગયા, તુકારામે બાળકીને જીવંત કરી, એક માતાની ભક્તિની મહાનતાને સિદ્ધ કરી બતાવી. જરૂરિયાતવાળા ગરીબોને ખોરાક અને કપડાં આપી દેતા હતા અને પોતાની પત્નીને કજિયો-કંકાસ કરવા છંછેડતા હતા એ વિશે પણ અનેક વાતો છે.

તુકારામની પ્રાણીમાત્રનું ભલું કરવાની ઇચ્છા તેમજ તેમની પરોપકારવૃત્તિ વિશે બીજી ઘણી દંતકથાઓ છે. તેમના ધ્યાન ધરવાના સ્થળની નજદીકમાં જવારના તૈયાર પાકવાળુ એક ખેતર હતું. ખેતરના માલિકે, ખેતરની રખેવાળી કરવા તથા ગોફણ વડે પક્ષીઓને ઉડાડી મૂકવાનું કામ તુકારામને સોંપ્યું હતું. એના બદલામાં

તુકારામને અર્ધો મણ અનાજ આપવાનું વચન આપ્યું, પરંતુ પક્ષીઓ પણ પરમાત્માએ પેદા કરેલા જીવો છે, વિઠ્ઠલનાં સંતાનો છે એમ તુકારામને લાગવાથી ખેતરનો બધો પાક પક્ષીઓને નિરાંતે ચણવા દીધો અને પોતે પરમાત્માના નામસ્મરણમાં તલ્લીન થઈ ગયા. તુકારામે લખ્યું હતું : "અનાજના આ પાકમાં પક્ષીઓનો શું કોઈ ભાગ નથી ? મારે શા માટે તેમને હાંકી કાઢવાં જોઈએ ?" ખેતરના માલિકે જોયું કે ખેતરમાં ભાગ્યે જ કંઈ બચ્યું છે ત્યારે પોતાને થયેલું નુકસાન ભરપાઈ કરવા, તુકારામ પાસે ખેતરમાં સામાન્ય રીતે ઉત્પન્ન થતા ૪૦ મણ જુવારની માગણી કરી. ગામની પંચાયતે આ વિવાદનો નિકાલ કર્યો અને ખેતરમાંના પાકની લણણી કરાવી. સૌના આશ્ચર્ય વચ્ચે ખેતરમાંથી સેંકડો મણ પાક ઊતર્યો, ખેતરના માલિકની માગણી મુજબ ૪૦ મણ અનાજ આપ્યા પછી બાકીનું અનાજ પંચાયતે તુકારામને આપવા માંડ્યું ત્યારે તેમણે તરત જ ના પાડી અને કહ્યું : 'કોઈએ પોતાના કર્મના ફળ ઉપર પોતાનો અધિકાર રાખવો ન જોઈએ.'

એક વખત તુકારામ જ્યારે એક ખેતરમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમના આગમનથી પક્ષીઓ ઊડી ગયાં હતાં. પક્ષીઓને ભયભીત કરવા બદલ તુકારામને ખૂબ લાગી આવ્યું અને જે સ્થળે હતા ત્યાં જ ઊભા રહી, પોતના દેહ અને મનમાં, નિર્દોષ જીવોને ભયભીત કરનાર જે કંઈ તત્ત્વ છે તે નાબૂદ કરવા પરમાત્માને પ્રાર્થના કરવા લાગ્યા. પક્ષીઓ પાછાં આવીને અને વૃક્ષ ઉપર જેમ બેસે છે તેમ તેમના શરીર ઉપર બેસી ગયાં ત્યાં સુધી તુકારામ એ જ સ્થળે ઊભા રહ્યા હતા.

સંસારની જવાબદારીઓ સારી રીતે પૂરી કર્યા પછી જ આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવાનું શક્ય બને છે એવું જેઓ માનતા હોય છે તેમને માટે તુકારામનું જીવન નમૂનેદાર છે. ગીતામાં ફળની આશા રાખ્યા વિના કર્મ કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વાસ્તવિકતાના આપણા નિરંતર અનુભવો પછી જ આપણામાંના હીણપણાને દૂર કરી શકીએ છીએ. અને આપણો અહમ્ નામશેષ થયાનો અનુભવ કરીએ છીએ. તુકારામે ખૂબજ બારીકાઈથી પોતાના ભૂતકાળના જીવનને તપાસ્યું છે અને સંપૂર્ણ રીતે પશ્ચાત્તાપથી પોતાના આત્માના સ્વભાવનું વિશ્લેષણ કર્યું હતું. જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં તેઓ લઘુતાગ્રંથિથી પીડાતા હતા, જે પાછળથી નામશેષ થઈ ગઈ. શૂદ્ર જાતિનાં આ સંતાને, બ્રાહ્મણોના હાથે તમામ પ્રકારના તેજોભંગ, અવમાન વેઠ્યા પછી, છેવટે કહેવા માંડ્યું : "ફક્ત અમે (ભક્તો) જ વેદોનો સાચો અર્થ જાણીએ છીએ" બીજા એક અભંગમાં તેઓ કહે છે : "વિદ્વાન બ્રાહ્મણોને અમારા દાસ બનવાનું થશે" નવા આત્મવિશ્વાસથી તેમણે કહેવા માંડ્યું :

"નિમ્ન જ્ઞાતિનો હું, શ્રવણ ન કરી શકુ વેદ
તથાપિ તેં આપ્યું મને વૈકુંઠમાં સ્થાન
પ્રભુ પ્યારા, નથી હવે હું કોઈ વાતે દીન
નથી જન્મે કે પરિવારમાં નિમ્ન
નથી થતી હવે કોઈ વાતે પીડા."

આ વિલક્ષણ પરિવર્તન માટે તેઓ પરમાત્માના કૃતજ્ઞ હતા.

તુકારામે ફક્ત પોતે જ સાક્ષાત્કાર કર્યો નહોતો, પરંતુ સૌ કોઈ માટે પરમાત્માનો સાક્ષાત્કાર સહજ સાધ્ય બનાવ્યો હતો, તેમના કેટલાક અભંગોમાં માનવચેતનાની કેટલીક અવસ્થાઓનું વર્ણન છે. આવી અવસ્થામાં વિશ્વની દેખીતી વિવિધતાઓની પાછળ રહેલી આધ્યાત્મિક એકતાનો તુકારામે પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. કાળ અને સ્થળથી બંધાયેલ શાંત વિશ્વથી પર રહેલા પરમતત્ત્વની તુકારામને અનુભૂતિ થઈ હતી. આવી માનસિક અવસ્થામાં તુકારામને સ્ફુરેલા અભંગોની અભિજીત માનવ કલ્પનાશક્તિ, ઇતિહાસમાં સહેજે સર્વશ્રેષ્ઠ સાબિત થઈ રહે.

૧૬૫૦માં તુકારામ અદશ્ય થયાની ઘટના ખૂબ વિવાદનો વિષય બની છે. પોતાના અભંગોનું ગાન કરતાં કરતાં તેઓ અદશ્ય થઈ ગયા હતા એમ સાદાભોળા લોકો તેમજ વિદ્વાનો માને છે. વળી તેમના કેટલાયે સમકાલીનો અને શિષ્યોએ પણ આ ઘટના સાચી હોવાનું કહ્યું છે. તુકારામે જે એક અભંગની રચના કરી હોવાનું મનાય છે તેમાં પરમાત્મા રથ લઈને કેવી રીતે તેમને તેડવા આવ્યા હતા તેનું તેમાં વર્ણન છે આવા ચમત્કારોની બાબતમાં સાચી ઐતિહાસિક કસોટી કરવાનું અશક્યવત્ છે. અને આવી કોઈ કસોટી હોય તો તે રહસ્યવાદ સાથે સંબંધ ધરાવે છે. બરમૂડા ત્રિકોણ, માયા સંસ્કૃતિના અવશેષો, મેલી વિદ્યા, મનોવિકૃતિ શાસ્ત્ર, જાદુમંતર અને ભૂતપ્રેત, કાયાપલટ, ઊડતી રકાબીઓ તેમજ બાલબેકના ગંજાવર 'લેન્ડિંગ સ્લેબ્સ'ના રહસ્યો અંગેની સંકલ્પનાઓ અત્યંત બુદ્ધિવાન મનુષ્યોના મનમાં પણ ગૂંચવાડો પેદા કરે છે. રામકૃષ્ણ પરમહંસ, નરસિંહ, સરસ્વતી, અને અરવિંદ ઘોષ જેવા યોગીઓ અને રહસ્યવાદીઓએ પોતાની ચેતનાનું સંપૂર્ણ પરિવર્તન-ઊર્ધ્વીકરણ કેવી રીતે થઈ શકે તે બતાવ્યું છે. આ બધી ઘટનાઓએ એક નવા જ પરિમાણની શક્યતા ચીંધી છે અને તે ઉકેલવાના આયામના કિનારે માનવી આજે ઊભો છે. તુકારામનાં સમકાલીન બહિણાબાઈ કહે છે :

"હે ! અમે જોઈ રહ્યાં હતાં તમારી સામે
એવામાં તમે એકાએક થઈ ગયા અદશ્ય."

તુકારામના નિર્વાણને લગતી વિગતો અસ્પષ્ટતાઓમાં લખાયેલી છે. કેટલાક

વિદ્વાનો એવી કલ્પના કરીને ખુલાસા આપે છે કે તેઓ નજદીક આવેલી નદીમાં ડૂબી ગયા હતા. વળી કેટલાક એવું અનુમાન કરે છે કે તેઓ કદીયે પાછા ન ફરવાના ઇરાદાથી યાત્રાએ જવા નીકળી પડ્યા હતા. આવું કૃત્ય સંતના નિર્વાણ માટે ઉચિત હતું. તેમના ગુરુઓની પરંપરામાં નિર્વાણ માટે સમાધિ લેવાનો સર્વસામાન્ય રિવાજ હતો તે લક્ષમાં રાખવું જોઈએ. તુકારામનું નિર્વાણ આજ રીતે થયું હોવાનો મોટાભાગે સંભવ છે. તુકારામ અદૃશ્ય થયા તે પહેલાં તેમના મનની સ્થિતિનું વર્ણન કેટલાક અભંગોમાં છે. તેઓ કહે છે :

"જીવંત છે શબવત્
લઈ જવાયો છે સ્મશાનઘાટ
"ગોળ ગોળ ફેરવીને ઢોચકી પછાડી
ચરણો પાસે કરાય છે તેના ચૂરા
કામક્રોધમાયા આને સ્ત્રીઓ
રાતદિન વિલાપ કરે : હાય ! 'મૃત્યુ !' 'મૃત્યુ !'
વિરક્તિના છાણ-અગ્નિથી લીંપ્યો છે દેહ
જ્ઞાનાગ્નિ પરમતત્ત્વમાં થાય લીન
મહાવાક્ય મૃત્યુ સાદનો થાય સ્ફોટ
નામકુળરૂપ બધું જ થાય ભસ્મીભૂત
દેહ જેનો હતો તેને થાય સમર્પણ."

બીજા એક અભંગમાં તેઓ લખે છે :

"જોયું છે સગી આંખે મારું મરણ
હતો ખરેખર એ અનુપમ ઉત્સવ
છવાઈ રહ્યાં આનંદથી ત્રણેય લોક
વૈશ્વિક આત્મા તરીકે થયો પરમાનંદ
અહમથી અટવાયો હતો એકજ દેશમાં
થયો છુટકારો, પામ્યો પૂર્ણત્વ.
પૂરા થયા જન્મમરણના સૂતક
દૂર થયા બધા સંકોચ, બન્યો મુક્ત."

કોઈ ચિંતા રહી નહોતી તેથી તેઓ ગાય છે :

"જીવનભર કર્યો કઠોર પરિશ્રમ
જેથી અંતિમ દિવસો બને મધુર
નિશ્ચિંત અનુભવું છું હવે નિરાંત
ઇચ્છાઓનો, દેહનો આવ્યો છે અંત"

તુકારામ અદશ્ય થયા પછીના મરણોત્તર તેમના ભક્તોમાં વિવિધ નાતજાતના કવિઓનો સમાવેશ થાય છે. બહિણાબાઈ બ્રાહ્મણ મહિલા હતા. કંચેશ્વર બ્રહ્મે, નીળોબા, રામેશ્વર ભટ્ટ, મંબાજી – બધા બ્રાહ્મણો હતાં. તુકારામના પરમ ભક્ત બન્યા તે પહેલાં રામેશ્વર ભટ્ટ અને મંબાજીએ તો તુકારામને હેરાનપરેશાન કરવામાં કશું જ બાકી રાખ્યું નહોતું. શેખ મહાનદ, સંતાજી તેલી અને સંતોબા પવાર શૂદ્રો હતા. તુકારામે તેમને કટ્ટર ધર્મોમાંથી મુક્ત કરાવ્યા હતા એટલે તેઓ તુકારામના અત્યંત કૃતજ્ઞી બન્યા હતા. તુકારામ જોતજોતાંમાં લાખો લોકોના આધ્યાત્મિક માર્ગદર્શક બની ગયા. મહારાષ્ટ્રભરનાં ગામોમાં લાખો લોકો તેમના અભંગોનું ગાન કરવા લાગ્યા ત્યારથી લોકહૃદયમાં એવું જ સ્થાન તેઓ આજે પણ ભોગવે છે. તેમના અભંગો વ્યાપક પ્રમાણમાં લોકપ્રિય અને પ્રચલિત બન્યા છે. અભંગોનું વાચન થાય છે. કેટલાક અંશો ઉદ્ધૃત થાય છે અને ગવાય છે. ભક્તો તેમના અભંગો હાથે લખીને તેમની નકલો કરે છે. અભંગોની નવી નવી આવૃત્તિઓ, સંસ્કરણો, સંકલનો, તે વિશેનાં પ્રવચનો, વ્યાખ્યાનો, ભાષ્યો, મીમાંસાઓ થતાં હતાં. આજે પણ સંખ્યાબંધ પ્રમાણમાં થતાં રહે છે.

# તુકારામ : સંત અને કવિ

તુકારામના અભંગોની મૂળ હસ્તપ્રતો ઉપલબ્ધ નથી એટલે તેમણે રચેલા મોટાભાગના અભંગો કીર્તન વેળાએ ભાવાવેશમાં સ્વયંસ્ફુરિત રચાયાં હોય એમ માનવામાં આવે છે. તેથી અભંગોમાં ઘણીવાર વિરોધાભાસ અને અસંગતતા જોવા મળે છે અને તેમના તત્ત્વજ્ઞાનની યથાર્થ રજૂઆત કરવાનું પણ મુશ્કેલ બને છે. અભંગો તો તેમના આધ્યાત્મિક અનુભવોના સ્વાભાવિક પરિપાકનો સ્વયંસ્ફુરિત વિકાસ છે. તેમાં તેમના વ્યાવહારિક જ્ઞાનની વિશાળતા સાથે તેમના મનોભાવો, આશાઓ – નિરાશાઓ અને ભ્રમનિરસનોનું કથન છે. એવું એક અનુમાન છે કે તેમના દેહાંત પછી તેમના કાગળો તેમના કેટલાક શિષ્યોને સોંપવામાં આવ્યા હોય કે તેમણે તે કંઠસ્થ કરી લીધા હોય અથવા તો તેની નકલો ઉતારી લેવામાં આવી હોય. જે કંઈ બન્યું હોય તે ખરું, પણ અસલ હસ્તપ્રતોનું પગેરું શોધવા છતાં તે મળી શકી નથી. અસલ ઉપરથી જેની નકલો કરવામાં આવી હોય તેવી કેટલીક નકલો મળે છે અને ત્યાર બાદ તેનો મૌખિક કે લેખિત સ્વરૂપમાં મહારાષ્ટ્રમાં પ્રસાર થયો હોય. સત્તરમી સદીના અંત પહેલાંનું તુકારામની રચનાઓનું આધારભૂત લખાણ મળી આવતું નથી. ઉચ્ચારણો અને શબ્દોના અર્થોમાં થયેલા ફેરફારો, બોલચાલની ભાષામાં ફરકને આધારે થયેલાં શબ્દાંતરો અને સુધારાવધારા પણ અસલ રચનાઓમાં શક્ય છે કે પ્રવેશ પામ્યા હોય. આવી બધી પરસ્પરવિરોધી બાબતોના પ્રક્ષેપની પ્રક્રિયાના પરિણામે, રચનાઓના મૂળ પાઠમાં ગૂંચવાડો તેમજ રચનાઓને લગતા પ્રશ્નો ઊભા થવા પામ્યા છે. તેમના પ્રપૌત્રોએ જુદાં જુદાં સ્થળો અને સ્રોતોમાંથી લેખિત અને મૌખિક અભંગો એકત્રિત કરવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. તુકારામની રચનાઓનો આવી રીતે પ્રથમ આધારભૂત પાઠ મળે છે.

૧૮૬૭માં મુંબઈમાં તુકારામના અભંગોનો છપાયેલો પ્રથમ સંગ્રહ બહાર પડ્યો હતો.

તુકારામના અભંગો, કાળક્રમ પ્રમાણે ગોઠવવાનું શક્ય નથી. બીજી બાજુ વિષય પ્રમાણે અનુક્રમ ગોઠવવામાં આવે તો તેમાંથી ફક્ત તેમની જે તે સમયની તત્કાલીન મનઃસ્થિતિ જાણી શકાય છે. એટલે પ્રત્યેક અભંગને સ્વતંત્ર રચના તરીકે

તપાસવી અને તે ઉપરથી તેમના જીવનના જે તે સમયની પરિસ્થિતિનો અંદાજ કરવાનું વધારે સારું છે. ગ્રામપ્રદેશની રમતોનું રૂપકાત્મક અર્થઘટન, પૌરાણિક કથા, વાર્તાઓ, નીતિમૂલક આચારસંહિતા, તેમના જે તે સમયના જીવનની ઘટનાઓ, આધ્યાત્મિક અનુભવો તેમજ સમાજવિષયક ટીકાટિપ્પણોનો તેમના અભંગોમાં સમાવેશ થાય છે. ઉદાત્ત આકાંક્ષાઓથી માંડીને છેક ક્ષુલ્લક બાબતો તેમાં નજરે પડે છે. તુકારામ સંત તો છે જ, પણ ધર્મપુરુષ કરતાં વિશેષતઃ સામાજિક વ્યક્તિ છે. ધર્મમીમાંસક કરતાં વધારે તત્ત્વજ્ઞાની છે. વળી વસ્તુઓનાં મૂળ તત્ત્વો કરતાં તેમની આજુબાજુ જિવાતા જીવનની વાસ્તવિક હકીકતોમાં તેમને સવિશેષ રસ છે, તેમના અભંગોમાં ધાર્મિક આવરણ નીચે માનવીઓ માટેની ચિંતા વિશેની નકશીદાર કારીગીરી જોવા મળે છે. બધા અભંગો રહસ્ય અને વેદનામાં અટવાયેલા તેમના સંઘર્ષને સ્ફુટ કરે છે. સત્યનું જ્ઞાન સંપાદન કરવા, વેદનાને સાધન તરીકે અપનાવવા ઉપર ભાર મૂકવામાં આવે છે. તેમના સમગ્ર જીવન દરમિયાન જ્યાં સુધી તેમને શાણપણ લાધ્યું ત્યાં સુધી તેઓ શાંત બેસી રહ્યા નથી. તેમણે જે સહન કર્યું છે તે સમગ્ર માનવજાતિ માટે કર્યું છે, આમ તેમનાં કાવ્યોનું સ્વરૂપ અને સંવેદનશીલતા એવી કક્ષાઓ પહોંચ્યાં છે કે જેને આધુનિક કહી શકાય. જે આધ્યાત્મિક અનુભવોમાંથી તેઓ પસાર થયા તે બધા મનુષ્યો જેવા જ છે, જે સામાજિક પ્રશ્નો રજૂ કર્યા તે પણ સર્વસામાન્ય છે. તેમણે જીવન પ્રત્યે કદીયે આત્યંતિક આસક્તિ કે વિરક્તિ દાખવી નથી. પારલૌકિક રહીને પણ આજની દુનિયાનાં મૂલ્યો પરત્વે તેમના પુરોગામી કે અનુગામી બીજા કોઈ મરાઠી કવિએ એમના જેવો ભાર મૂક્યો નથી.

આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે તેઓ સદૈવ જાગ્રત અને સક્રિય હોઈ, કવિ તરીકે તેમને લાગતું હતું કે લોકોને અસરકારક રીતે સમજાવવું જોઈએ કે આંધળો વિશ્વાસ રાખ્યા વિના દરેકે પોતાના વિશેનું પાયાનું સત્ય જાતે જ શોધવાનું છે. તેમનાં કાવ્યોમાં વ્યક્તિગત અસ્તિત્વ અને આત્મલક્ષિતા ઉપર સ્પષ્ટ ભાર મૂકવામાં આવ્યો છે. તેમને મન સાહિત્ય તો જીવનમાંની શ્રદ્ધા હતી.

મરાઠી કાવ્યસાહિત્યમાં ભક્તિના શ્રેષ્ઠ પુરસ્કર્તા તરીકે તુકારામને આધ્યાત્મિક જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાંથી પસાર થતાં જોઈ શકાય છે. આવી રીતે અભંગોનો આ પ્રકારનો અભ્યાસ સદાયે પ્રયોગાત્મક બની રહેવાનો. તેમની આધ્યાત્મિક ઉન્નતિની સાથેસાથે જુદા જુદા તબક્કાઓમાં તેમની સર્જનપ્રક્રિયા કેવો અંતર્ગત સંબંધ ધરાવે છે એ જોવું રસપ્રદ બને છે.

પ્રારંભમાં સ્વ પરમાત્મા પ્રત્યે જાગ્રત બને છે. દુનિયા માટેના પ્રેમ ભ્રામક

ભાસે છે. કેમ કે દુન્યવી પ્રેમ, વાસનાઓને જાગ્રત કરી મનુષ્યોને અવળે માર્ગે દોરતો હોય છે. આજુબાજુની વાસ્તવિકતાઓ અને દુન્યવી વસ્તુઓની આસક્તિ સાથેનો 'સ્વ'નો સંબંધ તૂટી જાય છે. પછી શરૂ થાય છે તીવ્ર આધ્યાત્મિક સંઘર્ષ. શરીરનાં ગાત્રો તૂટું તૂટું થઈ રહે છે. દેહનું સમગ્ર તંત્ર હચમચી ઊઠે છે. વાસનાઓ ખરી પડે છે. બધાં બંધનો અને ઇચ્છાઓની માયાજાળમાંથી મુક્તિ પામે છે. ત્યારે તુકારામ પોતાની અત્યંત બેચેનીમાં કહી ઊઠે છે :

'મને બનાવી દે ઘરબાર વિનાનો
નિર્ધન, નિઃસંતાન
જેથી તને યાદ કર્યા કરું.

વળી કહે છે :

મારા કરતાં અધિક પાપી
બીજો કોઈ હોઈ ન શકે

બીજે ઠેકાણે તુકારામ કહે છે :

ભયાવહ હોવા છતાં
સંસાર છોડી શકાતો નથી

ત્યાર પછી પશુ જેવી સહજ વૃત્તિઓને સ્થાને સદ્ ઇચ્છા અને કરુણા પ્રગટે છે. પોતાના કઠોર આત્મનિરીક્ષણ દ્વારા પ્રતીત થયેલાં પાપોના ઓથાર નીચે પીડાતા તુકારામનું દર્શન એમના અનેક અભંગોમાં જોવા મળે છે. સાત્વિક દષ્ટિબિંદુથી તેઓ પોતાનાં અસંખ્ય પાપકર્મો અને ઊણપો માટે પોતાની જાતને નિંદે છે : मी तो पातकांची रासी – હું તો પાપોનો ઢગલો છું. પૂર્વજીવનમાં કરેલાં મૂર્ખાઈભર્યા આવરણોની કબૂલાત કરે છે.

ભલે મારા અહમનો પાષાણો
નીચે થઈ જાય ચૂરો
ભલે ભસ્મીભૂત થઈ જાય
મારું નામ, શાન, શોભા.

*

ચંચળ છે મન મારું
રહે ન એક ક્ષણ નિશ્ચલ

ચિંતન અને અખંડ ધ્યાન દ્વારા 'સ્વ'નું શુદ્ધીકરણ બીજા તબક્કામાં પ્રવેશે છે. સ્વ પ્રત્યેની આવા પ્રકારની અનાસક્તિ, નિરપેક્ષતા અને 'સ્વ' પ્રત્યેનું બિનઅંગત વલણ તો સર્જન માટેની સ્વાભાવિક શરત છે એ નોંધવું જોઈએ. સંપૂર્ણ અનાસક્તિ સાધવાથી હૃદય અને મનથી વિશુદ્ધ અને પવિત્ર બનેલા તુકારામ જુદા જ માનવી

તરીકે ઊપસી આવે છે.

બોલ મારા છે અબોલ
જીવું છું મરતાં મરતાં
હયાત છતાં નથી આ લોકોમાં
સંગતિમાં અસંગ
સેવા કર, આસક્તિ – અનાસક્તિ બંનેમાં
તુકા કહે છે : એવો નથી હું
મારા વિશે પૂછવું હોય તો પૂછો પાંડુરંગને

વિમુક્ત માનવી તરીકે આંતરિક સત્યની ઊંડાણભરી શોધ તેઓ ચાલુ રાખે છે. પરમાનંદ માટે અનેકવિધ માનસિક શક્તિઓ પ્રાપ્ત કરે છે. આત્મનિરીક્ષણ મનહૃદયમાં અસાધારણ ખળભળાટ મચાવે છે, પણ આંતરખોજ સફળ રીતે પૂરી થાય છે, ત્યારે તેઓ પરમશાંતિ – આધ્યાત્મિક પરિભાષામાં દિવ્યજીવન અનુભવે છે, તુકારામ કહે છે :

અંત આવ્યો હવે આપત્તિના દુઃખનો
બોજ હવે બધો પ્રભુને શિર
ટળી બધી ચિંતા અને થઈ પ્રતીતિ
પુનઃ પુનઃ નહીં આવું જીવન

*

જીવનનો મુગટ છે શાંતિ
આમોદપ્રમોદ છે કેવળ પીડા

આ અવસ્થામાં આંતરિક આઘાત-પ્રત્યાઘાતનો પ્રારંભ થાય છે. મનને કારણે શારીરિક ફેરફારો થાય છે અને શરીરમાં થતા ફેરફારો મન ઉપર અસર કરે છે. સામાન્ય માનવીની ઇન્દ્રિયથી જે પર છે તે બધું જોવા અને સાંભળવા માટે તેઓ સક્ષમ બને છે. તેઓ જે હર્ષાવેશ અનુભવે છે તેની ભ્રમપૂર્ણ મુદ્રાઓ તેમની રચનાઓમાં જોવા મળે છે. તેમના સમકાલીનોએ વર્ણન કર્યું છે કે અભંગો ગાતી વખતે તેઓ નાચતા અને રુદન કરતા હતા. દશ્ય જગત તેમને દિવ્ય જગતનો એક ભાગ જેવું દેખાય છે. આત્મા સાથે આંતરિક એકરૂપતા સધાય છે. તુકા કહે છે :

મન સાથે અહીં રચાય છે સંવાદ
સ્વની સાથે સ્વનો વિવાદ

વિલક્ષણ અસરો ઉત્પન્ન કરતી ઊર્જાનો પ્રવાહ પ્રસરે છે. પોતાના પરમાત્મા વિઠ્ઠલ સાથેનું આત્મમિલન અનેકવિધ સ્વરૂપો ધારણ કરે છે. તેને ધમકાવે છે; પ્રેમ

કરે છે; ત્યજી દેનાર પ્રિયતમ માટે વિલાપ કરે છે; પોતાની જાતને પરમાત્માને ચરણે ધરે છે; તેની ક્ષમા યાચે છે; તેના વિરહની વેદના વાંછે છે.

આવે છે મને શરમ
દાસ તારો કહેવડાવવામાં
તું છે કઠોર નિર્દય
રડવા દે છે, તારાં સંતાનોને ભૂખથી

✳

મારે મન તો મૃત્યુ પામ્યો છે પરમાત્મા
તે છે એમ જેઓ માને છે
તેઓને માટે ભલે તો હોય.

✳

તું તો છે લાજશરમ વિનાનો
નથી તને નાતજાત પરિવાર
ખબર છે મને
તું તો છે ચોર અને લંપટ

✳

કરીશ શુભનામ તારું બદનામ
લાપરવાહ રહેવાનું ચાલુ રાખીશ તો

તુકા કહે છે :

કજિયો કંકાસ કરવા
ઉશ્કેર્યા છે તેં મને
કોઈ હવે નહીં કરી શકે
મારું મોઢું હવે બંધ

✳

તું તો મા કરતાં અધિક પ્રેમાળ
ચંદ્ર કરતાં વધુ શીતળ
જળ કરતાં અધિક મૃદુ
તું છે પ્રેમનો છલકાતો પ્રવાહ

✳

હું તો થાકી ગયો છું, મારી મા
ચાલી ન શકું એકેય ડગ
વીંટાળી દે તારી કરુણા અને પ્રેમથી
વળગાડ તારી છાતીએ પ્રભુ
સંતોષી દે મારી ક્ષુધા

કેટલાક પ્રસંગોએ પરમાત્માના સાક્ષાત્કાર માટે તેઓ અધીરા બની જાય છે અને વારંવાર નાસીપાસ થઈ જાય છે, પરંતુ બધા જ વખતે પરમાત્મા તેમને સર્જન માટે ઉદ્દીપન કરે છે. પરમાત્માના સંપર્કમાં તેઓ ખૂબ શાંતિ અનુભવે છે. પરમાત્મા સર્વસ્વ છે એમ તેમના એક અભંગમાં ઉલ્લેખ કરે છે.

તારું નામ છે, મારી તપશ્ચર્યા
મારો ધાર્મિક ઉપહાર
કૃપા માટેની આરાધના
તારા પવિત્ર નામનું કીર્તન
એ છે મારો મોક્ષ
પ્રતિજ્ઞાપાલન, મારું સત્ય
કર્મ ધર્મ અને ક્રિયાકાંડ બધું જ
તારું નામ છે
મારી સાધના, મારું સમર્પણ
ચિંતન, કૌટુમ્બિક વિધિઓ
અને જ્ઞાતિ આધારો બધું જ
તારું નામ છે.
મારા વિચારો, આચરણ
સંકલ્પ અને સઘળું, તારું નામ છે
તુકા કહે છે; બધું સમાયું છે
તારા નામમાં

બીજા એક અભંગમાં તેઓ કહે છે :

ગંગા જ્યારે ભળે છે સાગરમાં
તેમની વચ્ચેનું અંતર છે ભ્રમ
તારો અને મારો વચ્ચે છે પણ એવો ભ્રમ
તુકા કહે છે : મેં તને દાખવ્યું છે
બીજની અંદરનું બીજ
ફળ અને ફૂલ દેખાય અને અદશ્ય થાય.
તે તો છે કેવળ ભ્રમ

વિઠ્ઠલને સંબોધીને લખેલો તેમનો પત્ર ભક્તિસાહિત્યમાં એક હૃદયપ્રેરક ઘટના છે. પ્રેમથી ઉન્મત્ત થઈને તેઓ ગાઈ ઊઠે છે :

હું જાઉં ત્યાં તું મને અનુસરે
તું દોરે છે હાથ ગ્રહી મારો

તારા આધારે ચાલવા માગું છું
તું જ મારો બોજ બધે જ વહોરે છે
કરું જો પ્રલાપ, સુધારી લે છે તું
મારો સંકોચ દૂર કરી, બનાવ્યો મને ધીર
બન્યા બધા લોકો મારા રક્ષણહાર
સૌ મારા સગા, સૌ મારા પ્રિય મિત્રો
તેથી તુકા કહે છે :
હવે હું મોજથી વિહરું
પ્રસર્યો છે અંતરંગમાં ચિદાનંદ

આ આધ્યાત્મિક યાત્રાની અંતિમ અવસ્થા વૈશ્વિક ચેતનાનાં લક્ષણો દાખવે છે.

અણુ પરમાણુથી અધિક સૂક્ષ્મ
તુકા આકાશની વિશાળતા છે સમાન
દુન્યવી ભ્રમણાના કલ્પન જેવું
મેં હાડપિંજર ગળી અને ઓકી નાખ્યું છે,
જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય ત્રિપુટીને
મેં ત્યજી દીધી
પ્રગટ્યો પ્રકાશ મુજ અંતરમાં
તુકા કહે છે :
હું ટક્યો છું, અન્યની સેવા કાજ.

✳

અસીમ વિશ્વ જેમાં છે અંતર્ગત
એવા મારા આત્માના પ્રભુ
મારા હૈયામાં વિરાજે છે.

✳

હું જ મારો હતો જન્મદાતા
અને પ્રગટ્યો છું મારી કૂખમાંથી

✳

ભૂંસાઈ ગયો ભેદ, દ્વૈત-અદ્વૈતનો
લોપ થયો, સ્થળ, કાળ, દ્રવ્ય સૌનો
આત્માએ ધારણ કર્યું વિશ્વરૂપ
'શબ્દ' કદીયે નહોતો; છે કેવળ પરબ્રહ્મ
જ્ઞાન થયું 'સોહમ્'નું

બ્રહ્માનંદે કહ્યું છે, 'તત્ત્વમસિ'
તુકા, આ બધું બની ગયો છું સ્વયમ્

*

મૃત્યુ મટી ગયું રે લોલ
બનાવાયો છે મને અમર
તુકા કહે છે : સધ્ધર આધારનું થયું છે દર્શન

આધુનિક કવિઓ કાળનું પરિમાણ જાણવા માટે ફાંફાં મારતા હોય છે ત્યારે તુકારામ તો કાળથી પર ખૂબ જ સહજ રીતે અખિલ વિશ્વના નિયમનનાં કલ્પનો ઉપરાઉપરી ખડકે છે "अमुचा स्वदेश भुवनत्रयामध्ये वास । મારી માતૃભૂમિ એ જ મારું સમગ્ર વિશ્વ છે." કોઈ પણ તબક્કે તેઓ દ્વૈત અને અદ્વૈત, સગુણ અને નિર્ગુણ, ઇષ્ટ અને અનિષ્ટ વિષેની હળવી દલીલોમાં અને એવા બૌદ્ધિક ગૂંચવાડામાં પડતા નથી. ધર્મ પ્રત્યેની વિધાયક શ્રદ્ધાએ તેમની રચનાઓ માટે નક્કર ભૂમિકા પૂરી પાડી હતી. અત્યંત આત્મવિશ્વાસથી તેઓ પોતાના પરમાત્માને કહે છે :

અમે માગી શકીએ એવું કંઈ જ
નથી તારી પાસે
પ્રભુ, તું ગભરાય છે શા કાજ ?

*

મિથ્યા છે હાસ્ય, મિથ્યા રુદન
મિથ્યામાં ઉમેરાય છે મિથ્યા
મિથ્યા છે મારું-તારું
મિથ્યા છે મિથ્યાપણાનો બોજ
મિથ્યા છે કવન, મિથ્યા છે સહન
ભ્રામક શોધે છે ભ્રમને
ભ્રામક છે લહેર કરવાનું, ભ્રમ છે તેનો ત્યાગ
ભ્રામક છે વિરક્તિ, ભ્રમ છે માયા
ભ્રામક છે તુકા, ભ્રમ છે તેની ભક્તિ
ભ્રામક છે શ્રોતાઓનો ભ્રમ
ભ્રામક છે સંભાષણ કરવાનું

જીવનના આત્મલક્ષી અનુભવમાં 'સત્ય'ના સાક્ષાત્કારથી જે પરમ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તેની તુલના બીજા કશાની સાથે થઈ શકે તેમ નથી.

નીંદર માટે ઉત્તમ, પાષાણનું પાગરણ
ઓઢવા માટે આકાશ
શીદને રાખવી બીજી આશા ?
આશ તો કરે જીવનનો નાશ

તેમના કેટલાક અભંગોમાં થોડા પ્રમાણમાં સંદિગ્ધતા જોવા મળે છે. પ્રતીકો અને રૂપકોના સંમિશ્રણ દ્વારા તેમના જટિલ વિચારો તેમની અનન્ય સાધારણ ભાવનાઓને વ્યક્ત કરે છે;

જ્યાં જોઉં ત્યાં, દેખાય સમસ્ત આકાશની શક્તિ
નયનોમાં મુદ્રિત થાય એ ભાવચિત્ર
ઝળહળી રહે વિવિધ રીતે
રક્ત, શ્વેત, શ્યામ પીત પ્રકાશ
નયનોમાં છવાય ચેતનાની શાતા
ભાવચિત્ર બન્યું જ્ઞાનપ્રકાશ
મટી ગયો દ્વૈત-અદ્વૈતનો ખ્યાલ
સ્થળ, કાળ, પદાર્થના ભૂંસાઈ ગયા ભેદ
ગૃહીત કરી આત્માએ વિશ્વચેતના

આ રીતે સામાન્ય ઇન્દ્રિય જગતની સીમાઓથી પર બ્રહ્માંડનું સાચું ચિત્ર શોધી શકાય છે.

આધ્યાત્મિક વિભાવનાઓ કાં તો અંધશ્રદ્ધા અથવા શાશ્વત સત્યો હોઈ શકે છે. અલૌકિકતાના ખ્યાલો, ધર્માંધતા કે રહસ્યવાદીપણું હોઈ શકે, પરંતુ આ પ્રકારની શ્રદ્ધાનું વરદાન એ નિઃશંક વિરલ ઉપલબ્ધિ છે. સંતોનું તત્ત્વજ્ઞાન પ્રતીતિ કરાવે છે કે જે આધ્યાત્મિક વિભાવનાઓનો તેમણે ધર્મોપદેશ કર્યો હતો તેનાથી તે સમયની સમાજવ્યવસ્થામાં કોઈપણ પ્રકારનો વિવાદ પેદા થવા પામ્યો નહોતો. તેમના તત્ત્વજ્ઞાનમાં ભક્તિની સાથોસાથ પવિત્રતા, આત્મસંયમ, અહિંસા, ક્ષમા, શાંતિ જેવા શાશ્વત નૈતિક સિદ્ધાંતો સમાવી લેવામાં આવ્યા હતા. આપણા ઇતિહાસના બારીક સમયગાળામાં આવા તત્ત્વજ્ઞાનથી સાંસ્કૃતિક ઐક્ય જળવાઈ રહ્યું હતું. સંતોને તો અવશ્ય તેમની ઉદાત્ત માનસિક અવસ્થા અને પ્રજ્ઞાનો આનંદ પ્રાપ્ત થતો.

તુકારામે કેવળ પોતાના મોક્ષનો જ નહીં, પરંતુ સમગ્ર માનવજાતિના મોક્ષનો વિચાર કર્યો હતો. જોકે તેમના ચિંતનમાં પરમાત્માને કેન્દ્રમાં રાખ્યા હતા. તેમ છતાં સામાજિક જીવનમાં તેમનો રસ જરાય ઓછો થવા દીધો નહોતો. તેમની ઉદાર ઉદાત્ત આસ્તિકતામાં સમગ્ર વિશ્વને આવરી લેવામાં આવ્યું હતું. એવી જ રીતે તેમની

રચનાઓમાં પણ પરંપરા અને વ્યક્તિત્વ વચ્ચે કશો સંઘર્ષ નજરે પડતો નથી. તુકારામ એકમાત્ર એવા સંત છે જેમાં ઉત્કટ નિજી ધર્મ આપણને જોવા મળે છે પરંતુ તેમનું તત્ત્વજ્ઞાન પોતાનું હતું અને તેમની 'મંત્રગીતા'માં તેમણે જે અર્થઘટન કર્યું છે તેની પાછળ ગીતાની વિચારધારા હતી. વળી તેમણે ચૈતન્યની વિચારધારા આપવાની હતી. તદુપરાંત વારકરી તત્ત્વજ્ઞાનના તો તેઓ સૌથી સક્રિય પુરસ્કર્તા પણ હતા.

પ્રવર્તમાન સામાજિક સ્થિતિ અને વ્યવસ્થામાં સુધારા કરવા માટે તેમનામાં ખૂબ પ્રમાણમાં પ્રોટેસ્ટન્ટ જુસ્સો હતો. સાચા શ્રદ્ધાવાનને આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવાનું અશક્ય બનાવનારી હિંદુ ધર્મમા જે કેટલીક બાબતો હતી તેનો તેઓ સ્વભાવગત વિરોધ કરતા હતા. મધ્યકાલીન હિંદુ ધર્મની માન્યતાઓમાં તુકારામે કદીય સંપૂર્ણ શ્રદ્ધા દાખવી નથી; તેમનું વલણ જાગીરદારનું નહોતું, સૌ કોઈ માટે આદર્શ તરીકે હિંદુ ધર્મ છે એવી કોઈ તેમણે ભલામણ કરી હોય એવું જોવા મળતું નથી. ઊલટું હિંદુ ધર્મના નામે જે કંઈ ચાલતું હતું તેની તેમણે વારંવાર ટીકા કરી છે.

તુકારામના જીવન ઉપરથી પ્રતીતિ થાય છે કે મનુષ્યજીવન અને દિવ્યજીવન આંતરિક રીતે ઓતપ્રોત થતાં હોય છે. પોતાના અંગત વિશુદ્ધિકરણનો અનુભવ થયા પછી સમગ્ર માનવજાતને વિશુદ્ધ કરવાના વિચાર માટે તેમણે જીવન સમર્પિત કર્યું. વ્યક્તિગત અસ્તિત્વ અને આત્મલક્ષિતા ઉપર ભાર મૂકીને તેઓ માનવીની સ્વતંત્રતા તેમજ તેમની અંગત જવાબદારીઓની બાબતમાં નિસબત, ચિંતા અને ચિંતન કરવા માંડ્યા. એ જમાનામાં પ્રજા ફક્ત યુદ્ધ, દુષ્કાળ, વિનાશથી પાયમાલ થતી નહોતી, પરંતુ વધારે ભયંકર એવા આંતરિક પ્રશ્નોથી હેરાનપરેશાન થતી. મોક્ષ માટે ત્યાગ, સંન્યાસ અને બ્રાહ્મણોના પાખંડ સમક્ષ સંપૂર્ણ શરણાગતિના માર્ગો માત્ર ખુલ્લા હતા. આવા સમયમાં તુકારામે ભક્તિનો માર્ગ પુનર્જીવિત કર્યો અને સામાજિક એકતા માટે ખુલ્લંખુલ્લા ઉપદેશ આપ્યો. જે સામાજિક પરિવેશ અને પરિસ્થિતિ પ્રવર્તતી હતી તેનો તેમણે ધરાર વિરોધ કર્યો. રૂઢિચુસ્ત પંડિતોએ જે સંકીર્ણ પરિભાષાવાળા વિચારો મૂક્યા હતા, તેમાં મૂળભૂત ફેરફારો કરવાની માગણી કરી, દષ્ટાંત તરીકે :

> કરુણા એટલે
> સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે સદ્‌ભાવ
> અને દુષ્કર્મો કરનારાઓનો નાશ

સમાજસુધારક તરીકે તુકારામે પોતાના શ્રોતાગણને સાંસારિક બદીઓ ત્યજી

દેવા અને પોતાના ચિત્તને વિશુદ્ધ બનાવવાની બાબતમાં વારંવાર આગ્રહપૂર્વક કહ્યા કર્યું. પ્રત્યેક પ્રવૃત્તિમાં શુદ્ધ આચરણ માટે આગ્રહ સેવનાર તેઓ નીતિનિપુણ મર્મજ્ઞ હતા. તેઓ કહે છે :

અંતકરણ વિશુદ્ધ હોય તેને
બોધની જરૂર નથી

*

અધિકાર જોઈને ઉપદેશ આપવો
ગ્રહણ કરી શકે તેથી વધારે બોજો લાદવો નહીં

વ્યવહારુ દૃષ્ટિ ધરાવતા સંત નૈતિક મૂલ્યોને ખૂબ નિષ્ઠાપૂર્વક અનુસર્યા હતા.

જે શુદ્ધ સાધનોથી ધન કમાય છે
અને નિર્લેપપણે વાપરે છે
તેનું શેષ જીવન સારું બનશે

જીવન દુ:ખપૂર્ણ છે તો પણ તેમનો તો ઉપદેશ હતો : 'ભયનો બોજો વેંઢારવો ન જોઈએ' આપણી યાત્રા દરમિયાનના 'કેવળ એક વિસામા' તરીકે તેમણે દુનિયાનું વર્ણન કર્યું છે

મનુષ્યોએ વિષય વાસના ઉપર વિજય મેળવવા ગર્વ અને હિંસાને વખોડવી અને ત્યાગ તેમજ બલિદાનને અપનાવવા જોઈએ; અનિષ્ટ પરિબળોથી પોતાને બચાવવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા જોઈએ; પરિશ્રમી થવું જોઈએ. ઉદાહરણ આપતાં તેઓ કહે છે.

ભલે વારસામાં મળી હોય જમીન ભેટ
નથી આપતી તે પાક આપમેળે

કનક કામિની જેવી અનિચ્છનીય અસરોથી લોકોએ દૂર રહેવું જોઈએ. વ્યાવહારિક આચારસંહિતામાં નીતિ અને કાર્ય, ભક્તિ અને કર્મ, ઐહિકતા પારલૌકિકતા, ચારિત્ર્ય અને શ્રદ્ધા, જીવમાત્ર માટે દયાભાવ અને સદવર્તન, એકબીજા સાથે ઘનિષ્ઠતાથી સંકળાયેલાં છે. નિરાશા તેમજ આત્મસંતોષની જૂની પુરાણી ટેવોમાં પરિવર્તન લાવવા માટે તેમણે ધાર્મિક મૂલ્યોનો ઉપયોગ કર્યો. તેઓ સાચા દિલથી સલાહ આપે છે :

વિચારોમાં કંઈક તો કરો ફેરફાર
મળશે નહીં મનુષ્યદેહ વારંવાર

આ રીતે એક જ શ્લોકમાં તેઓ શ્રદ્ધા અને બુદ્ધિના ભેદ ભૂંસી નાખે છે. સંખ્યાબંધ અભંગોમાં તેમણે પોતાના જમાનાના પ્રચલિત દોષો પર પ્રહારો કર્યા

છે. ભક્ત તરીકે તેમણે શોધી કાઢ્યું હતું કે તમામ દુઃખોનું મૂળ કારણ ભેદભાવ છે. ભેદભાવ વિષમતાની વૃદ્ધિ કરે છે. આ જ સિદ્ધાંતે જૂની પુરાણી જ્ઞાતિવ્યવસ્થામાં સામાજિક ઊંચનીચના ભેદ સર્જ્યા હતા. તેથી જ્ઞાતિપ્રથા અને તેનાં તમામ અનિષ્ટો ઉપર તેમણે જબરદસ્ત પ્રહારો કર્યા. ઉચ્ચનીચની શ્રેણીવાળી ચતુર્વર્ણની પદ્ધતિના આધારે રજૂ કરવામાં આવેલી બ્રાહ્મણોની પવિત્રતાનાં 'મીથ' – કાલ્પનિક માન્યતાને તેમણે તોડીફોડી નાખ્યાં. તેમણે ઉપદેશ આપ્યો કે ધર્મગ્રંથોનું વાચન કરવાનું, જ્ઞાતિના રીતરિવાજો અને ફરજોનું પાલન કરવાનું, ધાર્મિક સત્તાધીશોનો આદર સન્માન કરવાનું, ક્રૂર અને અર્થહીન દમનોથી દેહને પીડા આપવાનું – આવું બધું મોક્ષ માટે બિનજરૂરી છે.

નીચ જ્ઞાતિમાં જન્મ લેવાની યાતનાઓનો તેમણે અનુભવ કર્યો હતો. આધ્યાત્મિક સિદ્ધિ માટે તેમનો જન્મ નડતરરૂપ બન્યો હતો, તેનો ઉલ્લેખ વારંવાર તેમણે કર્યો છે.

છું નિમ્ન જ્ઞાતિનો અલ્પબુદ્ધિ
લાચાર અને કંગાળ
વિઠ્ઠલે તેમ છતાં
મારો કર્યો સ્વીકાર

*

જન્મથી હું છું શૂદ્ર
દંભથી તેથી રહ્યો દૂર
નથી દાવો શાસ્ત્ર અભ્યાસ કર્યાનો
નિમ્ન જ્ઞાતિનો હોઈ, હર વાતે છું લાચાર

કરુણ અને કટાક્ષભર્યા સૂરમાં પોતાની લાચારી વ્યક્ત કરે છે. અસ્પૃશ્યતાનું પાલન કરનારા બ્રાહ્મણો વિષે તેઓ કહે છે :

ભંગીના સ્પર્શથી જે બ્રાહ્મણ
રોષે ભરાય છે તે બ્રાહ્મણ નથી
આવા બ્રાહ્મણ માટે તો
આત્મહત્યા એકમાત્ર પ્રાયશ્ચિત્ત છે.

હલકી વર્ણનો હોવા છતાં જે માણસ વૈષ્ણવ (વિષ્ણુનો ભક્ત) છે તેના વિષે તેઓ કહે છે :

ધન્ય છે વિષ્ણુભક્ત અછૂતની માતાને
બંને પક્ષે છે તેનો વિશુદ્ધ વંશ

નિમ્ન જ્ઞાતિનો હોવા છતાં
બેશક તે બ્રાહ્મણ છે

પરમાત્માએ જેનું સર્જન કર્યું હોય તેવું કશુંય અશુદ્ધ હોઈ જ ન શકે એવો સિદ્ધાંત તેમણે પ્રતિપાદિત કર્યો. વ્યક્તિગત પવિત્રતાના મહત્ત્વ ઉપર ભાર મૂકી, પોતાના ભક્તોના મનમાં જ્ઞાતિઓ વિષે જે માન્યતાઓ હતી તે નાબૂદ કરવા પ્રયત્નો કર્યા. જો બધા લોકો વ્યવહારમાં તેમજ આચારસંહિતામાં વિશુદ્ધ અને પવિત્ર બને તો પવિત્રતાની 'મૂડી' ન્યાયી રીતે બધે જ પ્રસરી રહે.

હલકી જ્ઞાતિમાં જન્મેલા અસાધારણ બુદ્ધિમત્તા ધરાવતા મનુષ્યોનો પણ બ્રાહ્મણોએ તેજોભંગ કર્યો હતો. આના પરિણામે લોકોના જીવન પ્રત્યેના અભિગમમાં નિરાશાવાદનું વલણ પેદા થયું. તુકારામને હલકી જ્ઞાતિમાં જન્મેલી ભારતની મહાન વિભૂતિઓનો રોષપૂર્વક બચાવ કરવો પડ્યો હતો.

પાવન છે પરિવાર, પાવન છે દેશ
ત્યાં પ્રભુના ભક્તો જન્મ ધારણ કરે છે
મને જણાવો, નાતજાતના અભિમાનથી
કોઈ પવિત્ર બન્યું છે ખરું ?
અછૂત જ્ઞાતિઓ તો ભક્તિના સહારે
સંસાર તરી ગઈ છે
પુરાણો પણ તેમની કરે છે પ્રશસ્તિ
કુંભાર ગોરા, મોચી રોહીદાસ
મૉમિન કબીર, મુસલમાન લતીફ
વાળંદ સેના – વિષ્ણુના ભક્તો હતા.
કાન્હો પાત્રા, ચોખા, મેલા
અને વંકા હતા મહાર જ્ઞાતિના
નામદેવની નોકરાણી જનીની
કેવી હતી વિરલ શ્રદ્ધા !
વિઠ્ઠલ લેતા એની સાથે ભોજન
વિઠ્ઠલ ભક્તોની નાતજાત હોતી નથી
આ છે ચુકાદો વેદોનો –

બીજી બાજુ ઉચ્ચ જ્ઞાતિમાં જન્મેલા શું કરે છે ?

પોતાની ફરજોને ત્યજી દઈ બ્રાહ્મણો
બની ગયા છે મોટા જૂઠાબોલા

*

*માંગ કોમની સ્ત્રીઓ સાથે
તેઓ હંમેશાં ચેનચાળા કરે છે

✳

તેઓ ઊંચાં પદો મેળવીને
બીજાઓને અન્યાયી રીતે
હેરાન પરેશાન કરે છે

✳

હરામી રાજ્યકર્તાઓના તેઓ ગુલામ છે
કોઈપણ વાંક માટે તેમને પીટવામાં આવે છે

✳

સ્નાનવિધિ પૂજા અને જપમાળ જેવી
પવિત્ર પૂજાસામગ્રીનો તેઓ ધંધો કરે છે

✳

સૌથી અધમ ધંધો છે નાણાં ધીરનારનો
આજના ખરાબ જમાનામાં
બ્રાહ્મણો તે કરતા હોય છે

ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ, અંધશ્રદ્ધાઓ, વેદોનો મંત્રોચ્ચાર, રૂઢિચુસ્ત માપદંડો ક્રિયાકાંડો, ગોખેલું તેમજ પુસ્તકિયા જ્ઞાન જેવા બ્રાહ્મણવાદના દેખાડા-ઠઠારાને તુકારામે કેટલીય રચનાઓમાં વખોડી કાઢ્યા હતા. કેવળ વ્યક્તિગત નૈતિકતાને જ તેમણે પ્રમાણી હતી, તેઓ કહેતા કે માણસની સાચી કસોટીનું હાર્દ અને માપદંડ વ્યક્તિગત નૈતિકતા છે.

આવી રીતે સામાન્ય માણસને પણ તેમણે છોડ્યા નહોતા. તેમની બદીઓ ઉપર તીવ્ર વ્યંગ્ય, કટાક્ષો કર્યા હતા. નાણાંનો ધીરધાર કરનારા, લેભાગુ સંતો, ગુરુઓ સંન્યાસીઓ, વૈરાગીઓ, માલંગો, જંગમો, ફકીરો તેમજ ગરીબ ભૂખે મરતા સમાજ ઉપર તાગડધિન્ના કરતા પરોપજીવીઓની તેમણે ઝાટકણી કાઢી હતી. સામાન્ય માણસ પ્રત્યે તેમનું હૈયું સદૈવ દયાથી ભરેલું રહેતું. તીવ્ર કટાક્ષોમાં પણ તેમનું સંવેદનશીલ હૃદય દેખાઈ આવે છે. તુકારામ એક એવા સંત છે કે જેઓ અત્યંત ગાઢ રીતે સામાન્ય માણસની નિસબતોમાં રસ લેતા. દષ્ટાંત તરીકે નીચેના શબ્દોમાં તેમણે પવિત્ર માણસનું વર્ણન કર્યું છે.

દલિત પીડિત અને ભાગ્યહીનને જે અપનાવે તે જ સાચો સંત છે. તેનામાં

---

✳ બ્રાહ્મણોમાં એક એવી વહેમી માન્યતા પ્રવર્તતી હતી કે ગ્રહણ દરમિયાન માંગ સ્ત્રીઓ સાથે સંભોગ કરવાથી લાખોપતિ બનાય છે.

જ પ્રભુનો વાસ છે.

*

સજ્જનનો સ્વભાવ આંતરબાહ્ય બંનેમાં માખણ જેવો મૃદુ હોય છે

*

શરીરથી સંસાર લઈને જેણે ઇચ્છાઓનાં બંધન ત્યજ્યાં નથી, ઉપરછલ્લું માથું મૂંડાવવાથી સાચી આંતરિક શાંતિ સાંપડતી નથી. ઇન્દ્રિયોનું કઠોર દમન કરવા છતાં અંતરમાં અહમ ઘૂરકતો હોય છે, આવા માણસથી દૂર રહેવું. બધાં ટીલાંટપકાં જૂઠાં છે. તુકા કહે છે : આવો સંન્યાસ સારો છે લોકોને ફસાવવા માટે !

*

આમ સંસારની ચીજવસ્તુઓ માટેની આસક્તિ, તેનો ત્યાગ કરવા કરતાં વધારે સારી નથી. એકેય પ્રકારનું કૃત્ય સત્યની નજદીક લઈ જતું નથી. તુકારામના મત મુજબ આસક્તિ અને ત્યાગ એકબીજા તરફ દોરી જતાં હોય છે.

આવું ગુરુપણું નિંદાપાત્ર બનો
આવું ચેલાપણું પણ.
તુકા કહે છે : આવા ગુરુ અને ચેલા
બંને જાય છે નરકમાં

તેમનો આક્રોશ બધા જ સંપ્રદાયો સામે હતો, કારણ કે તેવા સંપ્રદાયવાદીઓનું જીવન આત્મપીડક તથા છીછરું હતું. આવા માણસો પ્રત્યે દયા ન હોય.

તીર્થક્ષેત્રમાં જઈને તેં શું કર્યું ?
બહારથી શરીરની ચામડી ધોયા વિના

અને

તુકા કહે છે : બધું ફોગટ થશે
અનુભવ વિના

ધંધાદારી પરોપજીવીઓ માટે તેમણે ગ્રામ્ય અપશબ્દો પ્રયોજ્યા છે જેવા કે :

થૂંકો તેના મોં ઉપર !

*

લજ્જાસ્પદ છે ભિક્ષાપાત્ર
આવી રીતે જીવવાનું બને નિંદાપાત્ર

પોતાના વારકરી કીર્તનકારી માટે તેમણે કેટલાક નીતિનિયમો નક્કી કરી આપ્યા હતા.

જ્યાં કરો કીર્તન, ન સ્વીકારો ભોજન
તુકા કહે છે : જેઓ ધન સ્વીકારે છે

અને આપે છે
તે બંને જાય નરકમાં

હિંદુઓના ક્ષુદ્ર દેવો અને દેવીઓને તેમણે આવા અપશબ્દોથી વખોડી કાઢ્યાં હતાં

તેઓને ભગવાનો કહેનારા મૂરખ છે !

*

આવી બધી કડવાશ અને અપશબ્દોવાળી ભાષા વાપરવા છતાં તેમની સમાજ વિષયક ટીકાઓ અસહિષ્ણુ કે વેરવૃત્તિવાળી નહોતી, કારણ કે બધાં જ સામાજિક અનિષ્ટો માટે તેમના 'તીખા ઉત્તરો' આવા પ્રકારના જ આક્રોશપૂર્ણ હતા. તેઓ પોતાના વલણમાં કદીય પક્ષપાતી નહોતા. તેમણે જાહેર કર્યું છે :

આવ્યો છું હું તમારો પંથ ઉજાળવા
અને સાચ-જૂઠનો ન્યાય તોળવા

*

આપણે કરીએ એકમેકને સહાય
અને સન્માર્ગે સૌ આગળ વધીએ.

બધા સંપ્રદાયોના દંભ અને મતાંધતાને ખુલ્લા પાડવાનું કાર્ય તેમની મોટી સિદ્ધિ હતી. કામજીવી હોવાને નાતે તેમણે શ્રમજીવીઓની ભાષામાં પોતાના વિચારોનો ઉપદેશ કર્યો હતો. તેથી તેઓ વધારે અસરકારક બન્યા. સંતના યોગદાન વિષે આત્મવિશ્વાસ પૂર્ણ સૂરમાં તેમની અભિવ્યક્તિ નીચેના અભંગોમાં જોવા મળે છે :

અમે છીએ પ્રભુના દાસ
મીણથી વધારે મૃદુ
ઇન્દ્રના વજ્રથી વધુ કઠોર
રીઝીયે તો આપી દઈએ
અમારી લંગોટી સુધ્ધાં, પણ
ધૂર્તના શિરે ફટકારીએ લાઠી
માબાપથી અધિક પ્રેમાળ
કરી શકીએ દુશ્મનો કરતાં વધુ વિધ્વંસ
અમારા મુકાબલે અમૃતની મીઠાશ
કે વિષના કાતિલપણાની શી વિસાત ?
તુકા કહે છે : અમે તો છીએ
માધુર્યથી છલોછલ

અમારી પાસે માગવાવાળા આવે
તેના પૂરાં કરીએ છીએ કોડ

તુકારામ પોતાના સમયગાળામાં રાજકીય આબોહવા સાથે ઊંડી રીતે નિસબત ધરાવતા નહોતા અને તેમાં સક્રિય રીતે સંકળાયેલા નહોતા, તેમ છતાં પોતાના જિલ્લામાં શિવાજીના વિદ્રોહમાં સમાવિષ્ટ રાષ્ટ્રવાદની ભાવનાને તેમણે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પ્રજાને નિષ્ક્રિય બનાવનારી પવિત્ર વિચારધારા વિષે પોતાના તીવ્ર પ્રત્યાઘાતો તેમણે કેટલાય અભંગોમાં વ્યક્ત કર્યા છે, અનિષ્ટ પરિબળોને અંકુશમાં લાવવા માટે સક્રિય સામનો કરવાનું તેમણે શીખવ્યું હતું. તેઓ કહે છે :

**शठंम् प्रति शाठ्यम् ।**

તેમના આવા પ્રકારના સાક્ષીરૂપ છે કે તેમણે પ્રજાને સક્રિય વિરોધ કરવા પ્રેરી હતી. તેમના શ્રેણીબંધ 'પાક અભંગો'માં (સૈનિકો માટેના અભંગો) ગ્રામજનોને વફાદારી અને બલિદાનની જરૂરિયાત માટે સીધી રીતે સંબોધન કર્યું હતું. સંભવતઃ શિવાજીના દુશ્મનોના હાથે જે અત્યાચારો અને કત્લેઆમ થયા હતા તેની તેમણે અત્યંત દુઃખ સાથે નોંધ લીધી હતી :

નથી જોઈ શકાતો મારાથી
આવો આ અનર્થ...
મારું હૈયું દુઃખી છે
તેમની વેદનાઓથી
તુકા કહે છે : પ્રભુ તેં કર્યું છે
મારી ભક્તિનું અવમાન
પ્રભુ, શરમજનક છે જીવવાનું.

મોગલોનાં આક્રમણો અને લોકોની દુર્દશાથી તેઓ ખૂબ ક્ષુબ્ધ બન્યા હતા. પ્રજાએ પોતાની અસ્મિતા કેવી રીતે જાળવી રાખવી, સમાન ધ્યેય માટે કેવી રીતે એકત્રિત થઈને કામ કરવું તે વિષે તેમણે લોકોને ઉપદેશ આપ્યો. શિવાજી જેવા રાજા માટે લડાયક જુસ્સો તેમજ બલિદાન આપવાની જરૂરિયાત વિષે તેમણે લોકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે ઉપદેશ આપ્યો હતો :

સૈનિક તો પોતાના લોકોની રક્ષા કરે
કુટુંબની પડખે ઊભો રહે
ઉખેડી નાખે દુશ્મનોને જડમૂળથી

*

દેશ સંકટમાં જ્યારે હોય ત્યારે
સૈનિકે પોતાના જીવનનું
બલિદાન આપવું જોઈએ

યુદ્ધમાં જ્યારે ગોળીઓ, તીરો અને તોપમાળા વરસતા હોય ત્યારે તેણે મોખરે આગળ વધવું જોઈએ.

# નિષ્કર્ષ

ત્રણ સૈકાઓથી વધારે સમયગાળા સુધી મહારાષ્ટ્રની પ્રજાના ધાર્મિક તેમજ સામાજિક વિચારો પર તુકારામનો જબરદસ્ત પ્રભાવ પડ્યો છે. દૂર દૂરનાં ગામોમાં વસતા લોકોમાં તેમણે ભક્તિનો મહિમા પહોંચાડ્યો હતો – છે. તેમની રચનાઓની અગાધ અસરનો અંદાજ સહેજે કાઢી શકાય તેમ નથી. લગભગ દરેકેદરેક પેઢીએ તેમની રચનાઓનું વ્યાપક પ્રમાણમાં ભાવપૂર્વક પઠન, અનુકરણ અને ઉત્સાહપૂર્વક ગાન કર્યું છે. ભક્તમંડળો કે નિરક્ષર ગ્રામજનો પૂરતી તેમની અસર સીમિત રહી નહોતી, પરંતુ સૈકાઓ સુધી તમામ પ્રકારનાં પદ્ય અને ગદ્ય ઉપર તેનો પ્રભાવ પ્રસરી રહ્યો છે. આમાં તેમના પછી લખવામાં આવેલી મોટાભાગની ઉત્તમ કવિતાઓનો પણ સમાવેશ થઈ જાય છે, મરાઠી ભાષાના લગભગ બધા જ મોટા કવિઓએ તુકારામના ઋણનો સ્વીકાર કર્યો છે. તેમના કાવ્યાત્મક રૂઢિપ્રયોગોની અસર વિનાનો કોઈ કવિ શોધવો મુશ્કેલ છે.

અત્યંત અંગત અને રહસ્યમય સ્વરૂપના આંતરિક સંઘર્ષોને તુકારામે સામાન્ય જનજીવનમાંનાં આશ્ચર્યચકિત કરી મૂકે તેવાં કલ્પનો દ્વારા વ્યક્ત કર્યાં છે. લવચિક અભંગોની રચનાઓમાં તેમની લાગણીઓને નાટ્યાત્મક કથનોની સુયોગ્ય વાણીનો લય સાંપડી રહે છે. તુકારામના દરેક લાક્ષણિક અભંગ આઠ અથવા છ અને છ તાલના ચાર અથવા પાંચ પંક્તિઓનો હોય છે. દરેક પંક્તિની મધ્યમાં યતિ હોવાથી, તેનું સરળ રીતે ગાન કરી શકાય છે. ગ્રામજનો રોજ સવારે અને સંધ્યાકાળે આ મધુર અભંગો ગાય છે. વિદ્વાનો પોતાની દલીલોના સમર્થનમાં તેમની ધારદાર પંક્તિઓ ટાંકે છે. પ્રવચનકારો પોતાની વક્તૃત્વ કળા વધારે પ્રભાવશાળી બનાવવા તેમની પંક્તિઓનો ઉપયોગ કરે છે. રાજકારણીઓ, ખેડૂતોય મંત્રમુગ્ધ કરવા તેમની પંક્તિઓ વાપરે છે. તુકારામના રૂઢિપ્રયોગો પરથી મરાઠી નવલકથાઓ અને નાટકોનાં શીર્ષકો બન્યાં છે. તુકારામના ચિરસ્થળી અને પ્રબળ પ્રભાવ વિના મરાઠી ભાષા રંક રહી હોત. દરેક પ્રકારના મનુષ્યને પોતાના ભાવોને બંધબેસતી એવી સંપૂર્ણ અભિવ્યક્તિ તેમણે પૂરી પાડી છે.

તેમની ભાષાની જબરદસ્ત અસરનું રહસ્ય તો રોજબરોજની બોલચાલની

ભાષા અને રૂઢિપ્રયોગોનો કરવામાં આવેલો ઉપયોગ છે. આપણે જાણીએ છીએ કે તેઓ વ્યવહારદક્ષ માણસ હતા. છ સંતાનોના પિતા, સંયુક્ત કુટુંબના વડીલ હતા; તેમણે પોતાની દીકરીઓના પોતાની જ જ્ઞાતિમાં રૂઢિરીતરિવાજ મુજબ પરંપરાગત રીતે લગ્ન કરાવ્યા હતાં. તેમનું સમગ્ર જીવન, સામાન્ય માણસ જેવું જ હતું. પરંપરાગત સંસ્કૃત ઉપમાઓ અને રૂપકોનો તેઓ વારંવાર ઉપયોગ કરે છે તેમ છતાં મૌલિક રૂઢિપ્રયોગો યોજવા માટે તેઓ લોકોમાં વપરાતા સાદાસરળ શબ્દો વાપરવાનું પસંદ કરે છે. તેમનું વલણ ઓછા શબ્દોનો ઉપયોગ કરવાનું રહ્યું છે. ભક્તિના માર્ગને ઉજાગર કરવા, રોજબરોજના દુનિયાદારીનાં રૂપકો અને ઉપમાઓને ઉપયોગમાં લઈ તેમણે સાદી સરળ રચનાઓ કરી છે. એમની રચનાઓમાં દરેકને પોતીકાપણું લાગે છે. તેમાં પોતાના અનુભવોનું પ્રતિબિંબ, પ્રતિઘોષ જણાય છે. બધા વાચકો તેમની રચનાઓનું પઠન કરતાં તેમના સમૃદ્ધ વિશ્વના સમસંવેદનો અનુભવે છે.

જે માધ્યમનો તુકારામ ઉપયોગ કરે છે તે વિષે તેઓ પૂરેપૂરા સભાન હતા.

"આપણી પાસે છે શબ્દોની મૂડી
શબ્દોનાં શસ્ત્રોથી કરીશું યુદ્ધ
આપણા જીવનનો શ્વાસોશ્વાસ છે શબ્દો
લોકોમાં વહેંચીશું શબ્દોની મૂડી
તુકા કહે છે : શબ્દનો અર્થ છે પરમાત્મા
શબ્દથી કરીશું પૂજા અને ભક્તિ"

સામાન્ય માણસના જીવનના પ્રસંગોમાંથી તેમણે મોટા પ્રમાણમાં વિવિધ પ્રકારનાં દૃષ્ટાંતો લીધાં છે. તેમના ભાવનાત્મક અને ધાર્મિક જીવનની પરિપક્વતા તેમના અભંગોમાં સંપૂર્ણતયા જોવા મળે છે, કલ્પનો તો તેમના પોતાના ચિંતનની અત્યંત વ્યક્તિગત નીપજો છે.

જેમ ખેડૂતો વાવણી થાય ત્યાં સુધી
લાશનો અગ્નિદાહ કરતા નથી
તેમ તું આવ્યો પાસે આવ્યો દોડી

*

સાસરે વળાવતી કન્યા વળીવળીને
ઉત્કંઠિત નજરે પાછળ જોયા કરે છે
હે પ્રભુ, એવું જ મારું હૃદય તારા માટે ઝૂરે છે
પોતાની માથી વિખૂટું પડેલું બાળ
બને જેમ બેચેન

અથવા જળ વિના માછલી
આવી છે વેદનાઓ તુકાની

✳

હિસાબનો મેળ ન ખાય ત્યાં લગી
વાણિયાની જેમ દીવા પાસે બેસી રહે આખી રાત

✳

પ્રભુ ! તું છે મારો દેવાદાર
તેં લીધું છે મારી પાસે ભક્તિનું ઋણ
મૂક્યા છે તારા પગ મારા ઘેર ગીરવી
પ્રભુ, મને આપ પ્રેમનું વ્યાજ
ચૂકતે કરી દે તારો હિસાબ

✳

શુભ સમાચાર નિજ સંતાનના
ચિત્ત દઈને જેમ સાંભળે છે માતા
એવી મનઃસ્થિતિ મારી બને ગીત ગાતાં
અને શ્રવણ કરતાં પ્રભુની પ્રશસ્તિ

✳

મોટાં વૃક્ષો ગ્રીષ્મ ઋતુમાં રહે પાંગરી
કોણ કરે છે એનું જળસિંચન ?

✳

યાત્રાળુ જેમ રાતવાસો કરવા આવે છે
અને પરોઢ થતાં જતો રહે છે

એ વાતની નવાઈ નથી કે તુકારામના હજારો ઉદ્ગારોએ મરાઠીમાં કહેવતોનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, કારણ કે તેમાં નક્કર વાસ્તવિકતા અને અત્યંત લયસૌંદર્યનું સંમિશ્રણ છે. ગ્રામીણ અને આબેહૂબ ભાવચિત્રો લોકોનું ધ્યાન આકર્ષીને તેમના હૃદયમાં સોંસરવા પ્રવેશે છે. દાખલા તરીકે :

મચ્છરનું શું કરી શકીએ ?
એની પ્રકૃતિ જ છે સંતાપ આપવાની.

✳

પગરખાં તો ફક્ત પગ માટે જ સારાં

✳

માંકડવાળી પથારીમાં નિદ્રાસુખનો વિચાર કેવો ?

✳

કીડી થઈને જ સાકર ખાઈ શકાય
તુકા કહે છે, નાના બનો, ઇચ્છિત
વસ્તુ પ્રાપ્ત કરવા માટે

*

હે પ્રભુ, નીચું સ્થાન વધારે સારું છે
હરીફો તેથી બને છે બિનઅસરકારક
મહાપૂર મોટાં વૃક્ષોને તાણી જાય છે
નાના વેલાઓ ટકી રહે છે

આ પ્રકારના ઉદ્‌ગારો સરળ મનોવિકારોથી માંડીને સર્વોત્તમ આધ્યાત્મિક ભાવનાઓને આવરી લે છે અને સરળ અને સ્પષ્ટ વિધાનો કાવ્યવાણીમાં કરવાની તેમની ક્ષમતા નોંધપાત્ર છે. સામાન્ય લોકોની બોલચાલની ભાષાનો ચિત્રાત્મક લયનો સતત ઉપયોગ કરવાનો તુકારામનો કીમિયો એમાં પ્રગટ થઈ રહે છે.

જળમાં માછલી કેવી રીતે નિંદર લે છે ?
એ યોનિમાં જન્મ લીધો હોય તે જ જાણી શકે

તેમનાં કલ્પનોના સર્વસામાન્ય લક્ષણો પૈકી મુખ્યત્વે એક તો સચ્ચાઈનો માપદંડ છે. તેમના અભંગોમાં વારંવાર ટાંકણું અને મૂર્તિ, યુદ્ધ અને શૌર્ય, ચોકીદાર અને વફાદારી, સોનું અને શુદ્ધતા, સુખડ અને સાચી જાત, તોલમાપ અને પ્રામાણિક વેપારનાં કલ્પનો જોવા મળે છે. તેમનાં કાવ્યોમાં વારંવાર સચ્ચાઈ, આત્મશુદ્ધિ અને તીવ્ર આત્મસંઘર્ષ વિષે તેમની પાયાની નિસબત નજરે પડે છે. તુકારામને મન જીવન એટલે :

યુદ્ધ કર્યું દિવસ અને રાત
અંદર અને બહાર
દુનિયામાં અને મનની ભીતર

તેમણે પોતાની સરખામણી તોલમાપ સાથે કરી છે.

હું ઘસાઈ ગયો છું તોલમાપની જેમ
સતત વપરાશથી
આ કદરહીન પ્રતિષ્ઠા નાશ પામો

તુકારામના મતથી વ્યભિચારિણી સ્ત્રી જેવી હિંમત અનુકરણ કરવા જેવી છે. આ વિષે તેમનો નીચેનો અભંગ જુઓ :

પોતાના પ્રેમી સાથે મોજમજાહ કરવા
પત્નીએ જોખમમાં મૂકવાનું હોય છે જીવન

કુટુંબ જીવનને એકદા પૂળો મૂક્યા પછી
પાછું વળીને તેણે જોવું ન જોઈએ
તુકા કહે છે : દરેકે એના જેવું
થવું ઘટે હિંમતવાન

*

એ જમાનાના સંદર્ભમાં આવા હિંમતભર્યા કૃત્યની પ્રશંસા 'અધાર્મિક' લાગે, પરંતુ તેમણે ખૂબ નમ્રભાવે આ બધું કર્યું છે. તેઓ કહે છે :

મારા જેવો અધમ, અર્થની સૂક્ષ્મતાએ
કેવી રીતે જાણે ?
વિઠ્ઠલ બોલાવે છે તે, હું તો બોલી નાખું છું

લેખકોને તેમની સલાહ હતી :

તુકા કહે છે, અર્થ સમજાય તેવું જ બોલો
અથવા ચૂપ રહો

તેમના અભંગોમાં સર્વગ્રાહી કાવ્યાત્મકતા અને કુશાગ્ર બુદ્ધિમત્તા વિલક્ષણ રીતે એકત્રિત થયેલાં છે. કેટલાક અભંગોમાં તો કેવળ લય જ ભાવનાની અભિવ્યક્તિ બની રહે છે. અભંગોમાંના લય, વર્ણસગાઈ અને શબ્દમાધુર્ય બધું જ અર્થપૂર્ણ અભિવ્યક્તિ માટે જ કામ આપે છે.

મારા ચક્ષુ થાકી જાય છે તારી રાહ જોતાં
ક્યારે કરાવીશ તારા શરણનાં દર્શન ?

સમકાલીન કવિ નીળોબાએ તુકારામની મહાનતાની પ્રશસ્તિ સંક્ષેપમાં નીચેની પંક્તિઓમાં ગાઈ છે :

આપે તો સંસારના સર્વ સુખો
ભોગવીને તેનો ત્યાગ કર્યો
પશ્ચાત્તાપના અગ્નિમાં
દેહની ઇન્દ્રિયો ભસ્મીભૂત કરી
અનાસક્તિમાં દાખવી શ્રદ્ધા
આપે અહમ્ અને આસક્તિ ત્યજીને
નિજ શાંતિનો પથ પસંદ કર્યો
જય હો, આપનો તુકારામ દાતા
આપ છો તારણહાર સૌના, આપના સ્વજનોમાં
આપે ખરેખર વધાર્યો છે ભક્તિનો મહિમા
સમજાવ્યું છે અનાસક્તિનું મૂલ્ય

દાખવ્યો છે ઉપાય સાર્વત્રિક મુક્તિનો
નિંદકો અને દુષ્ટોની શંકા કરી નામશેષ
આપનો જય હો ! ગુરુદેવ તુકારામ દાતા
આપ છો તારણહાર સૌના, આપના સ્વજનોના

ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે તિરાડ પડી તે પહેલાં મહાન વિચારકો, આધ્યાત્મિક પ્રશ્નોમાં ગળાડૂબ રહેતા હતા. તે પૈકી પ્રખર સર્ગશક્તિ ધરાવનાર તુકારામ હતા. તેમની પ્રથમ નિસબત હતી – જીવન કેવી રીતે જીવવું. તેમને જીવનના વ્યવહારોમાં તીવ્ર યાતનાઓ ભોગવવી પડી હતી તેમ છતાં સર્જન પ્રવૃત્તિમાં તેમણે આનંદ મેળવ્યો, જીવન અર્થપૂર્ણ છે એવું જ્ઞાન ત્રણ સદીઓ પોતાના શ્રોતાઓને સફળ રીતે સમજાવ્યું. પોતાના માટે તો તેમણે દુન્યવી અને દિવ્યજીવનની સીમાઓ ભૂંસી નાખી હતી અને કાળાતીત થઈ ગયા હતા. એટલે તેમણે પ્રસન્નતાપૂર્વક ગાયું છે :

શૂન્યમાં આપણે બાંધ્યું છે ઘર
આપણો સનાતન મુકાય છે નિરાકારમાં
ભમ્રનિરસનમાં બન્યા છીએ અંગભૂત
આપણે છીએ અખંડ એકતાના અંગીકાર કરનારા
તુકા કહે છે : અહમ્ હવે શેષ રહ્યો નથી
એકાકાર થઈ ગયો છે અખંડ પવિત્રતામાં

# પારિભાષિક શબ્દો

અભંગ : મહારાષ્ટ્રમાં ખૂબ જ પ્રચલિત ભક્તિગીત.
ઉદીપ્ત ભાવનાવાળું લોકપ્રિય પ્રાર્થનાગીત.
લાક્ષણિક અભંગમાં આઠ અથવા છ તાલની ચાર અથવા પાંચ પંક્તિઓ હોય છે, દરેક પંક્તિની મધ્યમાં યતિ હોવાથી તેનું સહજ રીતે ગાન કરી શકાય છે.

અદ્વૈત : જીવ અને બ્રહ્મ (જગત અને બ્રહ્મની એકતા)

અવધિકા : વેદોને પ્રમાણભૂત ગ્રંથ તરીકે ન સ્વીકારનાર.

ભજન : ભગવાનની સ્તુતિ : પ્રાર્થના જ્ઞાનની નિરૂપણા હોય તેવું ગેય ભક્તિનું ગીત.

ભક્ત : ભક્તિમાર્ગનો ખાસ અનુયાયી; પ્રભુની આરાધના કરનાર

ભક્તિ : મોક્ષ માટે જ્ઞાનમાર્ગ અને કર્મ માર્ગ કરતાં જુદો જ પરમાત્માની આરાધનાનો પ્રધાનતયા ભાવનાત્મક સ્વરૂપનો એક માર્ગ.

દ્વૈત : ઈશ્વર અને જગત વચ્ચે દ્વૈતનો બુદ્ધિ-ભાવ.
બ્રહ્મ અને જગત : જડ અને ચેતન વગેરે તત્ત્વો એકબીજાથી ભિન્ન છે એવો મત.

એકાદશી : હિંદુ પંચાંગ પ્રમાણે દર પખવાડિયે અગિયારમા દિવસે રાખવામાં આવતા અનશન વ્રતનો દિવસ.

હરિકથા : કીર્તન

કીર્તન : ગાયન અને સંગીત સાથેનું ઈશ્વરનું ગુણવર્ણન : શ્રોતાજનોને હિંદુ પૌરાણિક ગ્રંથો, ધર્મશાસ્ત્રો અને મહા પુરુષોના જીવનથી પ્રશિક્ષિત કરવા માટે ગીતો, ભજનો અને દૃષ્ટાંતો સાથે ભક્તમંડળીમાં ગવાતાં ભજનો ઇત્યાદિ.

કીર્તનકાર : ધાર્મિક આગેવાન તરીકે કીર્તન કરનાર વ્યવસાયી.

કણબી : ખેડૂત : ભૂતકાળમાં મરાઠી જ્ઞાતિ માટેનો સમાનાર્થક શબ્દ.

મહાનુભાવ : તેરમા સૈકામાં ખૂબ જ પ્રભાવશાળી ચક્રધરે મહાનુભાવની –

વૈરાગીઓના ધાર્મિક સંપ્રદાયની સ્થાપના કરી હતી. આ સંપ્રદાયના લોકો વેદોની અવગણના કરતા હતા; બ્રાહ્મણોની ટીકાઓ કરતા હતા. કૃષ્ણ સિવાય બીજા કોઈ દેવનો સ્વીકાર કરતા નહીં. સ્ત્રીઓ તથા શૂદ્રોને સમાનતાનો દરજ્જો અને સ્થાન આપ્યાં હતાં. આજે પણ આ સંપ્રદાય સક્રિય છે. મરાઠી ભાષાને સૌથી પ્રથમ સમૃદ્ધ કરનારા મહાનુભાવ સંપ્રદાયના લેખકો હતા. તેમણે મરાઠીમાં – માતૃભાષામાં લેખનકાર્ય કરવાની પ્રક્રિયા શરૂ કરી અને સંસ્કૃત સામે વિદ્રોહ કર્યો.

મહાર : અસ્પૃશ્ય કોમ; એનો સભ્ય.

માંગ : અસ્પૃશ્ય કોમ-જ્ઞાતિ : એનો સભ્ય.

નાથ : ગૂઢ વિદ્યાઓના ઉપયોગ કરનારા તરીકે જાણીતા, શિવના ભક્તોનો સંપ્રદાય.

પાટીલ : ગામનો મુખ્ય વહીવટી અધિકારી.

સમાધિ : યોગધ્યાનમાં અતિશય પરમાનંદમાં પોતાના દેહમાંથી ત્રણ ત્યાગ; ઊંડા ધ્યાનમાં મનની પરમશાંતિમય અવસ્થા; ચિત્તની એકાગ્રતા માત્ર અભેદ બ્રહ્મ જ સ્ફૂરે તે નિદિધ્યાસનની પરિપક્વ અવસ્થા.

સંન્યાસ : સંસારનો ત્યાગ.
દુન્યવી તમામ માલમિલકતો તેમજ શારીરિક વાસનાઓનો ત્યાગ.

શૂદ્ર : વર્ણાશ્રમનો ચોથો વર્ગ – શ્રમજીવી વર્ગ હિંદુ સમાજવ્યવસ્થામાં લોકોની સેવા કરનાર નિમ્ન જ્ઞાતિ-મહારાષ્ટ્રમાં એક જમાનામાં અ-બ્રાહ્મણ લોકોને શૂદ્ર લેખવામાં આવતા હતા.

વારકરી : તેરમા સૈકામાં બ્રાહ્મણોના અત્યંત રૂઢિવાદના પ્રત્યાઘાત રૂપે નામદેવ અને જ્ઞાનદેવે સ્થાપેલો સંપ્રદાય; આજે પણ મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ખૂબ જ લોકપ્રિય ધાર્મિક સંપ્રદાય; ચંદ્રભાગા નદીના કિનારે આવેલા પંઢરપુર તીર્થક્ષેત્રમાં વિઠ્ઠલના આરાધના કરનાર સંપ્રદાય. ધાર્મિક અને સામાજિક સુધારા માટે ઝુંબેશ કરનાર સંપ્રદાય, સત્તરમા સૈકા સુધી આ સંપ્રદાયના સંતો અને કવિઓએ ઉચ્ચ કક્ષાનાં કાવ્યો રચ્યાં છે. દારૂ અને માંસ ભક્ષણ જેવા કેટલાક નિષેધોનું નિષ્ઠાપૂર્વક પાલન કરનાર અને નિયમિત પંઢરપુરની નિયત સમયે યાત્રા કરનાર, વિઠ્ઠલની ભક્તિ કરનાર એકનિષ્ઠ ભક્ત.

વિઠ્ઠલ : પંઢરપુરમાં પરમાત્માની મૂર્તિ. આ પરમાત્માના ઉદ્ભવ-ઉત્પત્તિ વિષે કોઈ આધારભૂત માહિતી કે વિગતો ઉપલબ્ધ નથી. એમ માનવામાં આવે છે કે વિઠ્ઠલ વિષ્ણુના અવતાર હતા.

Indian ... 11.7.496 15/12/04

આ સહસ્ત્રાબ્દિમાં કદાચ ભક્તિ આંદોલન ભારતીય માનસનો સર્વાધિક તેજસ્વી રચનાત્મક ઉછાળ છે. તુકારામ (1608-1650) ભક્તિની ઉદારવાદી પરંપરાનું મહારાષ્ટ્રીય પ્રતીક છે. એ જાણે કે પોતે જ એક દંતકથા બની ગયા છે: શૂદ્ર જાતિમાં જન્મેલા અને પોતાના વિદ્રોહી સામાજિક ચિંતનની નિરંતર વધતી લોકપ્રિયતાને કારણે રૂઢીવાદીઓ દ્વારા ઉત્પીડિત તુકારામ, રહસ્યમય નિર્વાણ પછી પોતાના સમયની વિભૂતિ બની ગયા. સતત ત્રણ શતાબ્દીઓ પછી પણ મરાઠી ભાષી લોકોના સાંસ્કૃતિક જીવન ઉપર પડેલો એમનો ઊંડો પ્રભાવ આજે પણ જરાય ઓછો થયો નથી. લગભગ દરેક પેઢીના લોકોમાં એમનાં ગીતો વ્યાપક રીતે ગવાય છે, વંચાય છે અને કહેવતો રૂપે ટાંકવામાં આવે છે. એમના વિષયક આ આશ્ચર્યજનક આકર્ષણનું રહસ્ય એમનાં ગીતોમાં પ્રતિબિંબિત ગહન વ્યક્તિગત ધર્મમાં જ રહેલું છે. કોઈપણ સમય કરતાં એમની નૈતિકતા આપણા સમયમાં જ વધારે પ્રાસંગિક છે. વિશ્વ સાહિત્યનો કોઈપણ ગંભીર અભ્યાસી તુકારામની રચનાઓથી અજાણ ન રહી શકે.

તુકારામની સામાજિક પૃષ્ઠભૂમિ, જીવનચરિત્ર તથા ગીતોમાં પ્રતિબિંબિત ગહન અનુભવ વિશ્વનું ભેદક અને સૂક્ષ્મ અધ્યયન અને બિનમરાઠી વાચકો માટે આપવામાં આવેલાં અવતરણોના અનુવાદના કારણે ભાલચંદ્ર નેમાડેનો આ આલેખ સાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસીઓ માટે એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. નેમાડે મરાઠીના પ્રસિદ્ધ લેખક છે, મરાઠવાડા યુનિવર્સિટી (ઔરંગાબાદ)માં સાહિત્ય તથા ભાષાવિજ્ઞાનના પ્રાધ્યાપક છે અને કવિતા માટે સુવિખ્યાત એવી એક મરાઠી પ્રકાશનસંસ્થાની જવાબદારી પણ નિભાવી રહ્યા છે.

Library IIAS, Shimla
GJ 891.461 510 92 T 81 N
00117496